સુવિચાર

જેટલા બીજાને...
"મોંઘા" કરશો એટલા તમે પોતે
સસ્તા થઈ જશો..

# સમય મિરર




SAMAY MIRROR (MORNING DAILY)

samaymirror@gmail.com

RETAIL SELLING PRICE Rs. 3 ■ ANNUAL SUBSCRIPTION Rs. 900 ■ LANGUAGE : GUJARATI

RNI NO:-GUJGUJ/2022/84575

Year-3, Issue-161 ■ DATE : 22-4-2025 ■ TUESDAY ■ Page-10 ■ ચૈત્ર વદ ૯, વિક્રમ સંવત-2081

■ OWNER : ZALA PRADIPSINH GHANSHYAMSINH ■ EDITOR, PRINTER & PUBLISHER : HINESH PRAVINBHAI PANCHOLI ■ MANAGING EDITOR : ZALA PRADIPSINH GHANSHYAMSINH

■ PLACE OF PUBLICATION : 201, JALARAM ASSOCIATE, 20- NEW JAGNATH, DR. YAGNIK ROAD, RAJKOT-360001 (GUJARAT) ■ PRINTED AT SANJ MEDIA SANJ SAMACHAR CORPORATE HOUSE KASTURBA ROAD, NEAR SHARDA BAUG, RAJKOT-360001





ધ વર્લ્ડ એરાઉન્ડ

# તીન બચ્ચે હિન્દુ સચ્ચે પ્રવિણ તોગડિયાનું નવું સૂત્ર

**જોધપુર :** આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના પ્રમુખ પ્રવીણ તોગડિયાએ કહ્યું છે કે, દેશમાં બે બાળકોનો નિયમ સૌ કોઈ પર કાયદો બનાવીને લાગુ કરવો જોઈએ. જો કાયદો લાગૂ કરવામાં સરકાર નિષ્ફળ નિવડે તો અમે ઈચ્છીશું કે, હિન્દુના ત્રણ બાળકો હોય. સોમવારે જોધપુરમાં મીડિયા સાથેની અનૌપચારિક વાતચીતમાં તોગડિયાએ કહ્યું કે અમે વસ્તી નિયંત્રણ માટે કાયદો બનાવીશું. બે બાળકોનો નિયમ બધાને લાગુ પડવો જોઈએ. હિન્દુઓનું નામ શેષ ન થઈ જાય તે માટે, અમારું સૂત્ર છે, 'તીન બચ્ચે હિન્દુ સચ્ચે'. અમે આ અંગેનું અભિયાન શરૂ કરી રહ્યા છીએ. તોગડિયાએ કહ્યું કે તેમનું સંગઠન સતત સક્રિય છે. આ વખતે, અમારા સંગઠનના હજારો કાર્યકરોએ સાથે મળીને ૧૪ સ્થળોએ ૨૪ કલાક દોઢ મહિના સુધી સવા કરોડ લોકોને ભોજન જમાડ્યું. આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ મંગળવાર કે શનિવારે દરેક ગામ અને શહેરમાં લોકોને ભેગા કરી રહી છે અને હનુમાન ચાલીસાના પાઠ કરાવી રહી છે. અત્યાર સુધીમાં ૩૦ હજાર હનુમાન ચાલીસાના પાઠ કરવામાં આવ્યા છે. ૧ વર્ષમાં એક લાખથી વધુ હનુમાન ચાલીસાના પાઠ કરવાની યોજના છે.હિન્દુ વિકાસ અધિકારીની નિમણૂક કરવામાં આવી રહી છેઃ તોગડિયાએ કહ્યું કે જેમ બ્લોકમાં બ્લોક વિકાસ અધિકારી હોય છે. તે રીતે, અમે હનુમાન ચાલીસા કેન્દ્રમાં એક હિન્દુ વિકાસ અધિકારીની નિમણૂક કરી રહ્યા છીએ. જ્યાં પણ હનુમાન ચાલીસાનું આયોજન કરવામાં આવશે, તે ગામ કે શહેરની શેરીમાં કોઈ ગરીબ વ્યક્તિ હશે તો તેને મફત ભોજન, સારવાર અને વકીલ મળશે. વાર્ષિક આરોગ્ય તપાસ, બાળકોને તેમની પ્રતિભા અનુસાર તાલીમ આપવી અને તેમને સ્વરોજગાર સાથે જોડવા એ પ્રાથમિકતા રહેશે.

# જમ્મુ-કાશ્મીરને પૂર્ણ રાજ્યનો દરજ્જો અપાવવા આજથી કોંગ્રેસનું મહાઅભિયાન

**શ્રીનગર :** કોંગ્રેસનું જમ્મુ અને કાશ્મીર એકમ આજે ૨૨ એપ્રિલથી રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવાની માંગ સાથે દોઢ મહિનાનું અભિયાન શરૂ કરવા માટે તૈયાર છે. PTI અનુસાર, કેન્દ્રશાસિત પ્રદેશમાં રાજ્યનો દરજ્જો ઝુંબેશ અને ''બંધારણ બચાવો'' અભિયાનને વધુ તીવ્ર બનાવવાની વ્યૂહરચના પર ચર્ચા કરવા માટે યોજાયેલી બેઠક બાદ પાર્ટી દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે. પાર્ટીના પ્રવક્તાના જણાવ્યા અનુસાર, આ અભિયાન ભાજપના ''વિશ્વાસઘાત'' ને ઉજાગર કરવા અને રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત કરવામાં તથા ચૂંટાયેલી સરકારને સશક્ત બનાવવામાં નિષ્ફળતાને કારણે લોકોની વેદનાઓને દૂર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ બેઠકમાં રાજ્ય એકમના વડા તારિક હમીદ કર્રાનો પણ સામેલ હતા. આ અભિયાન ૨૨ એપ્રિલે જમ્મુના તમામ જિલ્લાઓ અને બ્લોકના વરિષ્ઠ નેતાઓની બેઠક સાથે શરૂ થશે, ત્યારબાદ ૨૯ એપ્રિલે જમ્મુમાં પ્રાંતીય સ્તરની રેલીઓ યોજાશે જેમાં ''મોદી સરકારના બંધારણ પરના હુમલા'' અને વિપક્ષ સામે તેની ''બદલાની રાજનીતિ''નો વિરોધ કરવામાં આવશે. કોંગ્રેસ પાર્ટીએ કહ્યું કે તે લોકોને રોજગાર, ફુગાવા અને કરવેરા મોરચે કેન્દ્રમાં ભાજપની આગેવાની હેઠળની સરકારની ''નિષ્ફળતાઓ'' તેમજ તેની ''વિભાજનકારી અને સાંપ્રદાયિક'' રાજનીતિ વિશે જાગૃત કરશે.

# કેન્દ્ર સરકારની ના છતાં IPLમાં પાન મસાલાની જાહેરાતોનું ખુલ્લેઆમ પ્રદર્શન

**મુંબઈ :** આ વર્ષનો આઈપીએલ હવે રોમાંચક તબકકામાં છે અને અગાઉ પોઈન્ટ ટેબલના તળીયે રહેલી અનેક ટીમો હવે ડાર્ક હોર્ષની જેમ સુપર ૮ માં આવી શકે છે. તેની સાથે હવે વેકેશન પણ શરૂ થઈ જતા દર્શકો વધી જશે. તેમાં હાલમાં જ કેન્દ્ર સરકારે આઈપીએલમાં તંબાકુ, શરાબની એડ. પછી તે સરોગેટ એડ. છુપા સંદેશ તરીકે પણ અન્ય એડ.ની આડમાં તે દર્શાવાતી હોય તેના પર પ્રતિબંધ મુકી દીધો હોવા છતા પણ પાન મસાલાની જાહેરાતો માઉથ ફ્રેશનર તરીકે અને શરાબની સરોગેટ એડ. પ્રદર્શિત થઈ રહી છે અને સરકારની મોનેટરીંગ એજન્સી તેની સામે આંખ આડા કાન કરી રહી છે. પાન મસાલાની એડ.માં તેને માઉથ ફ્રેશનર તરીકે ગણાવાઈ રહી છે અને શરાબની પણ આ પ્રકારની એડ. ચમકે છે. પાન મસાલાની એડ. આઈપીએલમાં કુલ ૧૩% હિસ્સો ધરાવે છે અને બાદમાં બિસ્કીટ તથા ઈ-કોમર્સ કંપનીઓ આવે છે. ટીવી એડ. પર નજર રાખતા પ્લેટફોર્મ 'ટીએએમ'ના જણાવ્યા મુજબ ગત આઈપીએલમાં પાન મસાલાની એડ. ૧૦% હતી તે હવે ૧૩% થઈ ગઈ છે. આ અંગે આઈપીએલ ગવર્નીંગ બોડીના ચેરમેન અરૂણ ધુપ્પલ બ્રોડકાસ્ટની જવાબદારી કરીને હાથ ખંખેરી નાંખે છે પણ બ્રોડકાસ્ટરે કોઈ ખુલાસો કર્યો નથી. પાન મસાલા જે લવીંગ, એલાયચી, ચાંદીના વરખ વિ.ને કલબ કરીને તેને માઉથ ફ્રેશનર તરીકે ગણાવાય છે અને પાન મસાલા ઉત્પાદકોએ આ માટે આઈપીએલની આ સીઝનમાં રૂા.૫૦૦ કરોડનું બજેટ નિશ્ચિત કર્યું છે અને આ પ્રકારેજ શરાબની સરોગેટ એડ આવતી રહી છે. પાનમસાલા અને શરાબની સરોગેટ એડમાં ક્રિકેટરથી લઈને ફિલ્મી સિતારા કે સેલીબ્રીટી ચમકે છે.

## ઉતાવળે

- છત્તીસગઢના બીજાપુરમાં નકસલીઓએ પ્લાન્ટ કરેલા પ્રેશર બોંબ પર પગ પડતા વિસ્ફોટમાં CAFનો એક જવાન શહિદ
- એક મંદિર, એક કૂવો અને એક સ્મશાનની વાત દોહરાવતા સંઘ વડા ભાગવત, જાતિગત મતભેદો સમાપ્ત કરવા અપીલ
- યુપીના રાયબરેલીમાં જાન જોડી પરણવા જઈ રહેલો વરરાજો કારમાંથી ઉતરી ભાગ્યો અને ટ્રેન હેઠળ ઝંપલાવી આત્મ હત્યા કરી : કારણ અંગે ઘેરાતુ રહસ્ય
- NRIને મતદાન માટે ભારત નહીં આવવુ પડે, પોસ્ટલ બેલેટથી મતદાન કરી શકશે : બિન લોકશાહી દેશો વાંધો ઉઠાવે તેવી આશંકા
- UP સરકારની જાહેરાત : વિધવા મહિલા સાથે લગ્ન કરનારને ૨૫ લાખની સહાય આપશે, વિધવાઓની પુત્રીના લગ્ન માટે પણ નાણાંકીય સહાય મળશે
- દુબઈની સુપ્રસિદ્ધ (પિસ્તાવાળી) કુનાફા ચોકલેટની વધતી માંગને કારણે માર્કેટમાં પિસ્તાની તંગી

# કર્ણાટકના ભૂતપૂર્વ DGPની હત્યા તેની પત્નીએ જ કરી હોવાનો ઘટસ્ફોટ

## જમતી વખતે મોં પર મરચાંનો પાઉડર ફેંકી પત્નીએ છરીના ૧૦-૧૨ ઘા આડેધડ ઝીંકી દીધા

**સમય મિરર | બેંગ્લુરુ**

કર્ણાટકના ભૂતપૂર્વ ડીજીપી ઓમ પ્રકાશનો મૃતદેહ રવિવારે બેંગલુરુમાં તેમના ઘરેથી મળી આવ્યો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર હત્યા કેસમાં એક નવો ખુલાસો થયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર બપોરે પતિ-પત્ની વચ્ચે કોઈ વાતને લઈને ઝઘડો થયો હતો.

NDTV અનુસાર આ પછી તેની પત્ની પલ્લવીએ ઓમ પ્રકાશ પર મરચાનો પાવડર ફેંક્યો. તેઓને બાંધી દીધા અને પછી છરીના ઘા મારીને હત્યા કરી દીધી. ૬૮ વર્ષીય ઓમ પ્રકાશ પર પણ કાચની બોટલથી હુમલો કરવામાં આવ્યો હતો.

પુત્ર કાર્તિકેયે એક ટીવી ચેનલને કહ્યું કે, માતા પલ્લવી ઘણી ગંભીર માનસિક બીમારીઓથી પીડાઈ રહી છે. તેઓ ૧૨ વર્ષથી સ્કિઝોફ્રેનિયા (ભ્રમ અને ભય લાગવાની બીમારી)થી પીડાઈ રહ્યા છે, જેના માટે તેઓ સારવાર લઈ રહ્યા છે.

પરિવારના એક સભ્યએ જણાવ્યું કે પલ્લવી પોતાના ભયને લઈને વાત કરતી હતી. પલ્લવીએ દાવો કર્યો હતો કે તેનો પતિ તેના ઉપર હુમલો કરી શકે છે. પલ્લવીએ પરિજનને એવું પણ કહ્યું હતું કે મારા પતિ ઘરમાં બંદૂક લઈને ફરતા રહે છે. લોકોનું એવું પણ કહેવું છે કે પલ્લવી મોટા-ભાગે શંકાની સ્થિતિમાં રહેતી હતી અને કોઈ વાત વિના જ ચિંતામાં રહેતી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, હત્યા બાદ ઓમ પ્રકાશની પત્ની પલ્લવીએ બીજા અધિકારીની પત્ની સાથે વાત કરી અને તેને તેના પતિની હત્યા વિશે માહિતી આપી. પલ્લવીએ તેને કહ્યું- મેં રાક્ષસનો વધ કર્યો.



હત્યા બાદ પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ. પલ્લવી (પત્ની) અને પુત્રીને કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા અને લગભગ ૧૨ કલાક સુધી પૂછપરછ કરવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ, ઓમ પ્રકાશના શરીર, પેટ અને છાતી પર છરીના અનેક ઘા છે. પુત્રની ફરિયાદના આધારે કેસ નોંધાયો રિપોર્ટ અનુસાર ઓમ પ્રકાશ અને તેમની પત્ની પલ્લવી વચ્ચે મિલકતને લઈને વિવાદ હતો. ઓમ પ્રકાશે મિલકત એક સંબંધીને ટ્રાન્સફર કરી હતી. આ કારણે બંને વચ્ચે ઝઘડા થયા, જે બાદમાં મારા-મારી સુધી પહોંચી.

પોલીસ તપાસ કરી રહી છે કે હત્યામાં તેમની પુત્રીની કોઈ ભૂમિકા છે કે નહીં. ઓમ પ્રકાશના પુત્રની ફરિયાદના આધારે કેસ નોંધવામાં આવ્યો છે. બેંગલુરુના એડિશનલ પોલીસ કમિશનર વિકાસ કુમારે જણાવ્યું હતું કે પોલીસને રવિવારે સવારે લગભગ ૪ વાગ્યે નિવૃત્ત અધિકારીના મૃત્યુની માહિતી મળી હતી. કર્ણાટકના ગૃહમંત્રી જી પરમેશ્વરાએ કહ્યું કે, 'ઓમ પ્રકાશની હત્યા કરવામાં આવી છે. પ્રારંભિક માહિતી સૂચવે છે કે તેમની પત્નીએ ગુનો કર્યો છે, પરંતુ તેની તપાસ ચાલી રહી છે.

ઓમ પ્રકાશ બિહારના રહેવાસી હતા ૧૯૮૧ બેચના આઈપીએસ અધિકારી ઓમ પ્રકાશે ૨૦૧૫ થી ૨૦૧૭ સુધી રાજ્યના ડીજીપી અને આઈજીપી તરીકે સેવા આપી હતી. બિહારના વતની પ્રકાશે હરપનહલ્લી (તે સમયે બેલ્લારી જિલ્લો) માં વધારાના પોલીસ અધિક્ષક (એએસપી) તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી.

તેમણે લોકાયુક્ત, ફાયર વિભાગ અને ઈમરજન્સી સેવા અને ગુના તપાસ વિભાગ (CID) માં DIG તરીકે પણ સેવા આપી હતી. માર્ચ ૨૦૧૫ માં તેમને રાજ્યના DGP તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને ૨૦૧૭ માં નિવૃત્ત થયા હતા.

# દિલ્હીમાં 'આપ' મેયરની ચૂંટણી નહીં લડે, ભાજપના ઉમેદવાર મેયર-ડે મેયર પદે બિનહરીફ ચૂંટાશે

## પૂર્વ CM આતિશી અને દિલ્હી પાર્ટી પ્રમુખ ભારદ્વાજની જાહેરાત

**સમય મિરર | નવી દિલ્હી**

વિધાનસભા ચૂંટણીમાં હાર બાદ હવે આમ આદમી પાર્ટી (AAP)એ દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન (MCD)ની ચૂંટણી ન લડવાનો નિર્ણય લીધો છે. પૂર્વ મુખ્યમંત્રી આતિશી અને દિલ્હી પાર્ટી પ્રમુખ સૌરભ ભારદ્વાજે સોમવારે આ માહિતી આપી હતી.

પાર્ટીની પ્રેસ કોન્ફરન્સમાં, બંને નેતાઓએ કહ્યું કે ભાજપે અગાઉ પણ MCD ચૂંટણીઓ અટકાવી દીધી હતી. સીમાંકન દરમિયાન વોર્ડને બીજી જગ્યાએ ખસેડવામાં આવ્યા હતા. સીમાંકન દરમિયાન ભારે અનિયમિતતા અને ભ્રષ્ટાચાર થયો હતો. આમ છતાં, ચૂંટણી હારી ગઈ અને AAP એ સરકાર બનાવી.

આ પછી પણ, ભાજપના કાઉન્સિલરોએ MCD બેઠકોમાં ઘણું નાટક કર્યું. સૌરભ ભારદ્વાજે કહ્યું કે ભાજપ અમારા કાઉન્સિલરોને ડરાવી, ધમકાવી અને લાલચ આપીને પોતાના પક્ષમાં લાવવાનો પ્રયાસ કરી રહી છે. જે બાદ અમે નિર્ણય લીધો છે કે આ વખતે અમે મેયરની ચૂંટણીમાં અમારા ઉમેદવારને ઉભા રાખીશું નહીં.

ભારદ્વાજે કહ્યું કે, કોઈપણ અવરોધ વિના, ભાજપે પોતાનો મેયર બનાવવો જોઈએ અને કોઈપણ બહાના બનાવ્યા વિના ચાર એન્જિનવાળી સરકાર ચલાવવી જોઈએ અને દિલ્હીના લોકોને પોતાનું કામ બતાવવું જોઈએ. AAPના આ નિર્ણય સાથે, દિલ્હીના મેયર પદ માટે ભાજપના ઉમેદવારની બિનહરીફ ચૂંટણી હવે નિશ્ચિત છે.

AAPની પ્રેસ કોન્ફરન્સ બાદ, ભાજપે મેયર અને ડેપ્યુટી મેયર ઉમેદવારોની જાહેરાત કરી છે. પાર્ટીએ સરદાર રાજા ઈકબાલ સિંહને મેયર અને જય ભગવાન યાદવને ડેપ્યુટી મેયર ઉમેદવાર બનાવ્યા છે. બંને આજે ઉમેદવારી નોંધાવશે.

MCD ચૂંટણીમાં AAP એ ભાજપને વોકઓવર આપ્યું છે. પરંતુ જો ચૂંટણી થાય તો બહુમતી પણ ભાજપની તરફેણમાં છે. MCDમાં હાલમાં ૨૩૮ કાઉન્સિલર છે. જો લોકસભા અને રાજ્યસભાના સાંસદો અને નામાંકિત ધારાસભ્યોનો સમાવેશ કરીએ, તો કુલ સંખ્યા ૨૬૨ સુધી પહોંચે છે. એટલે કે પોતાના મેયરને ચૂંટવા માટે ૧૩૨ મતોની જરૂર છે. જો આપણે ભાજપના ૧૧૭ કાઉન્સિલરો, ૭ લોકસભા સભ્યો અને ૧૧ નામાંકિત ધારાસભ્યોના મત ઉમેરીએ તો આંકડો૧૩૫ સુધી પહોંચે છે, જે બહુમતી કરતા ૩ વધુ છે.

# રામબનમાં ફસાયેલા તમામ ગુજરાતી પ્રવાસીઓ સુરક્ષિત : સેનાના જવાનોએ કેમ્પસમાં ભોજન કરાવ્યું

**સમય મિરર | નવી દિલ્હી**

જમ્મુ કાશ્મીરના રામબનમાં અચાનક ખરાબ હવામાન થવાના કારણે ગુજરાતી મુસાફરોની એક બસ ફસાઈ ગઈ હતી. આ બસમાં ગાંધીનગરના ૩૦ અને બનાસકાંઠાના ૨૦ જેટલા ગુજરાતી મુસાફરો પરત આવતા હતા. આ દરમિયાન ભારે વરસાદના કારણે ભૂસ્ખલન થતા રામ-બનમાં બસ ફસાઈ ગઈ હતી અને ગુજરાતી પ્રવાસીઓ ફસાઈ ગયા હતાં. બનાસકાંઠાના કલેક્ટરે જમ્મુ કાશ્મીરમાં કલેકટર સાથે વાતચીત કરી બચાવ અને રાહતની કામગીરી સહિત મદદ પુરી પાડવા ચર્ચા કરી હતી.

રામબનના કલેક્ટર અને એક મુસાફરો પાસેથી મળેલી માહિતી મુજબ, જિલ્લા વહીવટીતંત્રની ટીમ બસના સ્થળે પહોંચી ગઈ હતી અને મુસાફરોને ભોજન કરાવ્યુ હતું. બસ હાલમાં સલામત સ્થળે છે. સવારે નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવશે અને જરૂર પડ્યે તબીબી ટીમ તૈનાત કરવામાં આવશે. બપોરે, હવામાનની સ્થિતિને આધારે, જિલ્લા વહીવટીતંત્ર બસને બનિહાલ રૂટથી ખસેડવાનો પ્રયાસ કરાશે. જમ્મુ કાશ્મીરના રામબનમાં લેન્ડ સ્લાઈડીંગની ઘટનામાં ફસાયેલા ગુજરાતના બધા જ ૫૦ યાત્રીકો સુરક્ષિત અને સલામત છે તેમ રાહત કમિશનર આલોક કુમાર પાંડેએ જણાવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને આ લેન્ડ સ્લાઈડીંગની ઘટનામાં ગુજરાતી યાત્રિકો ફસાયા હોવાની જાણ થતાં જ તેમણે રાહત કમિશનર તંત્રને જમ્મુ કાશ્મીર સરકારના સંબંધિત તંત્રનો સંપર્ક કરી આ યાત્રાળુઓની સુરક્ષા સલામતીનો પ્રબંધ કરવા સૂચના આપી હતી. મુખ્યમંત્રીની સૂચના અને દિશા નિર્દેશોને પગલે ગુજરાત સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા જમ્મુ કાશ્મીરના સંબંધિત તંત્ર વાહકોનો તાત્કાલિક સંપર્ક કરીને ગુજરાતના યાત્રિકોની સુરક્ષા-સલામતિ સુનિશ્ચિત કરવામાં આવી હતી.રાહત કમિશનર પાંડેએ આ સંદર્ભમાં વધુ વિગતો આપતા કહ્યું કે, ગુજરાતના પ્રવાસીઓની ટ્રાવેલ્સ બસ લેન્ડ સ્લાઈડીંગથી દૂર સેઈફ ઝોનમાં છે તેમજ બધા જ મુસાફરો પણ સુરક્ષિત છે.આર્મીના જવાનોએ ગુજરાતના આ મુસાફરોને ભોજન, પાણી વગેરે પહોંચાડ્યું છે. એટલું જ નહીં, તમામ યાત્રીકોની રહેવા તથા જમવાની વ્યવસ્થા પણ આર્મી કેમ્પ ખાતે કરવામાં આવી છે.

ગુજરાતના આ મુસાફરોને હાલ કોઈ મેડિકલ ઈમરજન્સી પણ નથી તેમજ જમ્મુ કાશ્મીર પ્રશાસન દ્વારા લેન્ડ સ્લાઈડીંગમાં ફસાયેલી ટ્રાવેલ બસને સુરક્ષિત રીતે બહાર કાઢવાની કામગીરી હાથ ધરાઈ રહી છે તેમ પણ રાહત કમિશનરે ઉમેર્યું હતું.આ વિષયે વધુ માહિતી માટે ગાંધીનગર સ્થિત સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના કોન્ટેક નંબર ૦૭૯ ૨૩૨ ૫૧૯૦૦ પર સંપર્ક કરવા અનુરોધ કર્યો છે. ગુજરાત પોલીસ સેન્ટ્રલ આઈ.બી. સહિત જમ્મુ-કાશ્મીર પ્રશાસન સાથે સતત સંપર્કમાં છે. ગુજરાત સરકાર અને પોલીસે તાત્કાલિક જમ્મુ કાશ્મીર પ્રશાસનના સંપર્કમાં રહી ગુજરાતના પ્રવાસીઓની સલામતી સુનિશ્ચિત કરી છે'.

# રમખાણગ્રસ્ત મુર્શિદાબાદથી પરત ફર્યા બાદ પ.બંગાળના રાજ્યપાલની તબિયત લથડી

## છાતીમાં દુઃખાવાની ફરિયાદ બાદ હોસ્પિટલમાં દાખલ

**સમય મિરર | કોલકત્તા**

પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સીવી આનંદ બોઝની તબિયત લથડી છે. છાતીમાં દુખાવાની ફરિયાદ બાદ તેમને કોલકાતાની કમાન્ડ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રી મમતા બેનર્જી હોસ્પિટલ પહોંચ્યા અને તેમના સ્વાસ્થ્ય વિશે પૂછપરછ કરી. બેઠક બાદ મમતા બેનર્જીએ કહ્યું કે હું રાજ્યપાલને મળવા ગઈ હતી. તેમની તબિયત સારી નથી અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.રાજભવનના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે શનિવારે રમખાણોગ્રસ્ત મુર્શિદાબાદથી પાછા ફર્યા બાદ બોઝે છાતીમાં દુખાવો થવાની ફરિયાદ કરી હતી. જે બાદ તેમને કમાન્ડ હોસ્પિટલ-માં દાખલ કરવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રી મમતા બેનર્જી સોમવારે બપોરે રાજ્યપાલની તબિયત જાણવા કમાન્ડ હોસ્પિટલ પહોંચ્યા હતા. રાજ્યપાલની તબિયત પૂછ્યા બાદ પત્રકારો સાથે વાત કરતા, મમતા બેનર્જીએ કહ્યું કે રાજ્યપાલ બોઝને વધુ સારવાર અને વિશેષ સંભાળ માટે કમાન્ડ હોસ્પિટલથી કોલકાતાની એપોલો હોસ્પિટલમાં ખસેડવાની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

હાવડાના ડુમુરજોલા હેલિપેડ પર હેલિકોપ્ટરમાં ચઢતા પહેલા બેનર્જીએ પત્રકારોને જણાવ્યું હતું કે, ''હું રાજ્યપાલને કમાન્ડ હોસ્પિટલમાં મળી કારણ કે તેમની તબિયત ખરાબ છે. મેં મારા મુખ્ય સચિવને આ સંદર્ભમાં જરૂરી પગલાં લેવા સૂચના આપી છે.

રાજભવનના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે શનિવારે રમખાણોગ્રસ્ત મુર્શિદાબાદથી પાછા ફર્યા બાદ બોઝે છાતીમાં દુખાવો થવાની ફરિયાદ કરી હતી. રાજ્યપાલ કાર્યાલયે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડ્યું નથી પરંતુ સૂત્રો જણાવે છે કે તેમની તબિયત હાલમાં સ્થિર છે.

# મહારાષ્ટ્રમાં મરાઠીને જ પ્રાથમિકતા, હિન્દી થોપવામાં નહીં આવે : CM ફડણવીસ

**સમય મિરર | મુંબઈ**

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે રાજ્ય પર હિન્દી ભાષા લાદવામાં આવી રહી નથી. આપણે એ સમજવાની જરૂર છે કે મરાઠીને બદલે હિન્દી ફરજિયાત બનાવવામાં આવી નથી. મરાઠી ભાષા ફરજિયાત છે.

તેમણે કહ્યું- નવી શિક્ષણ નીતિમાં જણાવાયું છે કે વિદ્યાર્થીઓને શીખવવામાં આવતી ત્રણ ભાષાઓમાંથી બે ભારતીય ભાષાઓ હોવી જોઈએ. નવી શિક્ષણ નીતિએ ત્રણ ભાષાઓ શીખવાની તક પૂરી પાડી છે. ભાષા શીખવી મહત્વપૂર્ણ છે.

તેમણે કહ્યું કે નિયમ કહે છે કે આ ત્રણ ભાષાઓમાંથી બે ભારતીય હોવી જોઈએ. મરાઠી ભાષાને પહેલાથી જ ફરજિયાત બનાવવામાં આવી રહી છે. તમે હિન્દી, તમિલ, મલયાલમ કે ગુજરાતી સિવાય બીજી કોઈ ભાષા લઈ શકતા નથી.

આ દરમિયાન, મહારાષ્ટ્ર સરકારની ભાષા સલાહકાર સમિતિએ રવિવારે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને ધોરણ ૧ થી ૫ ના વિદ્યાર્થીઓ માટે હિન્દીને ફરજિયાત ત્રીજી ભાષા બનાવવાના નિર્ણયને પાછો ખેંચવા વિનંતી કરી. હકીકતમાં મહારાષ્ટ્રના વિરોધ પક્ષો, ખાસ કરીને શિવસેના (UBT) અને MNS એ આરોપ લગાવ્યો છે કે રાજ્ય સરકારે નવી શિક્ષણ નીતિ (NEP) હેઠળ ત્રિભાષી સૂત્રના અમલને મંજૂરી આપ્યા પછી મહા-રાષ્ટ્રમાં હિન્દી લાદવામાં આવી રહી છે.

સીએમ ફડણવીસને લખેલા પત્રમાં, ભાષા મુક્તિ સમિતિના વડા લક્ષ્મીકાંત દેશમુખે દાવો કર્યો હતો કે SCERT (સ્ટેટ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ) એ હિન્દીને આગળ લાવતાં પહેલા તેમના મંતવ્યો અને સૂચનો ધ્યાનમાં લીધા ન હતા.

સરકારે ભાષા બાબતો પર સલાહ આપવા માટે એક ભાષા સલાહકાર સમિતિની નિમણૂક કરી છે, પરંતુ SCERT એ પેનલ પર વિચાર કર્યો નથી.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં કોઈપણ ભાષા ફરજિયાત બનાવવામાં આવી નથી. તેનાથી વિપરીત ગઊડ જણાવે છે કે શિક્ષણ માતૃભાષાના માધ્યમથી આપવું જોઈએ. તેથી, હિન્દીને ત્રીજી ભાષા તરીકે ફરજિયાત બનાવવી યોગ્ય નથી.

શિક્ષણના કોઈપણ સ્તરે હિન્દી ફરજિયાત ન બનાવવી જોઈએ. તેના બદલે શક્ય તેટલું ઓછું હિન્દીનો ઉપયોગ કરવાની નીતિ અપનાવવી જોઈએ. હિન્દી એ રોજગાર, આવક, પ્રતિષ્ઠા કે જ્ઞાનની ભાષા નથી.

રાજ્યના શિક્ષણ મંત્રી દીપક કેસરકરે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓને ભાષાની મૂળભૂત સમજ મળે તે માટે ફક્ત ધોરણ ૧ થી ૫ સુધી હિન્દી શીખવ-વામાં આવશે. આ વિવાદ ગેરસમજને કારણે થયો છે, કારણ કે અગાઉના માળખા હેઠળ ધોરણ ૫ થી ૭ સુધી હિન્દી ફરજિયાત વિષય હતો.

તેમણે કહ્યું- ધોરણ ૫, ૬ અને ૭ માટે હિન્દી પહેલાથી જ ફરજિયાત હતી. હવે ધોરણ ૬ માંથી તે ફરજિયાતતા દૂર કરવામાં આવી રહી છે. હિન્દી ફક્ત પ્રાથમિક સ્તરે - ધોરણ ૧ થી ૫ સુધી - શીખવવામાં આવશે જેથી વિદ્યાર્થીઓ દેશભરમાં વ્યાપકપણે બોલાતી ભાષાની મૂળભૂત સમજ મેળવી શકે. ગયા વર્ષે ઓક્ટોબરમાં, કેન્દ્ર સરકારે લાંબા સમયથી ચાલી આવતી માંગણીને પૂર્ણ કરીને મરાઠીને શાસ્ત્રીય ભાષાનો દરજ્જો આપ્યો. કેન્દ્રએ કહ્યું હતું કે શાસ્ત્રીય ભાષાનો દરજ્જો મળવાથી ખાસ કરીને શિક્ષણ અને સંશોધન ક્ષેત્રે રોજગારની તકો વધશે.

### ઉનાળામાં આ વર્ષે રાજકોટ શહેર રાજ્યમાં સૌથી વધારે ગરમ રહ્યું

# રાજ્યમાં આજથી ફરી તાપ : પરસેવે રેબઝેબ કરશે

## તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી વધારો થવાની આગાહી : ૪૨ ડિગ્રી સુધી જવાની શક્યતા

**સમય મિરર | અમદાવાદ**

અત્યારસુધી ગુજરાતનાં અન્ય શહેરોમાં પણ અમદાવાદમાં પડતી ગરમીની ચર્ચા થતી રહી છે. આ વર્ષની વાત કરીએ તો એપ્રિલ મહિનાના ૨૦ દિવસમાં અમદાવાદ કરતાં રાજકોટ શહેરમાં ગરમી વધુ નોંધાઈ છે. એપ્રિલના ૨૦માંથી ૧૯ દિવસ રાજકોટ શહેરમાં અમદાવાદ કરતાં વધુ ગરમી નોંધાઈ છે. ૧થી ૨૦ એપ્રિલ દરમિયાન રાજકોટમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રી કરતાં વધુ જ રહ્યો છે. અહીં મહત્તમ તાપમાન ૯મી એપ્રિલે ૪૫.૨ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે અમદાવાદમાં આ સમયગાળા દરમિયાન ૧૦મી એપ્રિલે સૌથી વધુ ૪૩.૩ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

રાજ્યમાં આજે અને આવતીકાલે હવામાનની આગાહીની વાત કરીએ તો આજે વાતાવરણમાં ખાસ ફેરફાર જોવા નહીં મળે, પણ આવતીકાલથી મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો થતાં મોટા ભાગનાં શહેરોમાં ગરમીનો પારો ૪૨ ડિગ્રીએ પહોંચી શકે છે.

સામાન્ય રીતે અમદાવાદ શહેરમાં સૌથી વધુ ગરમી નોંધાતી હોય છે. એપ્રિલ મહિનાની વાત કરીએ તો શરૂઆતના ૨૦ દિવસ દરમિયાન અમદાવાદ કરતાં રાજકોટ વધુ ગરમ રહ્યું છે. ૧થી ૨૦ એપ્રિલના આંકડાની વાત કરીએ તો ૧૯ દિવસ એવા છે, જેમાં અમદાવાદ કરતાં રાજકોટનું મહત્તમ તાપમાન વધુ નોંધાયું હોય.

ગુજરાતીઓ હવે ફરી ગરમીમાં શેકાવા માટે તૈયાર રહેજો. હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી સમયને લઈને આગાહી કરવામાં આવી છે, જેમાં આવનારા ૩ દિવસ સુધી તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો વધારો થવાની શક્યતા છે તેમજ આવનારા ૩ દિવસમાં દરિયાકાંઠાવ-ળા વિસ્તારમાં ગરમ અને ભેજવા-ળું હવામાન રહેશે. ગુજરાત રીજન માટે મહત્તમ તાપમાન ૪૦થી ૪૩ ડિગ્રી સુધી રહેશે. આજથી લઈને ૨૫ એપ્રિલ સુધી સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં પણ મહત્તમ તાપમાન ૪૦થી ૪૩ ડિગ્રી જેટલું રહેશે. આવનારા ૩ દિવસમાં દરિયાકાંઠાવાળા વિસ્તારોમાં ગરમ અને ભેજવાળું હવામાન રહેશે.



રાજ્યમાં સૂરજદેવતાનો પ્રકોપ દિવસે ને દિવસે વધી રહ્યો છે, એટલે કે ગરમીના કારણે રાજ્યમાં લોકો ત્રાહિ મામ પોકારી ઊઠ્યા છે. બપોરના સમયે ટ્રાફિક સિગ્નલોના કારણે રસ્તા પર લોકોને દોઢથી બે મિનિટ જેટલો સમય દરેક પોઈન્ટ પર ઊભા રહેવું પડતું હોવાના કારણે ગરમીથી લોકો ત્રાહિ મામ પોકારી ઊઠ્યા છે. લોકોની હાલાકીને ધ્યાનમાં લઈ અને હીટવેવની આગાહીને ધ્યાનમાં લઈ લોકો લૂથી બચી શકે એટલા માટે સુરત શહેરના સિગ્નલ બપોરના સમય દરમિયાન બંધ રાખવાનો નિર્ણય સુરત શહેર ટ્રાફિક વિભાગ દ્વારા લેવામાં આવ્યો છે, જેથી રવિવારથી તમામ સિગ્નલ બપોરે બંધ રાખવામાં આવ્યાં હતાં. આગામી અઠવાડિયા સુધી બપોરના સમયે સિગ્નલ બંધ રાખશે.

### આજે શહેરોમાં મહત્તમ તાપમાનની આગાહી

| શહેર | તાપમાન |
|---|---|
| અમદાવાદ | ૪૦ ડિગ્રી |
| સુરત | ૩૭ ડિગ્રી |
| વડોદરા | ૩૯ ડિગ્રી |
| રાજકોટ | ૪૦ ડિગ્રી |
| ભાવનગર | ૩૮ ડિગ્રી |
| ભુજ | ૩૮ ડિગ્રી |
| ડીસા | ૩૯ ડિગ્રી |
| નલિયા | ૩૫ ડિગ્રી |
| દ્વારકા | ૩૩ ડિગ્રી |
| પોરબંદર | ૩૫ ડિગ્રી |

# સમય મિરર

samaymirror@gmail.com | SAMAY MIRROR (MORNING DAILY) | RNI NO:-GUJGUJ/2022/84575

DATE : 22-4-2025




# 24 કેરેટ ગોલ્ડ 99,400 સિલ્વર 98,500ને પાર



## શેરબજારમાં સતત પાંચમા દિવસે તેજીનો માહોલ : સેન્સેક્સ 79,000 અને નિફ્ટી 24,000ને પાર : રોકાણકારો 6 લાખ કરોડ કમાયા

**સમય મિરર । મુંબઈ**

વૈશ્વિક ટ્રેડ વોર વચ્ચે સોનામા સતત તેજીને લીધે આજે લોકલ માર્કેટમા ૨૪ કેરેટ શુધ્ધ સોનાનો ભાવ રૂ. ૯૯૪૦૦ બોલાયો હતો. ચાંદી પણ સાથે ૯૮૫૦૦ પ્રતિ કિલો ટ્રેડ થઇ હતી. આજે સવારે બજાર ખુલતા જ કોમોડીટી માર્કેટમા સોનાનાં ૧૦૦ ગ્રામ બિસ્કીટના ભાવમા રૂ. ૧૦ હજારનો વધારો નોંધાયો હતો. આ સાથે જ એક બે દિવસમા ૨૪ કેરેટ ફાઇન ગોલ્ડનો ભાવ ૧ લાખ રૂપિયાને પાર થઇ જાશે તેવુ બજારના સુત્રો જણાવી રહયા છે.

અમેરીકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનાં ટેરીફ વોરના કારણે વૈશ્વિક રોકાણકારો હવે પીળી ધાતુ તરફ વળી રહયા છે. લંડન મેટલ એક્ષચેંજમા સોનામા ભારે તેજી જોવા મળતા પ્રતિ ઔંસ ભાવ ૩૩૫૦ ડોલરને પાર ચાલ્યો ગયો છે. જેની સીધી અસર ભારતના બુલિયન માર્કેટ પર પણ પડી છે. લોકલ માર્કેટમા આજે સોનાનો ભાવ ૨૪ કેરેટનો રૂ. ૯૯૪૦૦ બોલાયો હતો. શનિવારે હાજર માર્કેટમા સોનુ ૯૮૪૦૦ સુધી ટ્રેડ થયુ હતુ. આજે બુલિયન માર્કેટમા ચાંદીના ૧ કિલોના ચોરસાનો ભાવ ૯૭૦૦૦ જયારે ૯૯૯ પ્યોર ચાંદી પેટી ૧ કિલોનો ભાવ ૯૮૬૭૫ બોલાયો હતો. આ સાથે જ ડોલર સામે રૂપિયો પણ મજબુત સ્થિતિએ ટ્રેડ થઇ રહયો છે. ડોલર સામે રૂપિયો ૮૫.૧૩ નાં લેવલે ટ્રેડ થયો છે અને એલએમઇ માર્કેટમા સોનુ ૩૩૭૪ ડોલર ટ્રેડ થઇ રહયુ છે. આર્થિક નિષ્ણાંતોના મતે સોનામા હજી પણ તેજી જળવાય રહે તેવી શકયતાઓ છે. યુક્રેન રશિયા યુધ્ધ તેમજ ઇઝરાયલ હમાસ યુધ્ધ બાદ વૈશ્વિક લેવલે સોનામા રોકાણ આકર્ષક બની રહયુ છે. ટ્રમ્પની ટેરીફ વોરના પગલે વિશ્વનાં શેરબજારોમા ભારે ઉથલ પાથલ વચ્ચે સોનામા વણથંભી તેજી ચાલુ છે.

શેરબજારમાં તેજીનો નવો દોર શરૂ થયો હોય તેમ આજે સોમવારે સળંગ પાંચમા દિવસે ઉછાળો નોંધાયો હતો. હેવીવેઈટ સહિત તમામ શેરોમાં ઓલરાઉન્ડ લેવાલીથી સેન્સેકસ ૧૦૦૦ પોઈન્ટથી વધુ ઉંચકાયો હતો. બેંક ઈન્ડેકસ નવી ઉંચાઈએ પહોંચ્યો હતો.

ઈન્વેસ્ટરોની સંપતિમાં ૬ લાખ કરોડનો વધારો થયો હતો. બીજી તરફ સોનામાં પણ રૂા.૯૯૬૦૦ ની નવી ઉંચાઈ જોવા મળી હતી અને ભાવમાં એક લાખથી મામુલી અંતર જ બાકી રહ્યું હતું.

અમેરિકાએ ટેરિફ મુલત્વી રાખ્યો હોવાથી ગત સપ્તાહથી દુનિયાભરનાં શેરબજારો તેજીથી ધમધમી રહ્યા છે.ભારત પણ તેમાંથી બાકાત નથી. આજે સળંગ પાંચમા દિવસે ઉછાળો હતો.ટેરિફ-ટ્રેડવોરનો ગભરાટ દુર થવા ઉપરાંત લોકલ પ્રોત્સાહક પરિબળોએ તેજીને ટેકો આપ્યો હતો.

વિદેશી નાણા સંસ્થાઓ નવેસરથી ખરીદી કરવા ઉતરી પડી હોવાથી સારી અસર હતી. આ સિવાય ચોમાસુ નોર્મલ કરતા પણ સારૂ રહેવાની આગાહી મોંઘવારીમાં ઘટાડો, વ્યાજદર વધુ ઘટવાનો આશાવાદ, યુદ્ધનો નિવેડો આવવાના સંકેત સહિતના કારણોનો સધીયારો મળ્યો હતો.

જાણીતા શેરબ્રોકરોનાં કહેવા પ્રમાણે નેગેટીવ કારણોનું સ્થાન પોઝીટીવ પરિબળોએ લઈ લેતાં માનસ પલટાયું છે. હવે ઈન્વેસ્ટરોનો પણ વિશ્વાસ ઉભો થશે એટલે તેજી વધુ આગળ ધપી શકે છે.

**ડોલર સામે આગેકૂચથી રૂપિયો 27 પૈસા મજબૂત થયો**

સેન્સેકસ ગુરૂવારના ૭૮૫૫૩નાં બંધ લેવલ સામે આજે ૩૫૦ પોઈન્ટ ઉછળીને ૭૮૯૦૩ પર ખુલ્યો હતો. તે જ સમયે, NSE નિફ્ટી ૯૮.૨૦ (૦.૪૧%) વધીને ૨૩,૯૪૯.૧૫ના સ્તર પર ખુલ્યો. ગત અઠવાડિયે સોમવારે બાબા આંબેડકર જંયતિ અને શુક્રવારે ગુડફ્રાઈડના કારણે બજાર બંધ રહ્યા બાદ આજે સપ્તાહના આરંભમાં બજારની સારી શરૂઆત થઈ હતી. ગયા અઠવાડીયે ચાર દિવસની તેજીમાં, સેન્સેક્સ ૪,૭૦૬.૦૫ પોઈન્ટ અથવા ૬.૩૭ ટકા વધ્યો હતો. અને નિફ્ટી ૧,૪૫૨.૫ પોઈન્ટ અથવા ૬.૪૮ ટકા વધી હતી. આજે બેંકીંગ સેકટરમા સારા પરીણામોને પગલે બેંક નીફ્ટીમા તોફાની તેજી જોવા મળી હતી અને બેંક નીફ્ટી ૫૫૨૦૦ નાં નવા લેવલ પર પહોંચી ગઇ હતી.

શેરબજારમાં આજે મોટાભાગનાં શેરોમાં તેજી હતી. એચસીએલ ટેકનો, એચડીએફસી બેંક, ઈન્ડુસસાઈડ બેંક, ઈન્ફોસીસ, કોટક બેંક, લાર્સન, મહિન્દ્રા, મારૂતી, પાવરગ્રીડ, રીલાયન્સ, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ, ટીસીએસ, ટાઈટન બજાજ ફાઈનાન્સ ટ્રેન્ટ વગેરે ઉંચકાયા હતા. ભારતી એરટેલ, હિન્દ લીવર, અદાણી પોર્ટ, એશીયન પેઈન્ટસ ભારતી એરટેલમાં ઘટાડો હતો.

મુંબઈ શેરબજારનો સેન્સીટીવ ઈન્ડેકસ ૮૧૬ પોઈન્ટના ઉછાળાથી ૭૯૪૧૦ હતો તે ઉંચામાં ૭૯૬૩૦ તથા નીચામાં ૭૮૭૭૬ હતો નેશનલ સ્ટોક એકસચેંજનો નીફટી ૨૧૪ પોઈન્ટ ઉંચકાઈને ૨૪૧૨૯ હતો તે ઉંચામાં ૨૪૧૮૨ તથા નીચામાં ૨૩૯૦૩ હતો.

મીડકેપ નીફટીમાં ૧૩૦૦ પોઈન્ટનો ઉછાળો હતો જયારે બેંક નીફટી ૫૫૪૩૩ ની નવી ઉંચાઈએ પહોંચ્યો હતો,. બેંક શેરોમાં ઓલ રાઉન્ડ ધૂમ લેવાલીથી તેજીનો પડઘો પડયો હતો.. બીજી તરફ સોના-ચાંદી પણ સતત ઉછળતા રહીને નવી ઊંચાઈ સર કરતા રહ્યા હતા. સોનુ તેજીનાં નવા ઝોનમાં હોય તેમ જોરદાર ઉછાળો હતો વિશ્વ બજારમાં સોનુ ૩૩૯૩ કરોડે પહોંચ્યુ હતું. આજે એક જ દિવસમાં ૫૧ ડોલરનો ઉછાળો હતો. દરમ્યાન કરન્સી માર્કેટમાં પણ અમેરિકન ડોલર સામે રૂપિયો ઉંચકાતો રહ્યો હતો અને ૨૭ પૈસાના સુધારાથી ૮૫.૧૦ સુધી પહોંચીને સ્થિર રહ્યો હતો.

---

### લાંબા સમયની બિમારી બાદ

# પોપ ફ્રાન્સિસનું 88 વર્ષની વયે નિધન

## અમેરિકાથી પોપ બનનારા પહેલા ધર્મગુરૂ હતાં

### વડાપ્રધાન મોદીએ પાઠવી શ્રદ્ધાંજલિ

**સમય મિરર । નવી દિલ્હી**



પોપ ફ્રાન્સિસનું સોમવારે સવારે નિધન થઈ ગયું. કાડિનલ કેવિન ફેરેલે પોપના નિધનની ઘોષણા કરી. તેઓ ઘણા લાંબા સમયથી બીમાર હતા. ફેરલે પોતાની ઘોષણામાં કહ્યું, ''રોમના સ્થાનિક સમય સવારે ૭-૩૫ કલાકે પોપ ફ્રાન્સિસે છેલ્લો શ્વાસ લીધો હતો. ફ્રાન્સિસનું આખું જીવન લોર્ડ અને ચર્ચની સેવામાં સમર્પિત હતું.''

''તેઓ અમને સૌને હંમેશાં સાહસ, પ્રેમ અને હાશિયા પરના લોકોના પક્ષમાં ઊભા રહેવાની પ્રેરણા આપતા રહ્યા. પોપ ફ્રાન્સિસ લોર્ડ જીસસના સાચા શિષ્ય હતા.'' પોપ ફ્રાન્સિસને કેથોલિક ચર્ચોમાં સુધાર માટે પણ યાદ રખાશે. છતાં પોપ પરંપરાવાદીઓ વચ્ચે પણ લોકપ્રિય હતા. ફ્રાન્સિસ લેટિન અમેરિકાથી બનનારા પહેલા પોપ હતા. રવિવારે જ પોપ ફ્રાન્સિસ ઇસ્ટર ડેને વેટિકનમાં સેંટ પીટર્સ સ્ક્વેયર પર સૌને મળ્યા હતા. આ કાર્યક્રમના ૨૪ કલાકમાં જ તેમના નિધનના સમાચાર મળ્યા. પોપે વ્હીલચેર પર બાલ્કનીમાં બેસીને લોકોનું અભિવાદન કર્યું હતું. તેમણે કહ્યું હતું, ''ભાઈઓ અને બહેનો, તમને સૌને ઇસ્ટર ડેની શુભેચ્છાઓ.'' પારંપરિક ઈસ્ટર સંબોધન તેમના સહયોગીએ વાંચ્યું હતું અને પોપ બેઠા હતા.

જોર્જ મારિયો બર્ગોગ્લિયોનો જન્મ ૧૭ ડિસેમ્બર ૧૯૩૬ના રોજ બ્યુનોસ આયરસમાં ઇટાલિયન મૂળના પરિવારમાં થયો હતો. તેમના સત્તાવાર વેટિકન જીવનચરિત્ર અનુસાર, તેઓ ૧૯૬૯માં જેસુઇટ તરીકે નિયુક્ત થયા હતા અને ત્યાર બાદ તેમણે આર્જેન્ટિના અને જર્મનીમાં અભ્યાસ કર્યો હતો. યુવાન વયે, ચેપના કારણે તેમનું એક ફેફસું કાઢી નાખવામાં આવ્યું હતું.

તેઓ ૧૯૯૨માં બિશપ અને ૧૯૯૮માં બ્યુનોસ આયરસના આર્કબિશપ બન્યા હતા. ૨૦૦૫ના કોન્ક્લેવમાં તેમને પોપપદના દાવેદાર તરીકે જોવામાં આવતા હતા.

કાડિનલ બર્ગોગ્લિયો તરીકે તેમના ઉપદેશોની હંમેશાં આર્જેન્ટિનામાં અસર થતી હતી અને તેઓ ઘણીવાર સામાજિક સમાવેશ પર ભાર મૂકતા હતા, પરોક્ષ રીતે એવી સરકારોની ટીકા કરતા હતા જે સમાજના હાંસિયામાં ધકેલાઈ ગયેલા લોકો પર ધ્યાન આપતી ન હતી.

પોપની અંતિમ વિધિ પરંપરાગત રીતે એક મોટો સમારોહ હોય છે, પરંતુ પોપ ફ્રાન્સિસે તાજેતરમાં જ સમગ્ર પ્રક્રિયાને ઓછી જટિલ બનાવવા માટેની યોજના મંજૂર કરી હતી. અગાઉ પોપની દફનવિધિ સાઇપ્રસ, લેડ અને ઓકના બનેલા ત્રિસ્તરીય તાબૂતમાં કરાતી હતી. જોકે, પોપ ફ્રાન્સિસે પોતાની દફનવિધિ માટે ઝિંકની લાઇનિંગવાળું સાદું તાબૂત પસંદ કર્યું હતું. તેમણે પોપના મૃતદેહને લોકો જોઈ શકે એ માટે ઊંચા પ્લેટફોર્મ પર મૂકવાની પરંપરા પણ ન અનુસરવાનું નક્કી કર્યું હતું. એના સ્થાને શોકગ્રસ્ત લોકો પોતાનું સન્માન વ્યક્ત કરી શકે એ માટે મૃતદેહને તાબૂતમાં ઉપરનું ઢાંકણું હઠાવીને રાખવામાં આવશે. એક સદી કરતાં પણ વધુ સમયમાં પોપ ફ્રાન્સિસ એ પહેલાં એવા પોપ હશે જેમના મૃતદેહને વેટિકનની બહાર દફન કરાશે. તેમને સેન્ટ મેરી મેજર બેસિલિકા (પોપ દ્વારા ખાસ વિશેષાધિકાર અપાયા હોય એવા ચર્ચ) ખાતે દફન કરાશે, જે રોમની મોટી ચાર પેપલ બેસિલિકા પૈકી એક છે.

પીએમ મોદીએ પોપ ફ્રાન્સિસના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. ટ્વિટર પર એક પોસ્ટમાં તેમણે કહ્યું, ''મને પરમ પવિત્ર પોપ ફ્રાન્સિસના નિધનથી ખૂબ દુઃખ થયું છે. આ દુઃખ અને સ્મૃતિની ઘડીમાં, વૈશ્વિક કેથોલિક સમુદાય પ્રત્યે મારી હૃદયપૂર્વકની સંવેદના. પોપ ફ્રાન્સિસને વિશ્વભરના લાખો લોકો હંમેશા કરુણા, નમ્રતા અને આધ્યાત્મિક હિંમતના પ્રતીક તરીકે યાદ કરશે. નાનપણથી જ તેમણે ભગવાન ઈસુ ખ્રિસ્તના આદર્શોને સાકાર કરવા માટે પોતાને સમર્પિત કરી દીધા. તેમણે ગરીબો અને વંચિતોની ખંતપૂર્વક સેવા કરી. તેમણે પીડિત લોકોમાં આશાની ભાવના જગાડી.''

પ્રધાનમંત્રીએ વધુમાં કહ્યું, ''મને તેમની સાથેની મારી મુલાકાતો યાદ છે અને સમાવિષ્ટ અને સર્વાંગી વિકાસ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાથી હું ખૂબ પ્રેરિત થયો છું. ભારતના લોકો પ્રત્યેનો તેમનો પ્રેમ હંમેશા યાદ રહેશે. તેમના આત્માને શાંતિ મળે.''

---

# ભારતના ૫ રાજ્યોના છાત્રોના સ્ટડી વિઝા પર ઓસ્ટ્રેલિયાનો પ્રતિબંધ

## ગુજરાત, બિહાર, યુ.પી. પંજાબ અને હરિયાણાના છાત્રોનું ઓસ્ટ્રેલિયામાં અભ્યાસનું સ્વપ્ન રોળાયું

**સમય મિરર । નવી દિલ્હી**



ઓસ્ટ્રેલિયામાં અભ્યાસ કરવાનું સ્વપ્ન જોતા હજારો વિદ્યાર્થીઓને ઝટકો લાગ્યો છે. ઓસ્ટ્રેલિયાએ યુપી અને બિહાર સહિત દેશના પાંચ રાજ્યોના વિદ્યાર્થીઓ માટે સ્ટડી વિઝા પર પ્રતિબંધ લગાવી દીધો છે. તેમના પર વિઝા દસ્તાવેજોમાં છેતરપિંડી કરવાનો આરોપ છે, આ ઉપરાંત એવો પણ આરોપ છે કે આ વિદ્યાર્થીઓ ઓસ્ટ્રેલિયામાં સ્ટડી વિઝા પર ફુલ ટાઈમ કામ કરી રહ્યા છે. યુપી અને બિહાર ઉપરાંત, જે રાજ્યો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે તેમાં પંજાબ, હરિયાણા અને ગુજરાતના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. બે વર્ષ પહેલાં પણ ઓસ્ટ્રેલિયાએ આ પાંચ રાજ્યો પર પ્રતિબંધ લાદ્યો હતો, જો કે, પછીથી તેમાં છૂટછાટ આપવામાં આવી હતી.

અમેરિકા અને કેનેડામાં વિઝા પ્રતિબંધોને કારણે, મોટાભાગના ભારતીય વિદ્યાર્થીઓ ઓસ્ટ્રેલિયા તરફ વળી રહ્યા હતા. ખરેખરમાં, અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓના વિઝા રિજેક્શનનું પ્રમાણ વધીને ૨૪ ટકા પહોંચી ગયું છે. તે છેલ્લા દાયકાના સૌથી વધુ છે. કેનેડામાં પણ આવી જ સ્થિતિ છે. આવી સ્થિતિમાં, ભારતીય વિદ્યાર્થીઓ ઓસ્ટ્રેલિયામાં અભ્યાસ કરવાની આશા રાખતા હતા, પરંતુ હવે ત્યાંથી પણ નિરાશા મળી રહી છે. ભારતના મિત્ર દેશોમાંના એક ઓસ્ટ્રેલિયાના આ પગલાને એસોસિએશન ઓફ ઓસ્ટ્રેલિયન એજ્યુકેશન રિપ્રેઝેંટેટિવ ઈન ઈન્ડિયા (AAERI)એ ખોટું ગણાવ્યું છે અને કહ્યું છે કે જો ઓસ્ટ્રેલિયા આવું કરવું છે, તો કેસના આધારે મૂલ્યાંકન કરવું જોઈએ.

આ મામલે, ભૂતપૂર્વ રાજદ્વારી દીપક વોહરાએ કહ્યું છે કે આ ઓસ્ટ્રેલિયાનો ખૂબ જ ખોટો અપ્રોચ છે, આ પાંચ રાજ્યોના એ લોકો માટે પણ ઝટકો છે, જે લોકોએ ઘણા વર્ષોથી ત્યાં અભ્યાસ કરીને કે કામ કરીને પોતાની પ્રતિષ્ઠા બનાવી છે. તેમણે કહ્યું કે જો આપણે અમેરિકાની વાત કરીએ તો તેની વસ્તી ૪૦ મિલિયન છે, જ્યારે ભારતમાં ૪૦ મિલિયનથી વધુ તો વિદ્યાર્થીઓ છે. અહીં ૬૦ હજારથી વધુ કોલેજો પણ છે. એવું નથી કે ભારતીય વિદ્યાર્થીઓ અહીં અભ્યાસ કરી શકતા નથી, પરંતુ આ વિદ્યાર્થીઓ સારા શિક્ષણની આશામાં વિદેશમાં અભ્યાસ કરવા જાય છે. કેટલાકને સારી લાઈફસ્ટાઈલ જોઈએ છે, તો કેટલાકને નોકરી જોઈએ છે. તેમણે એમ પણ કહ્યું કે ઓસ્ટ્રેલિયા હોય કે અમેરિકા, તેઓ આ ફક્ત ભારત સાથે જ નહીં, પરંતુ ચીન અને એશિયાના બીજા દેશોના વિદ્યાર્થીઓ સાથે પણ આવું જ કરી રહ્યા છે. ઓસ્ટ્રેલિયાની વિક્ટોરિયા યુનિવર્સિટી, વેસ્ટર્ન સિડની યુનિવર્સિટી, એડિથ કોવાન યુનિવર્સિટી, યુનિવર્સિટી ઓફ વોલોંગોંગ, ટોરેન્સ યુનિવર્સિટી સહિત ઘણી સંસ્થાઓએ આ પાંચ રાજ્યોના વિદ્યાર્થીઓની અરજી પ્રક્રિયા મુલતવી રાખવામાં આવી છે અથવા તેના પર કડક પ્રતિબંધો લાદ્યા છે. આ પહેલા પણ, એડિથ કોવાન યુનિવર્સિટીએ ફેબ્રુઆરી ૨૦૨૩ માં પંજાબ અને હરિયાણાના વિદ્યાર્થીઓ પર સંપૂર્ણ પ્રતિબંધ લાદ્યો હતો. વિક્ટોરિયા યુનિવર્સિટીએ યુપી, રાજસ્થાન અને ગુજરાત સહિત ભારતના આઠ રાજ્યોના વિદ્યાર્થીઓ પર પ્રતિબંધ મૂક્યો હતો.

---

# પ.બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લાદવા, અર્ધલશ્કરી દળોની તૈનાતીનો આદેશ આપવા સુપ્રીમનો ઈન્કાર

## શું અમે રાષ્ટ્રપતિને આદેશ આપીએ ? સુપ્રીમનો સીધો સવાલ

**સમય મિરર । નવી દિલ્હી**

સુપ્રીમ કોર્ટે સોમવારે બંગાળમાં રાષ્ટ્રપતિ શાસન લાદવા અને અર્ધલશ્કરી દળો તૈનાત કરવાની માંગ કરતી અરજી પર કોઈ આદેશ આપવાનો ઇનકાર કર્યો હતો. અરજદારે અપીલ કરી હતી કે વક્ફ કાયદા વિરુદ્ધ મુર્શિદાબાદ હિંસા બાદ કોર્ટે આ અંગે નિર્ણય લેવો જોઈએ.

જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ એજી મસીહની બેન્ચે આ અંગે કોઈ આદેશ આપ્યો ન હતો. બેન્ચે અરજદારને પૂછ્યું- શું તમે ઈચ્છો છો કે અમે રાષ્ટ્રપતિને તેનો અમલ કરવા માટે આદેશ મોકલીએ? અમારા પર બીજાના અધિકારક્ષેત્રમાં દખલ કરવાનો આરોપ મૂકવામાં આવી રહ્યો છે. જસ્ટિસ ગવઈ આવતા મહિને CJI બનવાના છે.

ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ શનિવારે કહ્યું હતું કે કોર્ટ તેની મર્યાદાથી આગળ વધી રહી છે. તે જ સમયે, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કહ્યું હતું કે અદાલતો રાષ્ટ્રપતિને આદેશ આપી શકતી નથી. ન્યાયાધીશો એક સુપર પાર્લામેન્ટની જેમ કામ કરી રહ્યા છે.

બીજી તરફ, મુર્શિદાબાદ હિંસા સંબંધિત બીજી અરજીની સુનાવણી જસ્ટિસ સૂર્યકાંતની બેન્ચમાં થઈ. આમાં વકીલે મુર્શિદાબાદ હિંસાને કારણે લોકોના સ્થળાંતર વિશે વાત કરી. સુપ્રીમ કોર્ટે વકીલને પૂછ્યું કે, આ માહિતીનો સ્રોત શું છે, શું તમે પોતે તેની તપાસ કરી? આનો જવાબ વકીલે આપ્યો હતો કે, મીડિયા રિપોર્ટ્સ આનો આધાર છે.

કોલકાતા હાઈકોર્ટે ૧૭ એપ્રિલે પશ્ચિમ બંગાળના હિંસાગ્રસ્ત મુર્શિદાબાદ જિલ્લામાં કેન્દ્રીય દળોની સતત તહેનાતી પર પોતાનો આદેશ અનામત રાખ્યો હતો. જસ્ટિસ સૌમેન સેન અને જસ્ટિસ રાજા બાસુ ચૌધરીની બેન્ચ વિપક્ષના નેતા સુવેન્દુ અધિકારીની અરજી પર સુનાવણી કરી રહી છે.

જિલ્લાના સંવેદનશીલ વિસ્તારોમાં કેન્દ્રીય દળોની ૧૭ કંપનીઓ તહેનાત છે. સુવેન્દુ અધિકારીએ અપીલ કરી છે કે વિસ્થાપિત લોકોને તેમના ઘરે પરત લાવવા માટે રાજ્ય સરકાર તરફથી જરૂરી પગલાં લેવા માટે સૂચનાઓ આપવી જોઈએ.

આ પહેલા હાઈકોર્ટે સૂચના આપ્યા હતા કે રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ, પશ્ચિમ બંગાળ રાજ્ય રાષ્ટ્રીય માનવાધિકાર આયોગ અને રાજ્ય કાનૂની સેવા સત્તામંડળના એક-એક સભ્યની બનેલી પેનલ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લે.

---

### વધુ નક્સલી છૂપાયાની આશંકાએ સર્ચ ઓપરેશન ચાલુ : જથ્થાબંધ હથિયારો મળ્યા

# ઝારખંડના બોકારોમાં એક કરોડના ઈનામી સહિત 8 નક્સલી ઠાર

**સમય મિરર । બોકારો**

ઝારખંડના બોકારોમાં સોમવારે સવારે સુરક્ષા દળો સાથેની એન્કાઉન્ટરમાં આઠ નક્સલીઓ માર્યા ગયા. આ એન્કાઉન્ટર જિલ્લાના લુગુ અને ઝુમરા ટેકરીઓ વચ્ચેના જંગલ વિસ્તારમાં થયું હતું. ઘટનાસ્થળેથી અનેક હથિયારો પણ મળી આવ્યા હતા. ઝારખંડના ડીજીપીના જણાવ્યા અનુસાર, નક્સલી વિવેક, જેના પર ૧ કરોડ રૂપિયાનું ઇનામ હતું, તે પણ એન્કાઉન્ટરમાં માર્યો ગયો. અત્યાર સુધીમાં કુલ ૮ નક્સલીઓના મૃતદેહ મળી આવ્યા છે. બાકીના નક્સલીઓની ઓળખ કરવામાં આવી રહી છે. એવી માહિતી છે કે ત્યાં વધુ નક્સલવાદીઓ છુપાયેલા છે. સર્ચ ઓપરેશન ચાલુ છે.

ગુપ્ત માહિતીના આધારે, CRPF અને જિલ્લા પોલીસના કર્મચારીઓ સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા હતા. આ દરમિયાન, નક્સલીઓએ જવાનોને જોયા અને ગોળીબાર શરૂ કરી દીધો. જવાબમાં જવાનોએ પણ ગોળીબાર કર્યો. માહિતી અનુસાર, આ એન્કાઉન્ટર સોમવારે સવારે ૫.૩૦ વાગ્યે શરૂ થયું હતું અને લગભગ અઢી કલાક સુધી ચાલ્યું હતું. આ દરમિયાન, બંને બાજુથી સમયાંતરે ગોળીબાર ચાલુ રહ્યો હતો. નક્સલવાદીઓ સાથેની એન્કાઉન્ટર દરમિયાન, સુરક્ષા દળોએ બે INSAS રાઈફલ, એક SLR, એક પિસ્તોલ અને ૮ દેશી બનાવટની રાઇફલ જપ્ત કરી. CRPFના જણાવ્યા અનુસાર, હાલ પૂરતું ગોળીબાર બંધ થઈ ગયો છે. જો કે, સર્ચ ઓપરેશન ચાલુ છે. આ ઓપરેશનમાં CRPFની ૨૦૯ કોબ્રા બટાલિયન અને રાજ્ય પોલીસ સામેલ હતી. કોબ્રા બટાલિયનને જંગલ યુદ્ધમાં નિષ્ણાત માનવામાં આવે છે અને તે નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં સતત સક્રિય રહે છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ એન્કાઉન્ટરમાં કોઈ સુરક્ષા કર્મચારી ઘાયલ થયો નથી.

**તંત્રીલેખ**




# વકફ મામલે સુપ્રીમમાં આપેલી સરકારની ખાતરી શું પારોઠનાં પગલાં છે?

વકફ કાયદનાં સ્છરલધમાં પશ્ચિમ બંગાળમાં ભડકેલી હિંસાની આગ શાંત થઇ ગઇ છે. પણ એ આગ હેઠળ હજુ પણ નાની-નાની ચિંગારીઓ પ્રજવલિત છે. જે ભવિષ્યમાં ભડકાનું સ્વરૂપ લઇ શકે છે. કાયદો બન્યા બાદ પણ વકફ બાબતે સુપ્રીમ કોર્ટમાં કાનૂની દાવપેચનાં મંડાણ થયા છે. જે આવનારી ૫ મે બાદ કઇ દિશામાં ફંટાય છે તેના પર સૌની નજર મંડાયેલી છે. વકફ મામલે પાંચમી મે એ આગળની સુનાવણી થશે. સુપ્રીમ કોર્ટમાં વકફ સુધારા કાયદાને લઈને સુનાવણી ચાલુ થઈ તેના બે દિવસ અગાઉ ભારત સરકાર થોડી પીછેહઠ કરતી જોવા મળી હતી. સરકારે અદાલતમાં જણાવ્યું હતુ આગામી સુનાવણી ન થાય ત્યાં સુધી તે આ કાયદાની કેટલીક મહત્ત્વની જોગવાઈઓને લાગુ નહીં કરે. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં જણાવ્યું હતું કે વકફ સુધારા કાયદાની ઘણી જોગવાઈઓ આગામી સુનાવણી સુધી લાગુ નહીં થાય. તેનાથી એક દિવસ અગાઉ જ સુપ્રીમ કોર્ટે વકફ સુધારા કાયદા સામે દાખલ થયેલી અરજીઓ પર સુનાવણી કરતી વખતે એ પ્રકારના સંકેત આપ્યા હતા કે કેટલીક જોગવાઈઓ પર સ્ટે લાગી શકે છે. અદાલત કોઈ આદેશ આપે તે અગાઉ સરકાર તરફથી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ એક દિવસની મુદત માંગી હતી. બીજા દિવસે તેમણે કોર્ટને ભરોસો આપ્યો કે વકફ સુધારા કાયદાની અમુક જોગવાઈઓ હાલમાં અમલમાં નહીં આવે.

તુષાર મહેતાએ અદાલતમાં જણાવ્યું હતું કે આગામી સુનાવણી સુધી સરકાર વકફ બોર્ડમાં બિનમુસ્લિમ સભ્યોની નિમણૂક નહીં કરે. વકફ સંપત્તિઓના ચરિત્રને હાલ બદલવામાં નહીં આવે, તેમાં 'ઉપયોગના આધાર' પર વકફ જાહેર થયેલી સંપત્તિઓ પણ સામેલ હશે.આ મામલે સુપ્રીમ કોર્ટમાં પાંચમી મેએ સુનાવણી થશે. સુપ્રીમ કોર્ટે આ મામલે હજુ સુધી કોઈ સ્ટે ઑર્ડર નથી આપ્યો. સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન વકફ સુધારા કાયદાની ઘણી જોગવાઈઓને લઈને કાયદાકીય અને બંધારણીય ચિંતા જાહેર કરવામાં આવી હતી. કેન્દ્ર સરકારે અદાલતને જોગવાઈઓ લાગુ ન કરવાનો ભરોસો આપ્યો તેના પરથી એવું લાગે છે કે સરકારની આ સહમતિ સુલેહપૂર્ણ છે. પરંતુ વિશ્લેષકો માને છે કે આ પીછેહઠ પાછળ સરકારની રણનીતિ પણ હોઈ શકે છે. ''અદાલતમાંથી સ્ટે આવી ગયો હોત તો સરકારની શાખને નુકસાન થયું હોત. સરકારે વ્યૂહાત્મક પગલું લીધું છે અને તેને જવાબ આપવા માટે થોડો સમય મળી ગયો છે.''

બીજી તરફ વકફ સુધારા કાયદાના ટીકાકારો કહે છે કે આ કાયદાની કેટલીક જોગવાઈ, જેમ કે ''ઉપયોગથી વકફ''ને હટાવવું અને બિનમુસ્લિમોને બોર્ડમાં સામેલ કરવા જેવા પગલાં પાછળ સરકારની યોજના વકફ સંપત્તિઓ પર નિયંત્રણ સ્થાપવાની છે. મહુઆ મોઇત્રા કહે છે ''મુસ્લિમોની ધાર્મિક સ્વતંત્રતા અને સ્વાયત્તતા સામે ખતરો છે. તેમની સંપત્તિઓ પર ખતરો છે.'' ભાજપનાં પ્રવક્તા શાઝિયા ઇલ્મી આ તર્કને નકારી કાઢતાં કહે છે, ''સરકાર ચોખ્ખા ઇરાદા સાથે ગરીબ મુસ્લિમોને ફાયદો કરાવવા માટે વકફ કાયદો લાવી છે. તેનાથી મુસ્લિમોની સંપત્તિને નહીં, પરંતુ આ સંપત્તિઓ પર કબજો જમાવીને અંગત ઉપયોગ કરનારા લોકો માટે ખતરો છે. આવા લોકો જ ખરડાથી પરેશાન છે.'' આ કાયદાનો વિરોધ કરતા લોકોનો તર્ક છે કે વકફ કાયદામાં નવા સંશોધનથી મુસલમાનોની સંપત્તિના વ્યવસ્થાપનમાં બિનમુસ્લિમોની દખલગીરી વધશે. કેટલાકે એવી ચિંતા વ્યક્ત કરી કે આનાથી મુસ્લિમોના બંધારણીય અધિકારોનું હનન થશે. જે સંપત્તિઓ વકફ જાહેર થયેલી છે તેને ડિનોટિફાઈ કરવામાં નહીં આવે. અદાલતે વકફ કાઉન્સિલ અને વકફ બોર્ડમાં બિન મુસ્લિમ સભ્યોની ભરતી અટકાવવાના સંકેત પણ આપ્યા હતા.

સરકાર તરફથી ઉપસ્થિત રહેતા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ અદાલતમાં જવાબ આપવા માટે વધુ સાત દિવસનો સમય માંગ્યો હતો. કેન્દ્ર સરકાર દ્વારા મુખ્ય જોગવાઈઓ પર હાલમાં રોક લગાવાઈ તે વિશે અરજકર્તાઓનું કહેવું છે કે સરકારને અંદાજ આવી ગયો હતો કે અદાલત સ્ટે ઑર્ડર આપી શકે છે. આવા સંજોગોમાં સરકારે સમય લીધો છે. તૃણમૂલ કોંગ્રેસના સાંસદ અને અરજકર્તા મહુઆ મોઇત્રાએ કહ્યું હતું કે ''સરકારને એવા સંકેત મળી ગયા હતા કે અદાલત સ્ટે ઑર્ડર આપી શકે છે. આવામાં વધુ સમય મેળવવા માટે સરકારે કોર્ટમાં કહ્યું કે તે હાલમાં જોગવાઈઓ લાગુ નહીં કરે.'' અરજકર્તાઓ વતી અદાલતમાં હાજર થયેલા વકીલ કપિલ સિબ્બલે કહ્યું કે ''સરકારે સમય મેળવવા માટે અદાલતમાં કહ્યું કે તે જોગવાઈઓ લાગુ નહીં કરે. જો સરકારે અદાલતમાં આ દરખાસ્ત કરી ન હોત, તો કોર્ટે આદેશ આપી દીધો હોત. ૧૩ મેએ ચીફ જસ્ટિસ સંજીવ ખ્નના પણ નિવૃત્ત થઈ રહ્યા છે.'' નિષ્ણાતો પણ માને છે કે સરકારને અદાલતના વલણનો અંદાજ આવી ગયો હતો. કાનૂની જોગવાઈઓ પર સ્ટે લાગુ થાય તો તેનાથી પેદા થતી સ્થિતિથી બચવા માટે જાતે જ પાછળ ખસી ગઈ છે. કાયદાકીય અને બંધારણીય બાબતોના નિષ્ણાત પ્રોફેસર ફૈઝાન મુસ્તફા કહે છે કે ''તુષાર મહેતાએ અદાલતમાં પોતાના અનુભવનો ઉપયોગ કર્યો અને જવાબ દેવા માટે એક દિવસનો સમય માંગી લીધો. બીજા દિવસે તેમણે સરકાર તરફથી કહી દીધું કે સરકાર જાતે એવી જોગવાઈઓ લાગુ નહીં કરે જેના પર અદાલતને વાંધો હોઈ શકે છે.''

અદાલત પહેલા જ દિવસે કેટલીક જોગવાઈઓ પર સ્ટે લગાવી દેત તો સરકાર માટે શરમજનક સ્થિતિ પેદા થાય તેમ હતું. મુસ્તફા કહે છે કે ''આ મામલે અદાલત કોઈ સ્ટે લાવે તેવી શક્યતા ઓછી છે. સરકાર પોતાના તરફથી જ અમુક છૂટ આપી દે તેવું શક્ય છે. એક રીતે કહી શકાય કે અરજકર્તાઓને પ્રથમ રાઉન્ડમાં અમુક સફળતા મળી છે.'' મહુઆ મોઇત્રા પણ અદાલતમાં થયેલા ઘટનાક્રમને અરજકર્તાઓ માટે એક મોટી સફળતા તરીકે જુએ છે. તેઓ કહે છે, ''વકફ સુધારા કાયદો પસાર થતા જ યુપી જેવા ભાજપશાસિત રાજ્યમાં વકફ સંપત્તિ વિશે વહીવટી પ્રવૃત્તિ શરૂ થઈ ગઈ હતી. પરંતુ હવે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી પછી સ્પષ્ટ છે કે સરકારો કે અધિકારીઓ સુપ્રીમ કોર્ટનો નિર્ણય ન આવે ત્યાં સુધી કંઈ નહીં કરી શકે.''

બીજી તરફ ભાજપનું વલણ અલગ છે. ભાજપનાં પ્રવક્તા શાઝિયા ઇલ્મીએ કહ્યું કે કેન્દ્ર સરકાર સંસદમાં પસાર થયેલા વકફ સુધારા ખરડાને સંપૂર્ણપણે લાગુ કરવા માટે પ્રતિબદ્ધ છે. શાઝિયા ઇલ્મીએ જણાવ્યું કે ''સરકાર અદાલતમાં પોતાનો પક્ષ રજૂ કરશે. આ ખરડો બહુ વિચારીને ગરીબ મુસ્લિમોના હિતને ધ્યાનમાં રાખીને લાવવામાં આવ્યો હતો. સરકાર તેમાં પીછેહઠ નહીં કરે.'' શાઝિયા ઇલ્મી કહે છે કે ''ભારતમાં અમુક મુસ્લિમોને જ વકફ સંપત્તિઓનો ફાયદો મળે છે. મોટા ભાગના લોકો, ખાસ કરીને ગરીબ લોકોને તેનો કોઈ ફાયદો નથી થતો. મુસ્લિમોના સૌથી અમીર અને વગદાર લોકો, જેઓ રાજકીય રીતે પણ પ્રભાવશાળી છે અને ઉચ્ચ જાતિઓમાંથી આવે છે, તેઓ વકફ સંપત્તિઓનો ફાયદો લે છે. વકફ સુધારાનો હેતુ ગરીબ મુસ્લિમોને તેમનો અધિકાર અપાવવાનો છે.'' અદાલતે હવે આ મામલે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને વકફ બોર્ડોને સાત દિવસમાં જવાબ આપવા કહ્યું છે. અદાલતે એમ પણ જણાવ્યું કે પ્રતિવાદીઓની પ્રતિક્રિયા પર જવાબી ઍફિડેવિટ તેના નિર્દેશની તારીખથી પાંચ દિવસની અંદર ફાઇલ કરી શકાય છે.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને એ આશ્વાસન આપ્યું છે કે જો કોઈ રાજ્ય બોર્ડ આ દરમિયાન કોઈ સભ્યને નામાંકિત કરશે તો તેને શૂન્ય ગણવામાં આવશે. તેમણે કોર્ટને ભરોસો આપ્યો કે આ મામલે સુનાવણી દરમિયાન યથાવત્ સ્થિતિ જાળવવામાં આવશે. વકફ મામલે સુપ્રીમ કોર્ટની કાર્યવાહી પૂર્ણ થયા બાદ જે-કંઇ પણ નિર્ણય આવે તેને સ-હર્ષ સ્વિકારવો રહયો. મમતા બેનર્જી વકફ કાયદો પશ્ચિમ બંગાળમાં લાગુ નહીં થવા દવની જે કેસેટ વગાડે છે તેના સૂર પણ સુપ્રીમ કોર્ટનાં ફાયનલ નિર્ણય બાદ બદલાશે. એવો આશાવાદ રાખવો અત્યારે તો ઉતાવળીયો ગણાશે.

# મોટેરામાં આસારામના આશ્રમ પર બુલડોઝર ફેરવી ત્યાં ઓલિમ્પિક-૨૦૩૬નું આયોજન થશે

## સરકારી અધિકારી કહે છે કે આશ્રમે 'શરતભંગ' કર્યો હોવાથી લીઝ પર આપેલી જમીન સરકાર ખાલસા કરાવી રહી છે, જ્યારે આશ્રમ સંચાલકો આ દાવાને નકારી કાઢે છે

બળાત્કાર કેસમાં ગુનેગાર સાબિત થયેલા આસારામના અમદાવાદસ્થિત મોટેરા ખાતે આવેલા આશ્રમની જમીન ખાલી કરવાનો રાજ્ય સરકારે આદેશ કર્યો છે.



તાજેતરમાં આસારામના અમદાવાદ પાસેના મોટેરાસ્થિત આશ્રમ સિવાય અન્ય બે આશ્રમની પણ જમીન ખાલી કરવાનો આદેશ કરાયો છે. સરકારે આ ત્રણેય આશ્રમને અગાઉ લીઝ પર જમીન આપી હતી.,સરકારી અધિકારીઓ પ્રમાણે આશ્રમોએ 'શરતભંગ' કરી હોઈ જમીન પરત મેળવવાનો આદેશ થયો છે.

જોકે, આસારામ આશ્રમમાં વહીવટી કામગીરી સંભાળનાર વ્યક્તિ પ્રમાણે સરકાર આગામી વર્ષોમાં 'ઑલિમ્પિકના આયોજન' માટે જમીન પરત લઈ રહી છે. તેમના પ્રમાણે આશ્રમોએ કોઈ શરતભંગ કર્યો નથી. પ્રાંત અધિકારીના આ આદેશ સામે આશ્રમે એપલેટ ઑથોરિટી સમક્ષ અપીલ પણ કરી છે. ૨૦૩૬ ઑલિમ્પિકનું આયોજન અહીં થાય તે માટે ગુજરાત સરકારે માસ્ટરપ્લાન બનાવવાની શરૂઆત કરી છે.

જે અંતર્ગત અમદાવાદસ્થિત નરેન્દ્ર મોદી સ્ટેડિયમની આસપાસ મોટેરા વિસ્તારમાં સરદાર પટેલ સ્પોર્ટ્સ ઍન્કલેવ બનાવવાનું આયોજન છે. આયોજન અનુસાર મોટેરામાં ૩૩૫ એકર જમીનમાં અલગ અલગ સ્પોટ્ર્સ ફેસિલિટી ઊભી કરવાનો પ્લાન છે. આ સિવાય અમાદાવાદ અને ગાંધીનગરમાં ૬૫૦ એકર જમીનમાં સ્પોટ્ર્સ ફેસિલિટી ઊભી કરાશે. અમદાવાદ શહેરના મોટેરા ખાતે આવેલા નરેન્દ્ર મોદી સ્ટેડિયમની ફરતે સરદાર પટેલ સ્પોર્ટસ ઍન્કલેવ ઊભુ કરવામાં આવી રહ્યું છે, જેના માટે જમીનની પસંદગી કરી દેવામાં આવી છે. જેમાં અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઑથોરિટી દ્વારા આંતરરાષ્ટ્રીય સંસ્થા પાસે માસ્ટર પ્લાન બનાવવાનું તેમજ ઑલિમ્પિકના આયોજનની પ્રપોઝલ બિડ તૈયાર કરવાનું કામ ચાલી રહ્યું છે.

**પ્રસંગ રંગ**
- પી.એન.જાડેજા

અમદાવાદ અર્બન ડેવલપમેન્ટ ઑથોરિટીના સીઇઓ ડી. પી. દેસાઈએ જણાવ્યું કે ''ઑલિમ્પિક ૨૦૩૬ ના આયોજન માટે અમે કામ કરી રહ્યા છીએ. ઑલિમ્પિક માટે પ્રપોઝલ બિડ બનાવવા અંગેની કામગીરી માટે ઇન્ટરનેશનલ એજન્સીને કન્સલટન્ટ તરીકે નીમવામાં આવી છે . એજન્સી દ્વારા બિડ બુક બનાવવા માટેની જરૂરી માહિતી ભેગી કરવામાં આવી રહી છે. જે માટે અગાઉ આયોજિત ઑલિમ્પિક માટે દેશોએ સબમિટ કરેલી બિડ અંગે પણ અભ્યાસ કરી રહ્યા છીએ. આ અંગે સમયાંતરે ઇન્ટરનેશનલ ઑલિમ્પિક કમિટી સાથે પણ વાર્તાલાપ કરવામાં આવે છે.''

ડી. પી,દેસાઈએ જણાવ્યું હતું કે, ''ઑલિમ્પિકના આયોજન માટે માસ્ટર પ્લાન બનાવવા માટે પણ ઇન્ટરનેશનલ એજન્સીને કામગીરી આપવામાં આવી છે. ઑલિમ્પિક માટે કયા ક્યા ઇન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂર પડશે? ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્યાં ઊભું કરી શકાય તે અંગેનું પ્લાનિંગ કરવામાં આવી રહ્યું છે. હાલના તબક્કે અમે વિચારી રહ્યા છીએ કે ઑલિમ્પિકની ઓપનિંગ અને ક્લોઝિંગ સેરિમની નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં કરવામાં આવશે.'' ''નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં પણ અલગ અલગ ગ્રાઉન્ડ બનાવવામાં આવશે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમની આસપાસ ૩૩૫ એકર જમીનમાં સરદાર પટેલ સ્પોટ્ર્સ ઍન્કલેવ બનાવવાનું આયોજન છે. સ્ટેડિયમ આસપાસની જમીન સંપાદન કરવામાં આવશે.'' ''અમદાવાદ અને ગાંધીનગરમાં કુલ ૬૫૦ એકર જમીનમાં સ્પોટ્ર્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવામાં આવશે. જેમાં રમતોનાં ગ્રાઉન્ડ હશે. તેમજ ટ્રેનિંગ માટે ઇન્ટરનેશનલ કક્ષાનાં ગ્રાઉન્ડ પણ ઊભાં કરવામાં આવશે. ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે કન્વેન્શન સેન્ટર ઊભું કરાવાનું આયોજન છે.'' કરાઈ ખાતે આવેલ પોલીસ ઍકેડેમી ખાતે મલ્ટિપર્પઝ ટ્રેનિંગ ઍકેડેમી બનાવવાનું આયોજન છે. ''ઑલિમ્પિકમાં કેટલીક રમતો ઉમેરાય અને કેટલીક રમતો કાઢવામાં આવે છે. કરાઈ પોલીસ ઍકેડેમી ખાતે શૂટીંગ માટે આંતરરાષ્ટ્રીય કક્ષાનું ટ્રેનિંગ સેન્ટર ઊભું કરાશે. ઑલિમ્પિકમાં શૂટિંગ ઇન્ડોર રમતનું કરાઈ ખાતે આયોજન કરવામાં આવશે. ઑલિમ્પિક બાદ પણ ત્યાં શૂટિંગ રેન્જ પોલીસ ટ્રેનિંગ માટે ઉપયોગમા લઈ શકાશે.''

''ઑલિમ્પિક બિડમાં ૪૦ કરતાં વધારે ગેરંટી આપવાની હોય છે. જેમ કે શહેર કક્ષાએ ગેરંટી આપવાની હોય છે કે ઑલિમ્પિક આયોજન દરમિયાન જે ઘન અને પ્રવાહી કચરો પેદા થશે તેનો નિકાલ કરવામાં આવશે. આ જ પ્રકારે કેટલીક ગેરંટી રાજ્ય સરકારે અને કેટલીક ગેરંટી કેન્દ્ર સરકારે આપવાની હોય છે.તે અંગે કામગીરી ચાલી રહી છે.''

ગુજરાત સરકારે ગુજરાત ઑલિમ્પિક પ્લાનિંગ ઍન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર કોર્પોરેશન લિમિટેડ નામની એક કંપની પણ બનાવી છે. બળાત્કારના કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા આસારામને તેમનો અમદાવાદ આશ્રમ ગુમાવવો પડી શકે છે. જ્યાં આસારામનો આશ્રમ હાલમાં સ્થિત છે ત્યાં શક્ય છે કે ૨૦૩૬ માં વિશ્વભરના રમતવીરો ઓલિમ્પિક મેડલ માટે સ્પર્ધા કરશે. અમદાવાદમાં વિશ્વની સૌથી મોટી રમતગમતની સ્પર્ધા યોજવા માટે તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. આસારામનો આશ્રમ પણ આ માટે તૈયાર કરાયેલા માસ્ટર પ્લાનના દાયરામાં આવે છે. સરકાર અમદાવાદના મોટેરા સ્થિત આસારામના આશ્રમનો કબજો લઈ શકે છે. સ્ટેડિયમની નજીકના ત્રણ આશ્રમો દૂર કરીને સરદાર પટેલ સ્પોટ્ર્સ એન્કલેવ, ઓલિમ્પિક વિલેજ અને અન્ય રમતગમત સુવિધાઓ ત્યાં વિકસાવી શકાય છે. અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર અને અમદાવાદ જિલ્લા કલેક્ટર સહિત ત્રણ સભ્યોની સમિતિ માસ્ટર પ્લાન માટે જમીન સંપાદન પ્રક્રિયામાં રોકાયેલી છે. ૮૬ વર્ષીય આસારામને ૩૧ માર્ચ સુધી વચગાળાના જામીન પર મુક્ત કરવામાં આવ્યા હતાં. અગાઉ તેઓ રાજસ્થાનની જોધપુર જેલમાં બંધ હતા. ગુજરાતના એક બળાત્કાર કેસમાં સુપ્રીમ કોર્ટે આસારામને વચગાળાના જામીન પર મુક્ત કર્યા છે. આ કેસમાં સેશન્સ કોર્ટે જાન્યુઆરી ૨૦૨૩ માં તેમને દોષિત ઠેરવ્યા હતા અને આજીવન કેદની સજા ફટકારી હતી. આ સરકારી પ્રોજેક્ટ હેઠળ આશ્રમની જમીન સિવાય અન્ય સામાજિક સંસ્થાઓ અને રહેણાંક વિસ્તારો પણ અસર પામે તેવી શક્યતા છે. ભારતીય સેવા સમાજ અને સદાશિવ પ્રજ્ઞા મંડળની જમીન પણ આ સંપાદન પ્રક્રિયામાં સામેલ છે. શિવનગર અને વણજારા વાસ જેવા વિસ્તારોના રહેવાસીઓને સ્થળાંતર કરવું પડી શકે. જો કે, સરકાર તરફથી એવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે કે આશ્રમ અને અન્ય સંસ્થાઓને વૈકલ્પિક જગ્યાઓ આપવામાં આવે અથવા યોગ્ય વળતર ચૂકવવામાં આવે. આસારામ આશ્રમની જમીન મુદ્દે હાઈકોર્ટમાં કેસ દાખલ થતાં વિવાદ વધુ તીવ્ર બન્યો છે. જો સરકાર અને આશ્રમ ટ્રસ્ટ વચ્ચે કોઈ સમાધાન ન થાય, તો આ મામલો વધુ લાંબો ખેંચાય તેવી શક્યતા છે. સરકાર કયા પગલાં લે છે અને હાઈકોર્ટ શું ચુકાદો આપે છે, તે આગામી સમયમાં સ્પષ્ટ થશે.

આસારામના કેટલાક અનુયાયીઓ આ નિર્ણયથી નરાજ થયા છે. કેટલાક અનુયાયીઓ સોશિયલ મીડિયા પર રોષ ઠાલવી રહ્યા છે. એક યુઝરે X પર લખ્યું છે કે આસારામ જેલમાં છે, પણ તમે તેમના આશ્રમને સ્પર્શ કરવાની હિંમત કેવી રીતે કરી? આ અનુયાયીઓની લાગણીઓ સાથે છેડછાડ છે. બીજી તરફ કેટલાક લોકોએ સરકારના આ પગલાને સમર્થન આપ્યું છે. લોકોએ લખ્યું કે આસારામ એક ગુનેગાર છે અને તેના આશ્રમનો ઉપયોગ હવે ઓલિમ્પિક જેવા મોટા હેતુ માટે કરવામાં આવશે, આ યોગ્ય પગલું છે. આસારામનો એક આશ્રમ અમદવાદના મોટેરા વિસ્તારમાં આવેલો છે, જે હજુ પણ સક્રિય છે. આ આશ્રમમાં આસારામના અનુયાયીઓ એકઠા થતા હોય છે. એક અહેવાલ મુજબ આ આશ્રમ તોડી પાડવામાં આવશે. આશ્રમની જમીનનો ઉપયોગ ઓલિમ્પિક્સ ગેમ્સ માટે કરવામાં આવશે. ભારતે ઓલિમ્પિક ગેમ્સ ૨૦૩૬ ની યજમાની માટે બીડ દાખલ કરી છે.

પ્રારંભિક અહેવાલમાં ૬૫૦ એકર જમીન સૂચવવામાં આવી છે, જેમાંથી ૬૦૦ એકર ભાટ, મોટેરા, કોટેશ્વર અને સુઘડમાં આવે છે અને ૫૦ એકર સાબરમતી રિવરફ્રન્ટ પર છે. માસ્ટર પ્લાનમાં સ્ટેડિયમની નજીક શિવનગર અને વણઝારા વાસ જેવા રહેણાંક વિસ્તારોના સંપાદનનો પણ સમાવેશ થાય છે.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ની આગેવાની હેઠળની સમિતિ મંજૂરી આપવામાં આવ્યા બાદ અમદાવાદ કલેક્ટર ઓફિસને જમીન સંપાદનનું કામ સોંપવામાં આવ્યું છે. કરાઈ પોલીસ એકેડેમીની જમીનનું પણ સંપાદન થઇ શકે છે, આ જગ્યા પર સરકાર સ્પોટ્ર્સ ફેસિલિટી સ્થાપવાની યોજના બનાવી રહી મોટેરા ખાતે આવેલ 'સંત શ્રીઆસારામ આશ્રમ', 'ભારતીય સેવાસમાજ' અને 'સદાશીવ પ્રજ્ઞા મંડલ' એમ કુલ ત્રણ આશ્રમોને 'શરતભંગ' બદલ જગ્યા ખાલી કરવા માટે ૪ એપ્રિલ ૨૦૨૫ના રોજ ગુજરાત સરકારે આદેશ કર્યો હતો.

સરકારે અગાઉ આ આશ્રમો ખાલી કરવાની નોટિસ આપી હતી.બાદમાં આશ્રમોનો પક્ષ સાંભળ્યા બાદ જમીન ખાલી કરવાના આદેશ અપાયા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૨૦૩૬માં ભારત ઑલિમ્પિકની યજમાની કરે તેવી ઇચ્છા જાહેર કરી ચૂક્યા છે. તેમણે કહ્યું હતું કે 'આ ૧.૪ અબજ ભારતીયોનું સપનું છે અને આવનારાં વર્ષોમાં ભારત રમતગમતના ક્ષેત્રમાં સુપરપાવર ધરાવતા દેશો પૈકીના એક દેશ તરીકે ઊભરશે.'

હવે આગામી સમયમાં અમદાવાદને ઑલિમ્પિક માટે તૈયાર કરવાના દાવા અને આસારામનાં આશ્રમોની જમીન ખાલી કરાવવાના આદેશો એકબીજા સાથે સંકળાયેલા છે કે કેમ એ અંગે ચર્ચા ઉદ્ભવી છે. આસારામ આશ્રમની મોટેરા ખાતે ૩૩,૯૮૦ ચોમી, ભારતીય સેવા સમાજ પાસેથી ૮૦,૯૪૦ ચોમી અને સદાશીવ પ્રજ્ઞા મંડલ પાસેથી ૧૨,૨૦૭ ચોમી જમીન શ્રીસરકાર દાખલ કરવાનો આદેશ કરવામાં આવ્યો છે.''આ સંસ્થાઓને વળતર કે અન્ય સ્થળે જગ્યા ફાળવવા અંગેના સવાલના જવાબમાં પ્રાંત અધિકારીએ જણાવ્યું કે, ''અત્યારે શરતભંગની કાર્યવાહી કરવામાં આવી છે. જે અંર્તગત વળતરની કોઈ વાત નથી.'' આસારામ આશ્રમની વહીવટી કામગીરી સંભાળનારા વિકાસ ખેમકાએ સરકાર ઑલિમ્પિકના આયોજનના આશયથી શરતભંગની વાત કરી આ કાર્યવાહી કરી રહી હોવાની વાત કરતાં કહ્યું કે ''સરકારને આશ્રમની તેમજ આસપાસની જમીનનો ઑલિમ્પિક માટે ઉપયોગ કરવો છે. જેથી સરકાર યેનકેન પ્રકારે જમીન લેવા માંગે છે. સરકાર શરતભંગની આડમાં આશ્રમોની જમીન લઈ રહી છે.''

''માત્ર અમારા જ આશ્રમની નહીં, પરંતુ અન્ય આશ્રમોની જમીન પણ સરકાર ઑલમ્પિક માટે જ લઈ રહી છે. અમે રમતગમતના વિરોધી નથી. અમે પણ ઇચ્છીએ જ છીએ કે ઑલિમ્પિકનું આયોજન થાય અને દેશનું નામ રોશન થાય. પરંતુ કોઈનું ઘર ઉજાડીને નહી. સરકાર આ અંગે વિચાર કરી જ્યાં ખાલી જગ્યા હોય તેવી જગ્યાઓ પર આયોજન કરે.''

વિકાસ ખેમકાએ જણાવ્યું કે, ''આશ્રમે કોઈ શરતભંગ કરી નથી, જેથી આશ્રમે આ અંગે એપલેટ ઑથોરિટીમાં અપીલ કરી છે. અમે ન્યાયિક કાર્યવાહી કરી રહ્યા છીએ.અમને ભરોસો છે કે અમને ન્યાય મળશે.''

# એક ચમત્કારિક મંદિર, જ્યાં પૂજા કર્યા પછી હંમેશા માટે બંધ થઈ જાય છે પતિ-પત્નીના ઝઘડા

રાજસ્થાનમાં આવા ઘણા મંદિરો છે. તેમની સાથે જોડાયેલી માન્યતાઓ તેમને બીજાઓથી અલગ બનાવે છે. આવું જ એક અનોખું ચમત્કારિક મંદિર સીકર અને જયપુરની છેલ્લી સરહદ પર આવેલા પાચર ગામમાં ભગવાન શિવના પરિવારનું મંદિર છે.

આ મંદિર વિશે એક માન્યતા છે. જો પતિ-પત્ની આ મંદિરમાં જાય અને ભગવાન શિવનો અભિષેક કરે તો તેમનો સંબંધ ક્યારેય તૂટતો નથી. તેઓ હંમેશા ખુશ રહે છે. મંદિરના પૂજારી મહેશ દયામાએ જણાવ્યું કે ભગવાન શિવનો આખો પરિવાર આ મંદિરમાં બિરાજમાન છે.



આ ઉપરાંત અહીં ભગવાન શિવના ૧૨ જ્યોતિર્લિંગ પણ સ્થાપિત થયા છે. મંદિરના પૂજારીના મતે, આ મંદિર વિશે એક અનોખી માન્યતા છે કે જો કોઈ નવપરિણીત યુગલ કે પતિ-પત્ની દર સોમવારે અહીં આવે છે અને ભગવાન ભોલેનાથને દૂધથી અભિષેક કરે છે, તો તેમનો સંબંધ ક્યારેય તૂટતો નથી અને તેમના લગ્ન જીવનમાં ક્યારેય ખટાશ નથી આવતી. એટલા માટે પરિણીત યુગલો સોમવારે અહીં ભેગા થાય છે. આ મંદિર દ્વાદશી જ્યોતિર્લિંગના નામથી પ્રખ્યાત છે.

ભગવાન શિવના આ સદીઓ જૂના મંદિરમાં વિવિધ સ્થળોએ ૧૨ જ્યોતિર્લિંગ પણ સ્થાપિત છે. આ કારણોસર, આ મંદિર હવે દ્વાદશી જ્યોતિર્લિંગ મંદિર તરીકે પણ ઓળખાય છે. સોમવારે અહીં ભક્તોની ભારે ભીડ રહે છે. શ્રાવણ મહિનામાં આ મંદિરમાં ઘણા ધાર્મિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવે છે. આખું ગામ આ કાર્યક્રમમાં ભાગ લે છે.

**નવપરિણીત યુગલ કે પતિ-પત્ની દર સોમવારે અહીં આવે છે અને ભગવાન ભોલેનાથને દૂધથી અભિષેક કરે છે**

**આ શિવ મંદિર કાચનું બનેલું છે**

ભગવાન ભોલેનાથના આ મંદિરની બીજી ખાસ વાત એ છે કે આખું મંદિર કાચથી જડેલું છે. ચારે બાજુ સુંદર કાચની મૂર્તિઓ છે. ભગવાન ભોલેનાથના શિવલિંગની સાથે, ભક્તનો ચહેરો પણ કાચમાં દેખાય છે. રાત્રે આ મંદિર ખૂબ જ મનોહર બની જાય છે. ભગવાન શિવના શિવલિંગ પર પડતો લાલ પ્રકાશ અહીં આવતા ભક્તોને મંત્રમુગ્ધ કરી દે છે. આ જ કારણ છે કે ગુજરાત, દિલ્હી અને જયપુર સહિત દૂર દૂરના સ્થળોએથી લોકો આ મંદિરમાં દર્શન કરવા આવે છે.

# પેટ તબલા જેવું થઇ ગયું છે? આ દેશી ચા પીવા લાગો; બરફની જેમ ઓગળી જશે ચરબી

આજકાલ ઘણી મહિલાઓ ક્ઁઈઘજથી પરેશાન છે. ઘણી મહિલાઓને તો એ પણ ખબર નથી કે તેમને ક્ઁઈઘજ એટલે કે પોલિસિસ્ટિક ઓવરી સિન્ડ્રોમ છે. અનિયમિત પિરિયડ્સ, એ કને ,



વજન વધવું અને અન્ય ઘણા લક્ષણો આ હેલ્થ કન્ડીશન તરફ ઈશારો કરે છે. પરંતુ, તમને PCOS છે કે નહીં તે જાણવા માટે અલ્ટ્રાસાઉન્ડ અને કેટલાક બ્લડ ટેસ્ટ કરાવવું જરૂરી છે. આ હેલ્થ કન્ડીશનમાં મહિલાઓની ઓવરીઝમાં સિસ્ટ થઈ જાય છે, જેના કારણે એગના રિલીઝ અને ડેવલપ થવામાં મુશ્કેલી આવે છે. તેની અસર મહિલાઓના પિરિયડ્સ અને ફર્ટિલિટી પર જ નહીં, પરંતુ તેમનું વજન, મૂડ અને ડાયજેશન સહિત ઘણી બાબતો પર થાય છે. આના કારણે સામાન્ય રીતે પેટની આસપાસ ફેટ જમા થઈ જાય છે. PCOS બેલી ફેટને ઓછું કરવું પણ ખૂબ મુશ્કેલ હોય છે. પરંતુ, યોગ્ય ડાયટ અને કેટલાક દેશી નુસખાઓ સાથે એવું કરી શકાય છે. અહીં અમે તમને એક એવા મસાલા વિશે જણાવી રહ્યા છીએ, જે પેટ અને કમરની ચરબી ઘટાડવામાં મદદ કરી શકે છે.

તજમાં ફાઈબર, એન્ટી-ઓક્સિડન્ટ્સ અને થર્મોજેનિક ગુણ હોય છે. તે પેટની ચરબી ઘટાડવામાં મદદ કરી શકે છે. તજની ચા પીવાથી મેટાબોલિઝમ સુધરે છે. આ ચા પીવાથી બેલી ફેટ ઓછું થાય છે.

PCOSમાં બેલી ફેટ પાછળ ઇન્સુલિન રેસિસ્ટન્સ સૌથી મહત્વપૂર્ણ કારણ હોય છે. તજ ઇન્સુલિન રેસિસ્ટન્સને ઓછું કરે છે. આથી ઇન્સુલિન સેન્સિટિવિટી સુધરે છે. તેમાં સિનેમાલ્ડિહાઇડ હોય છે, જે ઇન્સુલિન સેન્સિટિવિટી સુધારીને બ્લડ શુગર લેવલને કંટ્રોલ કરે છે. આથી મેટાબોલિઝમ બુસ્ટ થાય છે, શરીરમાં ગરમી પેદા થાય છે અને ખોરાકને ડાયજેસ્ટ કરવા માટે કેલરી બર્ન થાય છે.

તેમાં એન્ટી-ઇન્ફ્લેમેટરી ગુણ હોય છે અને આ ચા પીવાથી ઇન્ફ્લેમેશન ઓછું થાય છે. આથી ચરબી ઓગળવામાં મદદ મળે છે. આથી ડાયજેસ્ટિવ એન્ઝાઇમ્સ એક્ટિવ થાય છે અને ખોરાક યોગ્ય રીતે ડાયજેસ્ટ થાય છે.

પેટની આસપાસ જમા થયેલી જિદ્દી ચરબી ઘટાડવામાં તજ ખૂબ ફાયદાકારક છે. આ ચા રોજ રાત્રે પીવાથી બેલી ફેટ ઓછું થાય છે. આ ચા PCOSના અન્ય લક્ષણો જેમ કે હોર્મોનલ ઇમ્બેલેન્સ અને અનિયમિત પિરિયડ્સને દૂર કરવામાં પણ મદદ કરે છે.

અડધો ઇંચ તજનો ટુકડો લો. તમે ચોથા ભાગનો ટીસ્પૂન તજનો પાઉડર પણ લઈ શકો છો. તેને ૧ ગ્લાસ પાણીમાં નાખીને ઉકાળો. અડધું રહી જાય ત્યારે તેને ગાળીને પીવો. તેને રોજ રાત્રે સૂતા પહેલા પીવો. કેટલાક અઠવાડિયામાં અસર દેખાઈ શકે છે. PCOS બેલી ફેટ ઘટાડવામાં આ દેશી ચા મદદ કરી શકે છે.



# સંસાર પૂર્તિ

ગૃહ, ગૃહસ્થ અને ગૃહિણીની દુનિયા



# સુખી ભવિષ્ય માટે કરકસર કરીને બચત ઉપર ભાર મુકવો જરૂરી

ઈચ્છાઓ, આશાઓની કોઈ સીમા નથી હોતી કે નથી હોતો કોઈ મુકામ. એ તો સમયની સાથે સાથે વધતા જ જાય છે અને જ્યારે, જ્યાં, જેટલું મળે ત્યાંથી ફરી નવી ઈચ્છા જન્મે છે. પણ જો આવું ન થાય તો સફળતાની ગાડી આગળ વધતી અટકી જશે. દરેક વખતે કંઈક મેળવવાની ચાહ આપણને પ્રગતિના પથ પર લઈ જાય એ જરૂરી નથી. એવી જ રીતે ખિસ્સામાં રહેલા વજનની પરવા કર્યા વિના આપણે આપણી જરૂરી વસ્તુઓની ચાદર એટલી ફેલાવી દઈએ છીએ કે એનો ભાર આપણું ખિસ્સું ઉપાડી નથી શકતું અને છેવટે આપણે માનસિકતાણ અને ગુસ્સાનો ભોગ બનીએ છીએ.

આવી જ પરિસ્થિતિ આજના દંપતિઓની છે. પોતાના પૈસાની જાવકને લીધે હેરાન રહેતા આવા દંપતિઓની આવક તો સારી છે, પણ આટલા પૈસા ક્યાં જાય છે, એ તેમની વચ્ચેના મનદુઃખ અને ઝઘડાનું કારણ બનતું જાય છે. દર મહિનાને અંતે તેમની વચ્ચે થતી તકરારનો મુખ્ય મુદ્દો એ જ હોય છે કે આટલા પૈસા ગયા ક્યાં...! અને પતિ-પત્ની બંને એકબીજાના ખોટાખર્ચા ગણાવવા બેસી જાય છે.

આપણે હમેશાં આપણાં વડીલો પાસેથી સાંભળીએ છીએ કે આજની પેઢીને તો જાણે પૈસા ખર્ચ કરવાની લત લાગી ગઈ છે. તેમને પૈસા સંભાળતા કે વિપરિત પરિસ્થિતિ માટે બચાવતા નથી આવડતા.

દરેક પળે પોલિશ થતી લાઈફસ્ટાઈલ, દિવસે દિવસે બદલાતો જીવન જીવવાનો દ્દષ્ટિકોણ અને એના કરતાં પણ ઝડપથી વધતો ખર્ચનો ભાર... જે આજે લગભગ દરેક ઘરમાં થતા કંકાસનું મુખ્ય કારણ છે. પણ એનું સમાધાન આપણી જ પાસે છે. જરૂર છે તો ફક્ત થોડું સમજી-વિચારીને ખર્ચ કરવાની.

આખરે શું કારણ છે કે સારી એવી આવક હોવા છતાં, પતિ-પત્ની બંને કમાતા હોય તો પણ પૈસાની તંગી વર્તાય છે અને ખર્ચની બાબતે બંને વચ્ચે બોલાચાલી શરૂ થઈ જાય છે? પૈસાની બાબતે પતિ-પત્ની વચ્ચે ઝઘડો થવો એ કોઈ નવી વાત નથી. પણ પહેલાં આવું ઓછું બનતું હતું. આજની સૌથી મોટી સમસ્યા એ છે કે આપણે લક્ઝરીયસ લાઈફથી એટલા ટેવાતા જઈએ છીએ કે પાછળ નથી હટતા. કેટલીક વાર તો આપણે જરૂર વગર પણ વસ્તુઓ ઘરે લઈ આવીએ છીએ. કારણ કે પાડોશીઓ એ ખરીદી લાવ્યા છે. બસ, આની અસર આપણા બજેટ પર પડે છે. અને ઘરમાં કલેશ શરૂ થઈ જાય છે.

આજકાલ તો 'આજે ખરીદો અને આરામથી ચૂકવો'નો જમાનો છે. મોંઘામાં મોંઘી વસ્તુઓ પણ સરળ હપ્તે મળવા લાગી છે. પણ એનો અર્થ એ તો નથી કે આપણે આખું બજાર જ આપણા ઘરમાં લઈ આવીએ. જ્યાં આવું થાય છે ત્યાં પૈસાને લઈને દબાણ તો આવવાનું જ છે.

દરેક વસ્તુની જેમ આપણે પૈસાનો આદર કરતાં પણ શીખવું જોઈએ. અને એની શરૂઆત આપણાથી જ થવી જોઈએ.

બહારનું ખાઈને પૈસા અને સ્વાસ્થ્ય બંને બગાડવા કરતા ઘરમાં બનેલો તાજો અને શુધ્ધ ખોરાક ખાવો વધારે લાભદાયક છે. કોઈપણ વસ્તુ ખરીદતા પહેલા એટલું જરૂર વિચારો કે શું



ખરેખર એ વસ્તુની જરૂર છે...? શું એના વગર કામ નહીં ચલાવી શકાય? પણ એનો મતલબ એ નથી કે આપણે આપણી ઈચ્છાઓ મારવી અથવા તો આપણું સ્ટાન્ડર્ડ મેન્ટેન ન કરવું. આપણી આ નાની મોટી બચત આગળ જતાં મોટી રકમ બની જાય છે. જેનો સદુપયોગ આપણને ખૂબ આગળ લઈ જાય છે.''

સૌ પ્રથમ તો કોઈપણ વસ્તુ ખરીદતા પહેલા વિચારી લો કે એની તમને ખરેખર જરૂર છે? શું એના વગર પણ કામ ચલાવી શકાય? આવું કરવાથી તમે તમારી કેટલીય બિનજરૂરી વસ્તુઓ ન ખરીદીને મોટી બચત કરી શકો છો.

હંમેશા એક નાની બેગ સાથે રાખો અને એમાં તમારી બચત જમા કરો. પણ હા, એમાંથી એકપણ પૈસો વાપરવાની લાલચ ન કરો. તમે તમારી બચતને રોચક બનાવવા માગતા હો તો પાંચસો, સો, પચાસ, વીસ, દસ કે પાંચ રૂપિયાનો સિક્કો આમાંથી કોઈ એકનું કલેકશન કરવાનું શરૂ કરી દો. અને તમારી જાતને વચન આપો કે ગમે તે થાય, અમુક નોટ કે સિક્કા જ્યારે, જેટલા ખિસ્સામાં આવશે, તમે તે સીધા એને નાની બેગમાં મૂકી દેશો. તમને ખબર પણ નહીં પડે કે રમતાં રમતાં તમે કેટલી બચત કરી લીધી છે.

બહારનો ખોરાક સ્વાસ્થ્ય માટે હાનિકારક તો છે જ, સાથે મોંઘો પણ છે. તેથી બની શકે તો ઘરે બનેલો શુધ્ધ અને તાજો ખારોક ખાવ અને તંદુરસ્તીની સાથે બચત પણ વધારો.

બાળકોના નાસ્તાના ડબ્બામાં તૈયાર વેફર, ચેવડા કે આઈસ્ક્રિમની બદલે ઘરે બનાવેલા નાસ્તા આપો જેથી ખર્ચ પણ ઓછો થશે અને બાળકો બીમારીઓના ભોગ નહીં બને. રેડીમેડ ઠંડા પીણાંની જગ્યાએ ઘરે બનાવેલાં તાજાં ફળોના રસ વધુ લાભદાયક સાબિત થશે.

બ્રાન્ડેડ વસ્તુઓ જ દર વખતે આકર્ષક અને ઉપયોગી સાબિત થાય એ જરૂરી નથી, થોડી સમજદારીથી સાધારણ વસ્તુઓ ખરીદીને પણ કામ ચલાવી શકાય.

મિત્રો-બહેનપણીઓ ખરીદી કરી રહ્યાં હોય ત્યારે તેની સાડી મારી સાડી કરતાં વધારે મોંઘી - એવી ખોટી ચડસાચડસીથી બચો અને ત્યારે જ ખરીદી કરો જ્યારે તમને જરૂરી લાગે. જો તમારા ખિસ્સામાં પૈસા હોય અને તમને વાપરવાનું મન થાય તો ખિસ્સામાં વધુ પૈસા ન રાખો. જરૂર પૂરતાં જ પૈસા રાખો.

ઘરખર્ચના પૈસા બચાવવા માટે સૌથી સરળ ઉપાય એ છે કે તમે દર મહિનાનો ખર્ચ લખવાનું શરૂ કરી દો અને મહિનાના અંતમાં ચકાસો કે કયો ખર્ચ એવો થયો જેને ટાળી શકાતો હતો. બસ આવતાં મહિનેથી તેમાં કાપકૂપ કરવાનું શરૂ કરો. આ રીતે તમે નાની નાની બચત કરીને રેકરિંગ એકાઉન્ટ દ્વારા મોટી બચત કરી શકો છો.

જો કે એક સત્ય છે કે આજે પહેલા કરતાં આવકના સ્ત્રોત વધી ગયા છે અને પૈસા કમાવા એ પરસેવો પાડવા જેટલું મુશ્કેલ કામ નથી રહ્યું. બીજું સત્ય એ છે કે ખર્ચની પ્રવૃત્તિ પણ એટલી જ ઝડપથી વધી રહી છે. કોઈપણ વસ્તુ ખરીદવી હવે લોકો માટે જાણે રમતવાત બની ગઈ છે. પછી ભલે એ ઘર હોય, ગાડી હોય કે બીજી કિંમતી વસ્તુઓ, દરેક વ્યક્તિ પોતાનાં સપનાઓ પૂરાં કરી શકે છે. કારણ કે પૈસા ન હોય તો શું થયું, લોનની આટલી બધી સ્કિમો ક્યારે કામ આવશે. પહેલા તો પોતાનું ઘર કે ગાડી જેવી ચીજો ત્યારે જ ખરીદી શકાતી હતી જ્યારે તમારી પાસે મોટી રકમ હોય અથવા તો જુનું વેચીને નવું ખરીદવાનું હોય. પણ હવે તો આ બધી લોન સ્કિમની મહેરબાનીથી લોકો ત્રીસની ઉંમર પહેલાં જ પોતાનું ઘર અને ગાડી ખરીદી લે છે. લોનના લોભામણા પ્રલોભનો આપીને વધુમાં વધુ ગ્રાહકો મેળવતી કંપનીઓ લોકોની આકાંક્ષાઓ સાથે તેમને મોટાં મોટાં શોખ પાળતા પણ શીખવાડી રહી છે.

આજના જાહેરાતી યુગમાં લોકોને ચમકદાર આવરણ ચઢાવી, ખોટાં આકર્ષક દાવાઓ કરીને એવી વસ્તુઓ ખરીદવા માટે બાધિત કરવામાં આવે છે જેની તેમને હાલમાં તો શું પણ ક્યારેય જરૂર નથી હોતી. આપણે માનીએ છીએ કે આજની લાઈફસ્ટાઈલ મોંઘી થઈ રહી છે. દરેક જરૂરી ચીજવસ્તુઓ સુંદર અને આકર્ષક પેકિંગમાં મળવા લાગી છે. એની કિંમત પણ એટલી જ હોય છે છતાં બચતની સંભાવના તો દૂર દૂર સુધી દેખાય છે.

# વહેલી સવારે ઉદ્દિનથ પ્રાણાયમથી ગર્ભાવસ્થા દરમિયાન થતી મોર્નિંગ સિક્નેસ દૂર થાય છે

ઉદ્દિનથ પ્રાણાયામને ઓમ ચેન્ટિંગના નામે પણ ઓળખવામાં આવે છે. ઓમનું ઉચ્ચારણ નાભિમાં પ્રેશર આપીને કરવામાં આવે છે. જ્યારે નાભિમાંથી પ્રેશર આપીને ચેન્ટિંગ કરો ત્યારે એ જગ્યાએ હળવું ખેંચાણ અનુભવાય છે, જે ડાયજેસ્ટિવ સિસ્ટમને મજબૂત બનાવે છે. આ પ્રાણાયામ હોર્મોનલ અસંતુલનને બેલેન્સ કરવાનું કામ કરે છે, ઓક્સિજન લેવલને વધારે છે તેમજ મગજને એકાગ્ર કરવાનું કામ પણ કરે છે.

આ પ્રાણાયામ કરવાથી મોર્નિંગ



સિકનેસમાં ત્રણથી ચાર દિવસમાં જ રાહત થવાની શરૂઆત થવા માંડે છે. એ પછી ઉદ્દિનથ પ્રાણાયામ ખૂબ લાભદાયી નીવડે છે. એ કરવા માટે પહેલાં પદ્માસન કે સુખાસનમાં બેસો. એ પછી લાંબો શ્વાસ લેવો અને એને ધીરે ધીરે છોડો.

શ્વાસ છોડતી વેળાએ ઓમનું ઉચ્ચારણ કરો. ઉજ્જાયી પ્રાણાયામ થાઈરોઈડ ગ્રંથિ સાથે જોડાયેલો છે. મોર્નિંગ સિકનેસમાં થાઈરોઈડ ગ્રંથિઓનો મોટો ફાળો હોય છે. એટલે જો ગર્ભાવસ્થા સમયે મોર્નિંગ સિકનેસ થતી હોય તો ઉજ્જાયી પ્રાણાયામ પણ કરવો. તમે ગર્ભાવસ્થા પછી પણ થાઈરોઈડથી દૂર રહેવા માંગતા હોવ તો રોજ આ પ્રાણાયામ કરી શકો છો. એ કરવા સૌપ્રથમ આરામદાયક રીતે બેસી જાવ, પછી લાંબો શ્વાસ લઇ અને છોડો.

આ શ્વાસોશ્વાસની પ્રક્રિયામાં ગળા ઉપર ધ્યાન કેન્દ્રિત કરો. અનુભવો કે તમે લીધેલો શ્વાસ ગળામાં અનુભવાય છે કે નહીં. શ્વાસ લેતા હોવ ત્યારે ધીમો અવાજ કરો. આ પ્રાણાયામ રોજ સાત મિનિટ કરવો.

# પનીર પસંદા

## પરિવારમાં સૌને પસંદ આવશે પંજાબી સબ્જી

પનીર પસંદા એક બહુ જ સ્વાદિષ્ટ પનીરનું શાક છે અને તેનો સ્વાદ અને ગ્રેવીની બનાવટ બીજા પનીરના શાકથી થોડી અલગ છે. તેમાં તળેલા ત્રિકોણ આકારના પનીરના ટુકડાઓને ડુંગળી, ટામેટાં, કાજુ અને લસણથી બનેલી ગ્રેવીમાં પકાવવામાં આવે છે. તેને જ્યારે પનીર કુલ્ચા અથવા મટર પુલાવની સાથે પીરસવામાં આવે છે ત્યારે લાજવાબ લાગે છે. તો આવો આપણે આ સરળ રેસીપીનું પાલન કરીને પનીર પસંદા બનાવતા શીખીએ.



### બનાવવાની રીત

કાજુને મિકસરના નાના જારમાં નાખોં અને બારીક પીસો. પીસેલા કાજુના પાઉડરને એક નાના બાઉલમાં કાઢો અને તેમાં નાનાકેપ પાણી નાખીને મિક્ષ કરો. તે જ જારમાં આદું, લસણ અને લીલા મરચાંને દરદરૂ પીસીને આદું-લસણ-મરચાંની પેસ્ટ બનાવો.ડુંગળીને બ્લાંચ કરો અને પ્યુરી બનાવો. (ડુંગળીને મોટા ટુકડાઓમાં કાપો અને ૪-૫ મિનિટ માટે ગરમ પાણીમાં પલાળો. ત્યારબાદ પાણી કાઢીને ડુંગળીને મિકસરમાં પીસી લો). ટામેટાંના ટુકડાઓને મિકસરના નાના જારમાં નાખીને પ્યુરી બનાવો.પનીરને ૨ ઈંચના ચોરસ ટુકડા (૧/૪ ઇંચ જાડા) માં કાપો. દરેક ટુકડાને ફરીથી બે ત્રિકોણમાં કાપો. એક કડાઈ અથવા નોનસ્ટિક પેનમાં મધ્યમ આંચ પર તેલ ગરમ કરો. તેમાં પનીરના ટુકડા નાખોં અને તેને હલ્કા ગોલ્ડન રંગના થાય ત્યાં સુધી સાંતળો. તેને એક થાળીમાં પેપર નેપકીનની ઉપર કાઢો.તે જ પેનમાં ૧ ટેબલસ્પૂન તેલ મધ્યમ આંચ પર ગરમ કરો. તેમાં આદું-લસણ-મરચાંની પેસ્ટ, તમાલ પત્ર અને એલચી નાખોં અને થોડી સેકંડ માટે સાંતળો.તેમાં ડુંગળીની પ્યુરી (સ્ટેપ-૧ માં બનાવેલી) નાખોં અને તેને હલ્કી બદામી રંગની થાય ત્યાં સુધી સાંતળો. તેમાં લગભગ ૨-૩ મિનિટનો સમય લાગશે.તેમાં ટામેટાંની પ્યુરી નાખોં અને તેને તેલ અલગ થાય ત્યાં સુધી સાંતળો. તેમાં ૨ થી ૩ મિનિટનો સમય લાગશે.તેમાં કાજુની પેસ્ટ નાખોં અને ૧-૨ મિનિટ માટે સાંતળો.

### સામગ્રી

- ૨૫૦ ગ્રામ પનીર
- ૩ મધ્યમ ટામેટાં, મોટા ટુકડાઓમાં કાપેલા
- ૨ મધ્યમ ડુંગળી
- ૬-૮ કાજુ
- ૧/૨ ઇંચ આદું
- ૪-૫ લસણની કળી
- ૧ તમાલ પત્ર
- ૨ મોટી એલચી
- ૧ લીલું મરચું, કાપેલું
- ૧/૨ ટીસ્પૂન કસૂરી મેથી
- ૧/૪ ટીસ્પૂન ગરમ મસાલા પાઉડર
- ૧/૪ ટીસ્પૂન હળદર
- ૧/૨ ટીસ્પૂન લાલ મરચું પાઉડર
- ૧ ટીસ્પૂન ધાણાજીરું
- ૧/૨ કપ તાજું ક્રીમ
- ૧/૨ કપ પાણી
- ૨૧/૨ ટેબલસ્પૂન + ૧ ટેબલસ્પૂન તેલ
- ૨ ટેબલસ્પૂન બારીક સમારેલા લીલા ધાણા
- મીઠું, સ્વાદ પ્રમાણે

તેમાં ડુંગળીની પ્યુરી (સ્ટેપ-૧ માં બનાવેલી) નાખોં અને તેને હલ્કી બદામી રંગની થાય ત્યાં સુધી સાંતળો. તેમાં લગભગ ૨-૩ મિનિટનો સમય લાગશે.

તેમાં ટામેટાંની પ્યુરી નાખોં અને તેને તેલ અલગ થાય ત્યાં સુધી સાંતળો. તેમાં ૨ થી ૩ મિનિટનો સમય લાગશે.

તેમાં કાજુની પેસ્ટ નાખોં અને ૧-૨ મિનિટ માટે સાંતળો.

તેમાં હળદર, લાલ મરચું પાઉડર, ગરમ મસાલા પાઉડર, ધાણાજીરું અને મીઠું નાખોં. તેને બરાબર મિક્ષ કરો અને ૧ મિનિટ માટે પકાવો. તેમાં ૩/૪ કપ પાણી નાખોં.

તેને ઉકળવા મૂકો. જ્યારે તે ઉકળવા લાગે ત્યારે તેને ૪ થી ૫ મિનિટ માટે મધ્યમ આંચ પર પકાવો. તેમાં કસૂરી મેથી અને પનીરના ટુકડા નાખોં.

તેને બરાબર મિક્ષ કરો અને ૨ મિનિટ માટે પકાવો.

તેમાં તાજું ક્રીમ નાખોં.

તેને બરાબર મિક્ષ કરો અને ૨ મિનિટ માટે પકાવો.

ગેસ બંધ કરી દો. શાકને એક પીરસવાના બાઉલમાં કાઢો અને લીલા ધાણાથી સજાવો.

તમે પનીરને ત્રિકોણની બદલે નાના નાના ચોરસ ટુકડાઓમાં પણ કાપી શકો છો.

કાજુની પેસ્ટ ગ્રેવીને ઘટ્ટ અને ક્રીમી બનાવે છે. તમે તેની બદલે ખસખસની પેસ્ટ (પાણીમાં ખસખસને ૨૦ મિનિટ માટે પલાળી દો અને તેની પેસ્ટ બનાવી લો) નો ઉપયોગ કરી શકો છો.

વિવિધતા માટે સ્ટેપ-૯ માં ૧/૨ કપ બાફેલા વટાણા અથવા તેલમાં સાંતળેલુ (શેલો ફ્રાય કરેલુ) કેપ્સીકમ નાખોં. તેને ડુંગળીના પરોઠા અથવા ગાર્લિક નાન અથવા જીરા રાઈસ સાથે બપોરે અથવા રાતના જમવામાં પીરસો.

# પતિ-પત્નીના સંબંધો કાચના વાસણ જેવા છે સંભાળીને રાખવાથી આજીવન તૂટતાં નથી



સામાન્ય રીતે આજકાલ પતિ-પત્નીની એકબીજા પ્રત્યેની અપેક્ષા ફિલ્મી હોય છે. જીવનમાં માત્ર રોમાન્સ જ નહીં, પણ રોજિંદા જીવનના પ્રશ્નો પણ હોય છે એટલે પાર્ટનર પ્રતિની અપેક્ષા દરરોજ સફળ જ થાય એવું બનતું નથી. ઘણીવાર પાર્ટનર એકબીજાને પોતાની અપેક્ષાઓ જણાવતા પણ નથી. સફળ લગ્નજીવન માટે શરૂઆતથી જ પતિ-પત્ની એકબીજાની અપેક્ષા પાર્ટનર આગળ વ્યક્ત કરે અને એમાંથી કેટલી શક્ય છે અને કેટલી નથી એની મુક્તપણે ચર્ચા કરે તો પછી આગળના જીવન માટે થોડી સરળતા થઈ શકે. બાકી સંબંધમાં અપેક્ષા માટે બે શક્યતાઓ છે, ક્યાં તો આપ એકબીજા સમક્ષ પોતાની અપેક્ષા વ્યક્ત કરો અને બને એટલી પૂરી કરો અથવા તો બને તેટલી ઓછી અપેક્ષા રાખીને સંબંધમાં તંદુરસ્તી જાળવી રાખો. પોતાના મનમાં જ અપેક્ષાઓ રાખીને એ પૂરી ન થાય ત્યારે એકબીજા પ્રત્યે ગુસ્સો અને ચીડ રાખવાથી સંબંધમાં લાંબા ગાળે નીરસતા અને વિક્ષેપ જ આવે છે.

સંબંધ સંવાદ પતિ-પત્નીના સંબંધોમાં એકબીજા પ્રત્યે અપેક્ષાઓ તો હોવાની જ.લગ્ન લવમેરેજ હોય કે અરેન્જ, બંને કિસ્સામાં પતિ-પત્નીને એકબીજા પ્રત્યે અપેક્ષા હોય છે. ખાસ કરીને વર્તન બાબતે. લગ્ન પહેલાં સ્વપનની દુનિયામાં પતિ અને પત્ની બંને પોતપોતાના પાર્ટનર માટે એક ઈમેજ બનાવતાં હોય છે અને એ પ્રમાણેના જીવનની કલ્પના કરતાં હોય છે.

સ્ત્રી માટે લગ્નનું સ્વપન એક પરીકથા જેવું હોય છે. જેમાં એનો સ્વપન પુરુષ એના સૌંદર્યનાં વખાણ કરે, એની પ્રતિભાનો સ્વીકાર કરે, એને ઈચ્છા પ્રમાણે મુક્ત રીતે વર્તન કરવાની છૂટ મળે, ઘરના કામકાજમાં મદદ કરે એવો સ્વપન પુરુષ એક સામાન્ય સ્ત્રી ઝંખતી હોય છે. એ જ રીતે પુરુષ પણ પોતાના પાર્ટનર પાસે અપેક્ષાઓ રાખે છે, પરંતુ એનો દૃષ્ટિકોણ થોડો અલગ હોય છે અને મહદંશે એની પાર્ટનર નોકરી કરતી હોય કે ન કરતી હોય, એ પોતે ઘરે આવે ત્યારે એને આવકારવા સ્મિત સાથે તૈયાર હોય, એને અનુરૂપ થઈને રહે, પ્રેમાળ અને સુંદર હોય અને એના કામમાં વધારે પૂછપરછ ન કરે એવી હોય. અભિવ્યક્તિની બાબતમાં દરેક પુરુષો એટલા મુક્ત હોતા નથી અને એટલે જ દરેક પુરુષ પોતાની પત્નીનાં વખાણ કરી શકતા નથી અને એ જ રીતે દરેક પત્ની પણ આદર્શ હાઉસવાઈફ બની શકતી નથી. એટલે કે પત્ની નોકરી કરતી હોય ત્યારે તો સ્વાભાવિક રીતે એ વધારે બિઝી હોવાની, પણ ઘરે હોય તોય દરરોજ એના દિવસ સરળ હોતા નથી એટલે પતિ આવે ત્યારે સ્મિત સાથે આવકાર આપવો કદાચ દરરોજ શક્ય ન બને.

જો કે સંસાર રથ બરોબર અને સડસડાટ ચાલે એ માટે લેટ ગો (જતુ કરવા)ની ભાવના પણ સકારાત્મક ભાગ ભજવે છે. પતિ-પત્નીએ બન્નેને અનુકુલન સાધીને રહેતા વહેલાસર શીખી જવું જોઈએ. અહંમનો તડકો સાંસરિક જીવનમાં આગ લગાડવામાં વિલનની ભૂમિકા ભજવે છે. આથી અહંમને ખુદ તડકે મુકીને વિનમ્રતાનો ભાવ હૃદયસ્થ રાખવો જરૂરી છે.

# રાજ્યમાં અકસ્માતની ત્રણ ઘટનામાં છ લોકોના મોત

## સુરત, વડોદરા અને સિદ્ધપુર હાઈ-વે પર મોતની ચિચિયારીઓ ગુંજી : ૨૦થી વધુ ઘાયલ થતાં સારવારમાં ખસેડાયા

**સમય મિરર । સુરત**



ગુજરાતમાં અકસ્માતની જાણે હારમાળા સર્જાઇ છે. સુરત, વડોદરા અને સિદઘપુર હાઈવે પર રોડ અકસ્માત સર્જાયો છે. જુદા જુદા અકસ્માતમાં કુલ ૬નાં મોત થયા છે. જ્યારે ૨૦થી વધુ ઘાયલ થયા છે.

વડોદરામાં નેશનલ હાઈવે પર બસ ટ્રકમાં ઘુસી જતાં ભયંકર અકસ્માત સર્જાયો હતો. આજે વહેલી સવારે વડોદરા નેશનલ હાઈવેની ગોલ્ડ ચોકડી પર અકસ્માત સર્જાયો હતો. ટ્રક પાછળ સ્પીડમાં આવતી ખાનગી બસ ઘૂસી જતા ચિચયારી મચી ગઇ હતી. સાત લોકોને ઈજા પહોંચતા સારવાર માટે ખસેડાયા હતાં.

સુરતના કામરેજમાંમાં ચાર વાહનોની અંદરો અંદર ટક્કરતા ભયંકર અકસ્માત સર્જાયો હતો. જેમાં એકનું મોત થયું છે અને બેને ઇજા પહોચી છે. અહીં પોલીસ વાન સહિત ચાર ચાર વાહનોએ ટક્કર મારતા બે પોલીસકર્મીને ઈજા પહોંચી હતી જેને સારવાર હોસ્પિટલ લઇ જવાયા હતા. અકસ્માતમાં એક વાહન ચાલકનું મોત મૃત્યુ થયું છે. અકસ્માત બાદ ટ્રેલર ચાલક ફરાર થઇ ગયો હતો. રાજસ્થાન પાસીંગ ટ્રકે કહેર વર્તાવ્યો હતો.

ઊંઝા-સિદ્ધપુર હાઈવે પર ખાનગી બસ, ટ્રેલર વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં બે લોકોના મોત, ૧૭ લોકો ઘાયલ થયા છે. બાલોતરાથી સુરત જતી ખાનગી બસને અકસ્માત નડ્યો છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા છે.

સુરતના પાલનપુર જકાતનાકા પાસે ભયંકર અકસ્માત સર્જાયો હતો બેફામ ટ્રકે યુવકને કચડી નાખતા ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત સર્જાયું હતું. મૃતક રાત્રીના સમયે ટ્રકના ટાયર નીચે સૂતો હતો.વહેલી સવારે ટ્રક ચાલકે ટ્રક ચાલુ કરી રિવર્સ લેતા યુવક કચડાયો હતો. ટ્રકનું વ્હીલ યુવકના માથા પર ફરી વળતા ઘટનાસ્થળે જ મોત થયું હતું. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મહેસાણામાં રોડ અકસ્માતમાં બેના મોત થયા છે. લકઝરી અને ટ્રેલર વચ્ચે અકસ્માત સર્જાયો હતો.અકસ્માતમાં ૧૫થી વધુને ઈજા પહોંચી હતી. બસ રાજસ્થાનથી સુરત તરફ જઈ રહી હતી.

### DGP વિકાસ સહાય જૂનમાં થશે વયનિવૃત્ત

# રાજ્ય પોલીસ વડાની રેસમાં IPS અધિકારી ડો.કે.એલ.એન.રાવ મોખરે

## સિનિયોરીટી મુજબ શમશેરસિંહ લાયક પરંતુ તેઓ દિલ્હીમાં ડેપ્યુટેશન પર : બદલીઓ પણ અધ્ધરતાલ



**સમય મિરર । ગાંધીનગર**

ગુજરાત રાજ્ય પોલીસનાં વડા વિકાસ સહાય નિવૃત થવાના છે ત્યારે આગામી DGP કોણ બનશે તેના પર સૌની નજર ટકી છે. સિનિયોરિટી પ્રમાણે IPS શમશેરસિંહ લાયક ગણાઈ રહ્યાં છે, પરંતુ તેઓ આવતા વર્ષ વયનિવૃત થાય તેમ છે, હાલ તેઓ દિલ્હી ડેપ્યુટેશન પર છે.

પોલીસબેડામાં ગણગણાટ થઈ રહ્યો છે કે IPS મનોજ અગ્રવાલ સિનિયર છે તેઓ સપ્ટેમ્બરમાં રિટાયર્ડ (Reired) થવાના છે. તેમના બાદ ઈંજ ડો. કે. લક્ષ્મી નારાયણ રાવ અને જ્ઞાનેન્દ્રસિંહ મલિકનાં નામો ચર્ચાઈ રહ્યાં છે. આ બંને અધિકારીઓ ૨૦૨૭ અને ૨૦૨૮માં અનુક્રમે રિટાયર્ડ થવાના છે, ત્યારે કોઈ અધિકારીનો લાંબો કાર્યકાળ ન દેખાતાં વિકાસ સહાયને એક્સટેન્શન આપવામાં આવે છે કે નહીં તે જોવાનું રહ્યું.

DGP વિકાસ સહાય ૧૯૮૯ બેચના IPS અધિકારી છે અને તેમને સરદાર વલ્લભભાઈ પટેલ રાષ્ટ્રીય પોલીસ એકેડેમી, હૈદરાબાદમાં તાલીમ આપવામાં આવી હતી. તેમણે ૧૯૯૮-૯૯ દરમિયાન બોસ્નિયા-હર્જેગોવિનામાં યુએન પીસ કીપિંગ મિશનના તમામ મહત્વપૂર્ણ કાર્યો સંભાળ્યા હતા. મિશન પછી, DGP સહાયે પોલીસ વિભાગમાં અનેક મહત્વપૂર્ણ પદો સંભાળ્યા છે જેમ કે ૧૯૯૯માં SP આનંદ, ૨૦૦૧માં SP અમદાવાદ રૂરલ, ૨૦૦૨માં અમદાવાદ શહેરના DCP ઝોન II અને III, ૨૦૦૪માં અમદાવાદ શહેરના DCP ટ્રાફિક, ૨૦૦૫માં અમદાવાદ શહેરના વધારાના CP ટ્રાફિક, ૨૦૦૭માં સુરત શહેરના વધારાના CP રેન્જ I, ૨૦૦૮માં સુરત શહેરનું જોઈન્ટ CP રેન્જ ઈ, ૨૦૦૯માં IG સિક્યુરિટી અને ૨૦૧૦માં IG CID અને ઈન્ટેલિજન્સ બ્યુરોમાં ફરજ બજાવી હતી.

તેમની કારકિર્દીમાં સૌથી મહત્વપૂર્ણ વળાંક ત્યારે આવ્યો જ્યારે તેમને દેશની પ્રથમ પોલીસ યુનિવર્સિટી, રક્ષા શક્તિ યુનિવર્સિટી ની સ્થાપના માટે પસંદ કરવામાં આવ્યા, જે ગુજરાત સરકારનો મુખ્ય પ્રોજેક્ટ હતો. તેમણે ૨૦૧૦ માં ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ તરીકે યુનિવર્સિટીની સફળ સ્થાપનામાં ખૂબ જ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું અને ૨૦૧૬ સુધી આ પદ પર કામ કરતા રહ્યા, જ્યારે તેમને રક્ષા શક્તિ યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલના ઉચ્ચ પદ પર બઢતી આપવામાં આવી. તેમના નેતૃત્વ હેઠળ, યુનિવર્સિટીએ આંતરિક સુરક્ષા શિક્ષણ અને સંશોધનમાં મહત્વપૂર્ણ સ્થાન મેળવ્યું છે.

તેઓ મેરીટોરીયસ સર્વિસ માટે રાષ્ટ્રપતિ પોલીસ મેડલ અને વિશિષ્ટ સેવા માટે ખૂબ જ પ્રતિષ્ઠિત રાષ્ટ્રપતિ પોલીસ મેડલ પ્રાપ્ત કરી ચૂક્યા છે. હાલમાં, તેઓ પોલીસ તાલીમના અધિક મહાનિર્દેશક અને રક્ષા શક્તિ યુનિવર્સિટીના મહાનિર્દેશક તરીકે સેવા આપી રહ્યા છે.

### ઉચ્ચ પોલીસ અધિકારીઓની બદલીને રાજકીય ગ્રહણ

છેલ્લા ઘણાં સમયથી પોલીસ વિભાગમાં અધિકારીઓની બદલીની પ્રક્રિયા પાછી ઠેલાતી જાય છે. આઈબી અને ક્રાઇમ બ્રાન્ચ જેવી અનેક સંખ્યાબંધ જગ્યાઓ ખાલી પડી છે. સચિવાલયમાં એવું ચર્ચાઈ રહ્યું છે કે, ગૃહ વિભાગમાં બદલીઓ તો ઠીક ૧૫ જેટલા એસપી કક્ષાના અધિકારીઓને પોસ્ટિંગ આપવાનું બાકી છે.

### પાંચ પ્રમોટી ડીઆઈજીનું પોસ્ટિંગ પણ પેન્ડિંગ

ચર્ચાઈ રહ્યું છે કે જ્યારે પણ પોલીસની બદલીઓ થશે ત્યારે તેની યાદીમાં ૪૦થી વધુ આઈપીએસ અધિકારીઓ હોઈ શકે છે, કારણકે જે અધિકારીને એક જ જગ્યાએ ૩ વર્ષ પૂરાં થયાં છે તેમને પણ બદલવામાં આવી શકે છે. રાજ્યમાં જેમ આઈએએસની બદલીઓ ટલ્લે ચઢી છે તેમ પોલીસની બદલીઓ પણ વિલંબિત થતી જાય છે.

# ધોરાજીમાં આહિર સમાજના અગ્રણીના ઘરની મુલાકાત લેતાં કેન્દ્રીયમંત્રી માંડવિયા

## શહેરના વિકાસ અંગે વિવિધ મુદે ચર્ચા-વિચારણા કરાઈ

**સમય મિરર । ધોરાજી**



ધોરાજી આહિર અગ્રણી લખમણભાઈ વસરાના નિવાસ સ્થાને કેન્દ્રીય કેબીનેટ મંત્રી મનસુખભાઈ માંડવિયાએ શુભેચ્છા આપી મનસુખભાઈનું અભીવાદન કરાયું.

ધોરાજી આહિર અગ્રણી ભામાશા, સમાજની પ્રવૃતિમાં હર હમેશ અગ્રેસર લખમણભાઈ વસરાના નિવાસ સ્થાને કેન્દ્રીય કેબીનેટ મંત્રી મનસુખભાઈ માંડવિયાએ શુભેચ્છા મુલાકાત કરેલ હતી.

આ તકે લખમણભાઈ વસરા અને મનસુખભાઈ માંડવિયાએ ચર્ચા વિચારણા કરેલ હતી.

આ તકે હિરેનભાઈ વસરા, પ્રવિણભાઈ લાખાણી, હિતેષ ડાંગર, યુવરાજ વસરા દ્વારા મનસુખભાઈ માંડવિયાને મોમેન્ટો આપી સન્માનિત કરેલ હતાં.

આ તકે ધારાસભ્ય પાડલિયા શહેર ભાજપ પ્રમુખ શૈક્ષણિક વાગડિયા ભાજપ અગ્રણી વિમલભાઈ કોયાણી, મહામંત્રી જેન્તીભાઈ કોયાણી, દિલીપભાઈ ચાવડા, જયસુખભાઈ ઠેશિયા, વીનુભાઈ માથુકિયા, રવી માકડિયા, દિલીપભાઈ જલુ, મયુર ચાવડા, સહિતના લોકો હાજર રહેલ હતાં.

# કોડીનારના રીક્ષા ડ્રાઈવરો દ્વારા વિવિધ ધાર્મિક પ્રસંગો ઉજવાયા

## પાવળીયા દાદાના મંદિરે કથા, મહાપ્રસાદ યોજાયો





**સમય મિરર । કોડીનાર**

ધામળેજ-કોડીનાર રૂટના છકડા રીક્ષા ડ્રાઈવરો દ્વારા પાવળીયા દાદાના મંદિરે કથા અને મહાપ્રસાદનું ભવ્ય આયોજન આજે ધામળેજ-કોડીનાર રૂટ પર ચાલતા તમામ છકડો રીક્ષા ડ્રાઈવરો દ્વારા પાવળીયા દાદાના મંદિરે ધાર્મિક કથા તથા મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. સવારથી જ તમામ ડ્રાઈવરોએ પોતપોતાનું કામ ધંધા બંધ રાખી ભક્તિમાં જોડાવાનો નિર્ણય લીધો હતો. રીક્ષાઓ આખો દિવસ બંધ રહી અને તમામ ડ્રાઈવરો મહિમા કરતા પાવળીયા દાદાની ભક્તિમાં તનમનથી જોડાઈ ગયા હતા. આ પવિત્ર કાર્યક્રમમાં મોટી સંખ્યામા આસપાસના વિસ્તારમાં વાડી વિસ્તારમાં રહેતા ખેડૂતો અને રસ્તા પરથી પસાર થતાં લોકો હાજર રહ્યા અને મહાપ્રસાદનો લાભ લીધો હતો. આ રુટ ઉપર ચાલતા તમામ રીક્ષા ચાલક દર વર્ષે આ પ્રકારનુ આયોજન કરે છે.

# સૌરાષ્ટ્રમાં આ વર્ષે ઉનાળુ પાકનું ૩.૪૮ લાખ હેક્ટરમાં વાવેતર

## બાજરાની ૨૯,૨૦૦ હેક્ટરમાં વાવણી થઈ

**સમય મિરર । ભાવનગર**



ભાવનગર જિલ્લામાં ઉનાળુ વાવેતર આ વર્ષે ૫૪ હજાર હેકટરમાં થયું છે જે સમગ્ર સૌરાષ્ટ્રમાં આવેલા ૧૧ જિલ્લામાં ત્રીજા ક્રમે છે. આ વર્ષે સમગ્ર સૌરાષ્ટ્રમાં ઉનાળુ વાવેતરમાં ૬૪,૦૦૦ હેકટર સાથે જૂનાગઢ જિલ્લો પ્રથમ ક્રમે છે. જ્યારે દેવભૂમિ દ્વારકામાં સૌથી ઓછું ૧૨,૪૦૦ હેકટર જમીનમાં ઉનાળુ વાવેતર ગયું છે. સમગ્ર સૌરાષ્ટ્રમાં બાજરાનું કુલ વાવેતર ૨૯,૨૦૦ હેકટરમાં થયું છે. તે પૈકી એકલા જિલ્લામાં ૯૪૦૦ હેકટર એટલે કે ટકાવારીની દ્રષ્ટિએ ૩૨.૧૯ ટકા બાજરાનું વાવેતર એકલા ભાવનગર જિલ્લામાં થયું છે. ઉનાળુ મગફળીના વાવેતરમાં પણ ભાવનગર આગેકૂચ કરી રહ્યો છે. સમગ્ર સૌરાષ્ટ્રમાં આ વર્ષે ઉનાળુ પાકનું કુલ વાવેતર ૩,૪૮,૧૦૦ હેકટરમાં થયું છે. આ વર્ષે ડુંગળી, મગફળી,તલ-બાજરીનું વાવેતર થયું. આ વર્ષે સારા સંજોગો ઉનાળુ પાકનું સુખદ ચિત્ર સર્જાયું છે.

સૌરાષ્ટ્રમાં જિલ્લામાં સુરેન્દ્રનગર ૩૩,૦૦૦ હેકટર રાજકોટ ૨૦,૬૦૦ હેકટર, જામનગર ૧૩,૪૦૦ હેકટર, પોરબંદર ૨૩,૪૦૦ હેકટર, જૂનાગઢ ૬૪,૦૦૦ હેકટર, અમરેલી ૩૮,૩૦૦ હેકટર, ભાવનગર ૫૪,૦૦૦ હેકટર, મોરબી ૨૧,૭૦૦ હેકટર, બોટાદ ૧૨,૭૦૦ હેકટર, ગીર સોમનાથ ૫૪,૬૦૦ હેકટર અને દેવભૂમિ દ્વારકામાં ૧૨,૪૦૦ હેકટરમાં વાવેતર થયું છે.

# મંત્રી મંડળના વિસ્તરણની ચર્ચા શરૂ થતાં મિનિસ્ટરો અંતે લાગી ગયા કામે

### પરફોર્મન્સ સુધારવાની હોડ જામી : ચેમ્બરોમાં વધુ સમય બેસવા લાગ્યા, કામની સ્પીડ વધી

**સમય મિરર । અમદાવાદ**



ગુજરાતના રાજકારણમાં મોટી ઉથલપાથલ મચી રહી છે. ગુજરાતમાં ત્રણ પોલિટિકલ પાર્ટીઓ એક્ટિવ થઈ ગઈ છે. કોંગ્રેસ અને આપના એક્ટિવ થવાથી ભાજપમાં પણ પરિવર્તનના ભણકારા વાગી રહ્યાં છે. ભાજપમાં પરિવર્તનના વાયરા ફૂંકાયા છે. ત્યારે ગમે તે ઘડીએ દિલ્હીથી પરિવર્તનનું બ્રહ્માસ્ત્ર છુટી શકે છે. આ વચ્ચે ગાંધીનગરમાં મોટી હલચલ થઈ છે. અચાનક મંત્રીઓના કામ કરવાની સ્પીડ વધી ગઈ છે. એટલું જ નહિ, આ સ્પીડ વચ્ચે બે મંત્રીઓ વચ્ચે તું તું મેં મેં થઈ હોવાના પણ અહેવાલ છે.

ભાજપ પ્રદેશ પ્રમુખ અને ગુજરાતમાં મંત્રીમંડળના વિસ્તરણની ચર્ચા વચ્ચે ગાંધીનગરમાં દોડધામ મચી છે. મંત્રીઓના કામમાં અચાનક સ્પીડ આવી ગઈ છે. કેટલાક અધિકારીઓની કામ કરવાની સ્પીડ વધી ગઈ છે. ગમે ત્યારે ઉપરથી ફરમાન આવે તે પહેલા પોતાના કામકાજ નિપટાવી દેવાના પ્રયાસોમાં હાલ બધા લાગ્યા છે.

મંત્રીમંડળનું વિસ્તરણ થાય ત્યારે ૮થી ૧૦ મંત્રીઓને પડતા મૂકાય તેવી ચર્ચા ચાલી રહી છે. જેને લઈને જે મંત્રીઓને પોતાની હકાલપટ્ટી થશે એવો ડર છે. તેથી પોતાની કેટલીક ફાઈલો અને મહત્વના કાગળોની સાફ સફાઈ કરવાનું કામ આ મંત્રીઓએ વધાર્યું છે. આંતરિક ચર્ચા મુજબ, સામાન્ય રીતે મંત્રીઓ સોમ, મંગળ અને બુધવાર સુધી જ સ્વર્ણિમ સંકુલ-૧માં પોતાના કાર્યાલયમાં રોકાતા હોય છે. ઉપરાંત સોમવારે મોટાભાગે ૧૨ વાગ્યાની આસપાસ આવતા હોય છે. પરંતુ બે અઠવાડીયાથી ઘણા મંત્રીઓ સવારના ૧૦ વાગ્યે હાજર થઈ જતા હોય છે. એટલું જ નહીં, ગુરૂ અને શુક્રવારે પણ મોડી સાંજ સુધી પોતાના કાર્યાલયમાં કામ કરતા જોઈ શકાય છે.એકવાર મંત્રીપદ ગયું તો કામ લટકી જશે, તેવા ડરથી મંત્રીઓએ છેલ્લા બે અઠવાડિયાથી વહેલા આવીને મોડા સુધી રોકાવાનું નક્કી કર્યું છે. ગાંધીનગરની ઓફિસોમાં ફટાફટ કામ પતી રહ્યાં છે.

ગાંધીનગરમાં એક ચર્ચાને કારણે કાનાફૂસી શરૂ થઈ ગઈ છે. મુખ્યમંત્રીની કેબિનેટ બેઠકમાં બે મંત્રીઓ આમનેસામને આવી ગયા હતા. આ મારું સાંભળતો નથી... તેવા સૂર સાથે એક મંત્રીએ બીજા મંત્રી પર બળાપો ઠાલવ્યો હતો. વાત વણસે તે પહેલા એક મંત્રીએ મધ્યસ્થી કરને મામલો થાળો પાડ્યો હતો તેવું જાણવા મળ્યું છે. હવે જોવું એ રહ્યું કે, કેબિનેટ ફેરબદલની જાહેરાત થશે તો કોણ કપાશે અને કોણ રહી જશે. પર્ફોમન્સ નબળું હોય તેવા નેતાઓના ખાતા બદલવા અંગે પણ નિર્ણયો લેવાઈ શકે છે.

# કોડીનારના ઘાંટવડ ગામે એકતાનાં દર્શન કરાવતો હિન્દુ-મુસ્લિમ સમાજ

## કથામાં રૂા. ૫૧૦૦નું અનુદાન, વકતાનું સન્માન



**સમય મિરર । કોડીનાર**

સમગ્ર દેશમાં જયારે જાતિ વિગ્રહ અને જાતિવાદી માનસિકતાનો પડકાર ઠેર ઠેર જોવા મળી રહ્યો છે ત્યારે કોડીનારના ઘાંટવડ ગામે હિન્દુ મુસ્લીમ એકતાનું જવલંત ઉદાહરણ જોવા મળ્યું છે બનાવની વિગત અનુસાર કોડીનાર નાં ઘાંટવડ ગામ માં ચંદ્રમોલેશ્વર મહાદેવનાં સાનિધ્યમાં આઠ દિવસ જેમકે ૧૩ તારીખ થી ૨૦ તારીખ સુધી ત્રણ ગામ આયોજીત જેમકે ઘાટવડ નગડલા અને સુગાળા નાં આગેવાનો અને સ્વયંસેવકો દ્વારા સપ્તાહ આયોજન કરવામાં આવ્યું હતું આ આયોજન માં તમામ સમાજ નાં લોકો ઉપસ્થિત રહ્યા હતા જેમાં ઘાટવડ મુસ્લિમ સમાજ પણ પાછળ રહ્યો ન હતો આજે ઘાંટવડ સમસ્ત મુસ્લીમ સમાજ ના આગેવાનો અને યુવાનો દ્વારા વ્યાસપીઠ ઉપર બેસેલા વક્તા રાધે ક્રિષ્ના બાપુ ને ફૂલહાર પહેરાવીને સન્માન કરી ચાલ ઓઢાડવા માં આવી હતી અને મુસ્લીમ સમાજ દ્વારા ૫૧૦૦ રૂપિયાનું દાન અર્પણ કરાયું હતું.

# કોડીનારમાં લોખંડના ચોરાઉ ભંગાર સાથે તાલાળાનો એક શખ્સ ઝડપાયો

## પોલીસે રૂા. ૯૦ હજારથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો

**સમય મિરર । કોડીનાર**



કોડીનાર પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર એન.આર.પટેલના માર્ગદર્શન હેઠળ કોડીનાર પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફની અલગ અલગ ટીમો બનાવી ચોર મુદામાલની તપાસમાં હતા તે દરમ્યાન કોડીનાર ઉના બાયપાસ રોડ ઉપર વડનગર ચોકડી પાસે પહોચતા બાતમી રાહે હકિકત મળેલ કે, એક ઇસમ છકડો રીક્ષામાં શંકાસ્પદ લોખંડના ભંગારનો જથ્થો ભરી અંબુજા કોરીડોર તરફથી વડનગર ચોકડી તરફ આવે છે જે હકિકત આધારે વડનગર ચોકડી પાસે છકડો રીક્ષાની વોચમાં હતા તે દરમ્યાન એક ઇસમ છકડો રીક્ષામાં લોખંડના ભંગારનો જથ્થો ભરી આવતા રોકી રીક્ષામાં તપાસ કરતા ઉપરોક્ત ગુન્હાના કામે ચોરીમાં ગયેલ મુદ્દામાલ હોય જેથી રીક્ષા ચાલક રણજીતભાઇ મનુભાઇ સોલંકી ઉ.વ.૨૨ ધંધો-ભંગારનો રહે. તાલાળા ગામ ઠે.નર્સંગ ટેકરી પાસે તા.તાલાળા જી.ગીરસોમનાથ વાળા સામે ધોરણસર કાર્યવાહી કરી અટક કરવામાં આવેલ છે.

રણજીતભાઇ મનુભાઇ સોલંકી ઉ.વ.૨૨ ધંધો-ભંગાર વાળા પાસેથી લોખંડના કલીંકર ક્રશર હેમર નંગ-૦૪ રૂ.૧૦,૮૦૦ પતરાની સીટના કટીંગ કરેલ ટુકડાઓ રૂ.૧૦,૮૦૦ લોખંડનો ભંગાર રૂ.૮,૫૦૦ નંગ-૦૭ રૂ.૯,૧૦૦/- લોખંડનુ ગોળ વ્હિલ નંગ-૦૧ રૂ.૧૫૦૦ લોખંડના કલીંકર ક્રશર હેમર નંગ-૦૪ રૂ.૧૦,૮૦૦ પતરાની સીટના કટીંગ કરેલ ટુકડાઓ રૂા. ૧૦.૮૦૦ લોખંડનો ભંગાર રૂ.૮,૫૦૦ ગ્રીલા નંગ ૭ રૂા. ૧૫૦૦ અને વાલ્વ બંધ ખોલ કરવાનુ લોખંડનુ ગોળ વ્હિલ નંગ-૦૧ જેની કિ. રૂ.૧૫૦૦ ચોર મુદામાલની હેરાફેરીમા ઉપયોગમાં લીધેલ છકડો રીક્ષા જેની કિ.રૂ.૪૦,૦૦૦ કબ્જે કરેલ છે.

# રાજ્યના ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ વિભાગના કર્મચારીઓની બદલી-બઢતી

## ૨૫ને પ્રમોશન અપાયા અને ૩૩ની ટ્રાન્સફર




**સમય મિરર । ગાંધીનગર**

રાજ્ય સરકારના ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ વિભાગમાં કર્મચારીઓની બઢતી અને બદલી કરવામાં આવી છે. જેમાં ૨૫ કર્મચારીઓને બઢતી આપવામાં આવી છે. જ્યારે ૩૩ જેટલા ક્લાર્કની આંતરિક બદલી કરવામાં આવી છે. આ બદલીઓ વહીવટી કારણોસર અને કર્મચારીઓના કાર્યસ્થળમાં ફેરફારના હેતુથી કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

રાજ્યમાં ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ કમિશનર હસ્તકની જુનિયર ક્લાર્ક (વર્ગ-૩) સંવર્ગમાં ફરજ બજાવતા ૨૫ કર્મચારીઓને સિનિયર ક્લાર્કમાં બઢતી આપવામાં આવી છે. જ્યારે ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ વિભાગમાં સિનિયર ક્લાર્કમાં ભરજ બજાવતા ૩૩ કર્મચારીઓની બદલી કરવામાં આવી છે. વહીવટી સરળતા અને કાર્યક્ષમતા વધારવા માટે વિભાગ દ્વારા આ પ્રકારનો નિર્ણય લેવાયો છે. ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ વિભાગમાં થયેલી આ બઢતી અને બદલીના કારણે વિભાગના કાર્યભારમાં વધુ સરળતા આવશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

# જોખમી નિર્ણય : STની ઘટ પૂરી કરવા કરારી ડ્રાઈવરો ભરતી કરાશે

## લાંબા અંતર કે એક્સપ્રેસની કામગીરી નહી સોંપાય

**સમય મિરર । અમદાવાદ**



ગુજરાત એસ ટી ડેપોમાં ડ્રાઇવરોને ઘટને પુરવા માટે કાયમી ડ્રાઇવરની ભરતીને હજુ સમય લાગી શકે છે. ત્યારે એસ ટી નિગમે છ માસ માટે કરાર આધારીત માસિક ફિકસ વેતન ઉપર હંગામી ધોરણે ડ્રાઇવરોને ભરતી કરવામાં આવશે. ડ્રાઇવરોની ભરતી માટે જે ઉમેદવાર પાસે આરટીઓ માન્ય લાયસન્સ અને બેઝવાળા ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે. ઉપરાંત કરાર આધારીત ડ્રાઇવરોને વિધાર્થીઓ, મેટ્રોલીંક સહિતના રૂટમાં ફરજ સોંપાશે. લાંબા અંતરના એકસપ્રેસ રૂટો કે આંતરજ્યના રૂટો ઉપર કામગીરી સોંપવામાં આવશે નહીં.

ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા રાજ્ય ભરના ડેપોમાં ડ્રાઇવરની ઘટને સરભર કરવા માટે નિગમ દ્વારા હાલમાં ડ્રાઇવરોની ભરતીની કામગીરી કરવામાં આવી રહી છે. ત્યારે આગામી ઉનાળા વેકેશનમાં મન ફાવે ત્યાં ફરો યોજના શરૂ કરવામાં આવી છે. તેની સામે રાજયભરના ડેપોમાં ડ્રાઇવરોની ઘટ હોવાથી તેની અસર ટ્રાન્સપોર્ટેશન સુવિધા ઉપર અસર થાય તેવી શકયતા રહેલી છે. ત્યારે ડ્રાઇવરોની અછતના કારણે મન ફાવે ત્યાં ફરો યોજનાની ઉપર તેની અસર થાય નહી તેના માટે એસ ટી નિગમે કરાર આધારીત હંગામી ધોરણે છ માસ માટે ડ્રાઇવરોની ભરતી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમાં આરટીઓ માન્ય ડ્રાઇવીંગ લાયસન્સ તેમજ બેઝ ધરાવતા ઉમેદવારોની પસંદગી કરવામાં આવશે.

તદન હંગામી ધોરણે કરાર આધારીત ભરતી કરવામાં આવનાર ડ્રાઇવરોએ નિયત કરેલા યુનિફોર્મ સાથે જ ફરજ બજાવવાની રહેશે. ડ્યુટી ઉપર હાજર થનાર કરાર આધારીત ડ્રાઇવરોની પાસે લાયસન્સ અને બેઝની ફરજિયાત ચકાસણી કરવાની રહેશે. વધુમાં કરાર આધારીત ડ્રાઇવરોને ડેપોના લોકલ રૂટ, વિધાર્થીઓવાળા રૂટો અને મેટ્રોલીંકવાળા રૂટો ઉપર જ ડ્યુટી સોંપવાની રહેશે. જો કરાર આધારીત ડ્રાઇવરોને લાંબા અંતરના એકસપ્રેસ રૂટો કે આંતરરાજયના રૂટો ઉપર કરાર આધારીત ડ્રાઇવરોને છુટી સોંપવાની રહેશે નહી.

# કેશોદના ડોક મરડી ચોકડી નજીક ચાર અબોલ પશુને લઈ જતાં બે શખ્સો ઝડપાયા

## બોલેરો સહિતનો મુદ્દામાલ જપ્ત કરાયો : સક્કરબાગ લઈ ગયા બાદ પરત લાવતા

**સમય મિરર | કેશોદ**






કેશોદના ડોક મરડી ચોકડી માંગરોળ રોડ પર જુનાગઢ તરફથી આવતાં પીકઅપ બોલેરો જીપ રજીસ્ટ્રેશન નંબર જીજે-૧૧- વી વી-૨૧૪૬ પાછળના ભાગમાં ચાર ભેંસો ટુકુ દોરડું બાંધી પીવાના પાણીની કે ઘાસચારો મળી રહે એવી સ્થિતિમાં ન હોય ક્રૂરતાપૂર્વક બાંધી હેરફેર કરતાં બે ઈસમો વિરુદ્ધ કેશોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધવામાં આવી છે.

કેશોદ પોલીસ સ્ટેશન ના એએસઆઈ પી જી કોડિયાતર દ્વારા પંચો રૂબરૂમાં પીકઅપ બોલેરો જીપ રજીસ્ટ્રેશન નંબર જીજે-૧૧- વી વી-૨૧૪૬ ના ચાલકની પુછપરછ કરતાં સિરાજ સુલેમાનભાઈ ખાસદાર ઉમર વર્ષ ૨૩ રહેવાસી હુસેનાબાદ વાડી વિસ્તાર તાલુકો માંગરોળ જણાવ્યું હતું વધુ પુછપરછ કરતાં જણાવ્યું હતું કે માંગરોળ ખાતે ઈલ્યાસભાઈ યુસુફભાઈ નુણીયા ના તબેલામાં થી સવારે પાંચ વાગ્યે ભરીને જુનાગઢ સક્કરબાગ ખાતે લઈ ગયેલા જયાં ચારેય પશુઓ રીજેક્ટ થતાં પરત માંગરોળ મુકવા જઈ રહ્યાં હતાં. કેશોદ પોલીસ દ્વારા સક્ષમ અધિકારીની પરવાનગી માગતાં ન હોય પશુઓ પ્રત્યે ક્રૂરતા પ્રતિબંધ અધિનિયમ હેઠળ સિરાજ સુલેમાનભાઈ ખાસદાર અને હાજર નહીં મળી આવનાર ઈલ્યાસભાઈ યુસુફભાઈ નુણીયા વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. કેશોદ શહેરમાં મોડી રાત્રે પણ ચોક્કસ ટોળકીઓ દ્વારા બાઈકો દોડાવી રખડતાં ભટકતાં પશુઓને બાંધી વાહનો ભરી લઈ જવામાં આવે છે અને સક્રિયપણે ગેરકાયદેસર પશુઓ બાંધી ખાનગી વાહનોમાં ભરી હેરફેર કરવાનો ધિકતો ધંધો ચાલે છે અને આસપાસના રહીશો પુછપરછ કરે તો પોતાની માલિકી હોવાના ઉડાઉ જવાબ આપી દે છે.

કેશોદ શહેરમાં ચોક્કસ વાહનચાલકો પશુઓ ની હેરફેર કરવાનો જ વ્યવસાય કરે છે અને બહારના પોલીસ સ્ટેશન ના ચોપડે ચડેલાં છે ત્યારે આવા ઈસમો વિરુદ્ધ કડકાઈથી કાર્યવાહી કરવામાં આવે એવી જીવદયા પ્રેમીઓમાં માંગણી ઉઠવા પામી છે.

# માંગરોળના શીલ નજીકથી ચોખાની આડમાં છૂપાવેલ ૪૯૨ બોટલ દારૂ ૧૧૨ બિયર ટીનનો જથ્થો ઝડપાયો

**રૂ. ૨૧.૧૬ લાખનો મુદ્દામાલ પોલીસે જપ્ત કર્યો**

## જૂનાગઢના જામવાડી અને રાજસ્થાની શખ્સની અટકાયત, દરસાલીના બુટલેગરનું નામ ખુલ્યું

**સમય મિરર | માંગરોળ**





(તસવીર : યુસુફ ચુડલી-માંગરોળ)

ચોખાની બાચકા ની આડમાં છુપાવેલો વિદેશી દારૂ-બિયર ટ્રક મળી રૂપિયા ૨૧ લાખનો મુદ્દામાલ ઝડપાયો, બે આરોપીઓ ની ધરપકડ. શીલ પોલીસે દરસાલી ગામ નજીક મોટી કાર્યવાહી કરી છે. પોલીસે ચોખાના બોરાની આડમાં છુપાવેલો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ઝડપી પાડ્યો છે. મહિલા પીએસઆઇ એસ.એ.સોલંકી અને પોલીસ સ્ટાફે સરકારી ખરાબા વિસ્તારમાંથી એક ટ્રક સાથે બે આરોપીઓને પકડ્યા છે.ગઈકાલે રાત્રે ૧૧:૩૦ વાગ્યે મળેલી બાતમીના આધારે પોલીસે કાર્યવાહી કરી હતી. ટ્રક નંબર GJ-11-VV-3676 માથી ભારતીય બનાવટ નું ઇંગલિશ દારૂ અને બીયરનો જથ્થો મળ્યો હતો. પોલીસે કુલ રૂપિયા ૨૧,૧૬,૮૦૬નો મુદ્દામાલ કબજે કર્યો છે. જપ્ત કરાયેલા મુદ્દામાલમાં ૪૯૨ દારૂની બોટલ (૧,૯૪,૮૫૬), ૧૧૨ બિયર, મોબાઇલ ફોન, રોકડા ૩,૦૦૦, અને ૨૩૫ ચોખાના બાચકા તેમજ આઈસર ટ્રકનો સમાવેશ થાય છે.

પકડાયેલા આરોપીઓમાં જુનાગઢના જામવાડી ગામના રીઝવાન ઉમરભાઈ લાખા (૨૫) અને ઈરફાનશા રફીકશા સર્વદી (૨૦)નો સમાવેશ થાય છે. પૂછપરછમાં જાણવા મળ્યું કે દારૂનો જથ્થો રાજસ્થાનના ફતેહપુરથી લવાયો હતો. આ જથ્થો દરસાલી ગામના મેહુલ રબારીને પહોંચાડવાનો હતો.

શીલ પોલીસે આરોપીઓ વિરુદ્ધ કાનૂની કાર્યવાહી શરૂ કરી છે. સાથે જ અન્ય આરોપીઓની શોધખોળ માટે તપાસ હાથ ધરી છે.

# કોડીનારના ઘેડીયા કોળી સમાજ ટ્રસ્ટ દ્વારા પુસ્તક વિતરણ કરાયું

## વિદ્યાર્થીઓને કારકિર્દી લક્ષી માર્ગદર્શાન અપાયું

**સમય મિરર | કોડીનાર**



સમસ્ત કોડીનાર તાલુકા કોળી સમાજ સંચાલિત અખીલ ભારતીય કોડીનાર તાલુકા ઘેડીયા કોળી સમાજ કોડીનાર -ટ્રસ્ટ દ્વારા સૌપ્રથમવાર પુસ્તક વિતરણ તેમજ માર્ગદર્શન સેમીનાર યોજાયો.

કોડીનાર તાલુકાના કોળી સમાજના જે વિધાર્થીઓ એ પોલીસ ભરતીનું ગ્રાઉન્ડ પાસ કરેલ હોય તેમની લેખીત પરીક્ષા ની તૈયારી માટે ફ્રીમાં પુસ્તક વિતરણ તેમજ માર્ગદર્શન સેમીનાર તેમજ ઓબીસી વર્ગીકરણ અંગે બેઠક આજે કોડીનાર ખાતે મળી હતી જેમા અખીલ ભારતીય કોડીનાર તાલુકા ઘેડીયા કોળી સમાજ કોડીનાર -ટ્રસ્ટ ના હોદેદારો, પ્રમુખ અરસીભાઈ સોલંકી, મંત્રી ધીરુભાઈ વંશ, ખજાનચી પાલાભાઈ બાંભણીયા, ભીખુભાઈ બારૈયા, રાજેશભાઈ બાંભણીયા, કોડીનાર તાલુકા કોળી કર્મચારી મંડળ પ્રમુખ નિરવભાઈ જેઠવા, તાલુકા પંચાયત સભ્ય અશ્વિનભાઈ ચુડાસમા, તેમજ ધીરુભાઈ મોરાસીયા, ભીખુભાઈ કામળીયા, સહિત કોળી સમાજ મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા

# વૈદિક સંસ્કૃતિને દાયકાઓથી આર્ય સમાજે જીવંત અને મજબુત રાખી : જમનભાઈ વિઠ્ઠલાણી

**પોરબંદર આર્ય સમાજ ખાતે દાતાનો અભિવાદન સમારોહ યોજાયો**

**સમય મિરર | ગોસા(ઘેડ)**



પોરબંદર એમ.જી રોડ પર આવેલ આર્ય સમાજ ખાતે દાતા જમન ભાઈ વિઠ્ઠલાણી ના અભિવાદન ના કાર્યક્રમનું કરવામાં આવ્યું હતું.

દાતાના અભિવાદનના કાર્યક્રમમાં પ્રારંભે આર્ય સમાજના પ્રમુખ ધનજીભાઈ આર્યએ જણાવ્યું હતું કે પોરબંદર આર્ય સમાજ ખાતે વિવિધ દાતાઓના સાથ સહકાર થકી મળખાગત આધુનિક બિલ્ડીંગમાં સુવિધાઓનું નિર્માણ કરવામાં આવેલ છે. તેમાં જે કોઈ દાતાઓ એ સાથ સહકાર આપેલ તે તમામ દાતાઓને બિરદાવેલ. આર્ય સમાજ ના મંત્રી કાંતિભાઈ જુંગીવાલા એ સેવાકર્મી આર્ય સમાજ ના પ્રમુખ ધનજીભાઈ આર્યના રાહબળ હેઠળ ત્રણ દાયકાઓમાં આર્ય સમાજે ખુબ વિકાસ કર્યો છે. તેઓ સતત વૈદિક સંસ્કૃતિનો વિકાસ કરવા ખાસ કરી ને આજની યુવા પેઢી એવાં વિદ્યાર્થી ઓ, મહિલાનો વિકાસ થાય તે માટે પ્રાથમિક શાળા, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક અને કોલેજના છાત્રો માટે સતત ચિંતા સેવી સંસ્કાર ઘડતર થાય તે માટેના પ્રયાસો સરાહનીય રહ્યા છે. આ અવસરે પોરબંદર ની ડો. વી. આર. ગોઢાણીયા બી. એડ. કોલેજના ડાયરેક્ટર ડો. ઈશ્વર ભાઈ ભરડા એ જણાવ્યું હતું કે દાતા જમનભાઈ વિઠ્ઠલાણી સ્વીડન હોવા છતાં પોરબંદર ના આર્ય સમાજ ની ચિંતા સેવી અને દાન આપે એ પોરબંદર માટે મોટી ઉપલબ્ધી ગણાવી હતી. આર્ય સમાજના ઋષિકુમાર વિકાસ શાસ્ત્રી એ વૈદિક મંત્રોચ્ચાર સાથે દાતાને આશીર્વાદ પાઠવ્યા હતાં. આ તકે આર્ય સમાજ ખાતે સમાજના ઋષિમુનિ સન્યાસી ઓ, વિદ્વાનો માટે અતિથિગૃહના ત્રણ રૂમો તૈયાર કરવામાં આવેલ છે જેમાં પોરબંદર ના સ્વીડનવાસી દાતા જમનભાઈ વિઠ્ઠલાણી તરફથી રૂ.૨,૫૧૦૦૦(બેલાખ એકાવન હજાર )નું દાન શ્રીમતી મંજુલાબેન જમનભાઈ વિઠ્ઠલાણી ની સ્મૃતિમાં આપેલ છે. આથી આર્ય સમાજ ખાતે તાજેતર માં દાતા જમનભાઈ વિઠ્ઠલાણીનું અભિવાદન કરીને આર્ય સમાજના પ્રમુખ ધનજીભાઈ આર્યના હસ્તે આભાર પત્ર અર્પણ કર્યો હતો. આ આભાર પત્ર ના પરિભાવ આપતાં દાતા જમનભાઈ વિઠ્ઠલાણીએ જણાવ્યુ હતું કે આમાં આભાર ઈશ્વરનો માનવો જોઈએ કે અમોને લેવા માટે નહી પણ આપવા માટે સક્ષમ બનાવ્યા છે. આ પૃથ્વી પર ઈશ્વર એટલા માટે મોકલે છે કે અન્યના ભલામાં આપણુ ભલું છે. બીજાના કલ્યાણ માં ધન વપરાય તેમાજ જીવનની સાર્થકતા છે. આભાર પત્ર સ્વીકાર સમયે આર્ય સમાજ પ્રમુખ ધનજીભાઈ આર્ય મંત્રી કાંતિભાઈ જુંગીવાલા, ઉપ પ્રમુખ સુરેશભાઈ જુંગી, ઉપ મંત્રી હરનારાયણસિંહ, કોપાધ્યક્ષ દિલીપભાઈ જુંગી, પુસ્તકાલયક નાથાભાઈ લોઢારી, આર્ય અધિષ્ઠતા ગગનભાઈ કુહાડા, ડો. છોટુભાઈ સુરાણી,ડો. રવિભાઈ સુરાણી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.

# સાવરકુંડલાના અમરેલી રોડ પર સિંહને જોવા આખુ ગામ ગાંડુ થયું

## લોકોએ ફોટો, શુટીંગ ઉતાર્યા : વાહનો ઉભા રહી ગયા





**સમય મિરર | સાવરકુંડલા**

સાવરકુંડલાના અમરેલી રોડ પર બે નર સિંહો જોવા મળતા લોકોના ટોળા ઉમટી પડ્યા સાવરકુંડલા શહેરની હદમાં સિંહ જોવા વાહનો ઉભા રહી ગયા હતાં.

સાવરકુંડલા શહેરના અમરેલી રોડ પર આવેલ ગેઈટ પાસે કાળુભાઈ મકવાણાના કારખાનાની સામેની પડતર જગ્યામાં સાવરકુંડલા અમરેલી હાઈવે રોડ પર બે નર સિંહો બેસતા આસપાસના કારખાનાના કારીગરોની નજર સિંહ પર પડતા લોકોંએ શુટિંગ, ફોટા પાડી એક કલાક જેટલાં સમય સુધી સિહોને નિહાળ્યા હતા હાઈવે પરથી પસાર થતાં વાહનો અને રહેદારીઓ પણ પોતાના વાહનો ઉભા રાખીને ધોળા દિવસે સાવરકુંડલા શહેરમાં જ આ સિંહોને નિહાળ્યા હતા.

# સાવરકુંડલામાં વીરદાદા જસરાજ સેના ટ્રસ્ટ દ્વારા ધાર્મિક પ્રસંગની ઉજવણી

## રાંદલમાના લોટા ઉત્સવ અને જ્ઞાતિ ભોજન યોજાયું

**સમય મિરર | સાવરકુંડલા**





સાવરકુંડલા લોહાણા મહાજન વાડી ખાતે વીરદાદા જસરાજ સેના ટ્રસ્ટ સાવરકુંડલા દ્વારા રાંદલમાના લોટાનું ભવ્ય આયોજન. તેમજ રઘુવંશી સમૂહ જ્ઞાતિ ભોજનનું આયોજન થયું હતું.

સાવરકુંડલા લોહાણા મહાજન વાડી ખાતે વીરદાદા જસરાજ સેના ટ્રસ્ટ સાવરકુંડલા આયોજિત રાંદલમાના ૧૩૨ લોટાનું આયોજન તેમજ શ્રી રઘુવંશી સમૂહ જ્ઞાતિ ભોજનનું આયોજન લોહાણા મહાજન - સાવરકુંડલા પ્રેરિત વિરદાદા જસરાજ સેના ટ્રસ્ટ સાવરકુંડલા દ્વારા કરવામાં આવેલ. રાંદલ માતાજીના લોટાનું આયોજન સંપૂર્ણ વિધિવિધાન સાથે ખૂબ જ ભાવપૂર્ણ અને આસ્થા સાથે સંપન્ન થયેલ. જે લોકો પોતાના ઘરે રાંદલ માં ના લોટા ન તેડી શકે એવા ભાવિકોએ પોતાના યથાશક્તિ લોટા આ વિરદાદા જસરાજ સેના ટ્રસ્ટ સાવરકુંડલા દ્વારા આયોજિત રાંદલ માતાજીના લોટામાં પોતાના તરફથી આર્થિક યોગદાન આપ્યું હતું. આ પ્રસંગે સમગ રઘુવંશી સમાજ માટે જ્ઞાતિ સમૂહ ભોજન મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું.

આ પ્રસંગે સાવરકુંડલાના રઘુવંશી સમાજના આગેવાનો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતાં. આ પ્રસંગે રાંદલ માતાજીના આશીર્વાદ લેવા રઘુવંશી જ્ઞાતિના ભાવિકો ઉમટી પડ્યા હતાં પૂર્ણ ભાવ અને આસ્થા સાથે રાંદલમાના લોટાના દર્શન કરી ભાવિકો ધન્યતા અનુભવતાં જોવા મળેલ. સમગ્ર આયોજન લોહાણા મહાજન સાવરકુંડલાની પ્રેરણાથી વીરદાદા જસરાજ સેના ટ્રસ્ટ સાવરકુંડલા દ્વારા કરવામાં આવેલ.

**સ્વચ્છ ભારત મિશનના જાહેરમાં લીરેલીરા ઉડ્યા**

# ઉનાના દેલવાડા ગામે સ્વચ્છતાના અભાવે ચોતરફ ગંદકીના ગંજ ખડકાયા





**સમય મિરર | ઉના**

ઉના તાલુકા નાં દેલવાડા ગામે આવેલા ઝાંપા વિસ્તારમાં ગંદગી નાં ગંજ ખડકાયા છે જોવા જેવી તો મજા એ છે કે રોજ સવારે પાણી આવે એટલે ગટર ઉભરાઇ અને ત્યારબાદ ચારે કોર ગંદગી નાં ખડકાય ગંજ. સ્વચ્છતા ગ્રાન્ટ ક્યાં વપરાતી હશે ?? વસ્તી ગણતરી મુજબ ધારા ધોરણ દર મહિને સ્વચ્છતા ગ્રાન્ટ આપવામાં આવે છે આ ઊપરાંત વેરા વસૂલાત ની આવક ગ્રામપંચાયત ને મળતી હોવા છતાં સ્વચ્છ ભારત મિશન નાં ધજીયા ઊડી રહ્યા હોવાનાં દ્રષ્ય લોકો માટે શરમજનક સ્થિતિમાં મુકે છે આ બાબતે ગ્રામપંચાયત નું તંત્ર દ્વારા સફાઇ અભિયાન અંતર્ગત કામગીરી કરી લોકા નાં આરોગ્ય ની ચીંતા કરશે ખરા?

# અમરેલીના કલાકારના ચોરી થયેલ ઓરર્ગન શોધી પરત આપતી પોલીસ

## તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત કોડીનાર પોલીસની કાર્યવાહી

**સમય મિરર | કોડીનાર**



અરજદારનો ગુમ થયેલ ઓર્ગન (કેસીયો) તાત્કાલીક અસરથી શોધી કાઢી મુળ માલીકને પરત આપી પોલીસ પ્રજાનો મિત્ર સુત્રને કોડીનાર પોલીસે સાર્થક કર્યુ છે.

જુનાગઢ રેન્જ મ્હે.પોલીસ મહાનિરીક્ષક, નિલેશ જાંજડીયા તથા પોલીસ અધિક્ષક, મનોહરસિંહ જાડેજા તથા ઉના વિભાગીય નાયબ પોલીસ અધિક્ષક, એમ.એફ.ચૌધરીનાઓના દ્વારા ભીડભાડ વાળા વિસ્તારોમાં સતત પેટ્રોલીંગ રાખી જાહેર જનતાને તાત્કાલીક અસરથી મદદરૂપ થવા અને પોલીસ પ્રજાનો મિત્ર '' હોવાના સુત્ર ને સાર્થક કરવાની જરૂરી સુચના કરેલ છે. ઉપરોકત સુચના અનુસંધાને પોલીસ ઈન્સ્પેકટર, એન.આર.પટેલના માર્ગદર્શન હેઠળ કોડીનાર પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કોડના એ.એસ. આઈ.પ્રદિપસિંહ હરિસિંહ તથા પો.હેડ. કોન્સ.ઉદયસિંહ પ્રતાપભાઇ તથા વિવેકસિંહ નારણભાઇ તથા જસપાલસિંહ પ્રતાપભાઇ તથા પો. કોન્સ.સુરસિંહ રાયસિંહ તથા નંદીશસિંહ જેસીંગભાઇ તથા દોલુભાઇ મનુભાઇ તથા પૃથ્વીરાજસિંહ વિક્રમસિંહ એ રીતેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના પો.હેડ.કોન્સ.વિવેકસિંહ નારણભાઇ તથા પો.કોન્સ.સુરસિંહ રાયસિંહભાઇ ને મળેલ હકિકત આધારે અરજદાર, રૂત્વીકાભાઇ કિશોરભાઇ જાદવ રહે,સાવરકુંડા તા.અમરેલી વાળાનો ગુમ થયેલ ઓર્ગન (કેસીયો) કિ. રૂા.૮૦,૦૦૦/- નો શોધી કાઢી સદરહુ ઓર્ગન (કેસીયો) જે તે સ્થિતીમાં મુળ માલીકને પરત સોંપી આપી પ્રસંશનીય કામગીરી કરી પોલીસ પ્રજાનો મિત્ર '' હોવાના સુત્ર ને સાર્થક કરેલ છે.

# કેશોદમાં ભગવાન પરશુરામની પ્રતિમા મુકવા જગ્યાની ફાળવણી

## બ્રહ્મસમાજ દ્વારા પાલિકા પ્રમુખનું સન્માન કરાયું

**સમય મિરર | કેશોદ**



કેશોદ નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ગોંડલીયા એ સતાના સુત્રો સંભાળતા ની સાથે વિકાસના કામો સાથે સાથે સંસ્કૃતિ જાળવી રાખવા વિવિધ કાર્યો હાથ ધરવામાં આવતાં શહેરીજનો દ્વારા આવકારવામાં આવે છે. કેશોદ સમસ્ત બ્રહ્મસમાજ ના પ્રમુખ રાજુભાઈ પંડ્યા દ્વારા કેશોદ શહેરમાં ભગવાન પરશુરામ ની પ્રતિમા બેસાડવા જગ્યા ફાળવવા માંગણી કરતાં કેશોદ નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ગોંડલીયા દ્વારા હવેલી પાસે નિલકંઠ મંદિર તરફ જવાનાં ભગવાન પરશુરામ માર્ગ પર શ્રી વાઘેશ્વરી મંદિર સામે આવેલાં ડિવાઈડર ના પ્રારંભ માં જગ્યા ફાળવી ભગવાન પરશુરામ ની પુરા કદની પ્રતિમા તૈયાર કરવાનો તમામ ખર્ચ આપવાની સહમતિ આપી ઓર્ડર આપી દેવામાં આવ્યો છે આગામી અષાઢ માસના નવરાત્રી જુન માસના અંતમાં ભવ્ય અનાવરણ લોકાર્પણ કાર્યક્રમ યોજવામાં આવશે ત્યારે સમસ્ત બ્રહ્મસમાજ કેશોદ દ્વારા તેઓનું સન્માન અભિવાદન કરવા કેશોદ સમસ્ત બ્રહ્મસમાજ ના પ્રમુખ રાજુભાઈ પંડ્યા સહિત સૌ હોદેદારો પદાધિકારીઓ અને ભૂદેવો નગરપાલિકા કચેરીએ હર હર મહાદેવના નાદ્ સાથે સન્માન કર્યું હતું.

# ઉનાના કોબ ગામના બુટલેગરને વિદેશ દારૂની ૨૦૧ બોટલ સાથે ઝડપી લેવાયો

## બાઈક, મોબાઈલ સહિત રૂા. ૫૯ હજારનો મુદ્દામાલ જપ્ત કરતી કોડીનાર પોલીસ

**સમય મિરર | કોડીનાર**



ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ અલગ કંપનીની નાની મોટી બોટલો નંગ-૨૦૧ તથા મોટર સાયકલ નંગ-૦૧ તથા મોબાઇલ નંગ-૦૧ મળી કુલ કિ.રૂા.૫૯,૦૮૪/-નો પ્રોહીબીશનનો કેસ કોડીનાર સર્વેલન્સ સ્કોડે શોધી કાઢ્યા હતાં.

જુનાગઢ રેન્જ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા તથા ગીર સોમનાથ જીલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા તથા નાયબ પોલીસ અધિક્ષક ઉના વિભાગ એમ.એફ.ચૌધરી નાઓએ આગામી તા પ્રોહી-જુગારની અસામાજિક પ્રવૃતિ નેસ્તનાબુદ કરવા સખત સુચના આપવામાં આવેલ છે.

ઉપરોકત સુચના અનુસંધાને પોલીસ ઈન્સ્પેકટર, એન.આર.પટેલના માર્ગદર્શન હેઠળ કોડીનાર પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કોડના એ.એસ.આઈ.પ્રદિપસિંહ હરિસિંહ તથા પો.હેડ. કોન્સ.ઉદયસિંહ પ્રતાપભાઇ તથા વિવેકસિંહ નારણભાઇ તથા જસપાલસિંહ પ્રતાપભાઇ તથા પો.કોન્સ.સુરસિંહ રાયસિંહ તથા નંદીશસિંહ જેસીંગભાઇ તથા દોલુભાઇ મનુભાઇ તથા પૃથ્વીરાજસિંહ વિક્રમસિંહ એ રીતેના તા.૧૯/૦૪/૨૦૨૫ ના રોજ કલાક-૦૧/૦૦ વાગ્યાથી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના પો.હેડ.કોન્સ.જસપાલસિંહ પ્રતાપભાઇ તથા પો. કોન્સ.દોલુભાઇ મનુભાઇ તથા જીતેન્દ્રસિંહ જેઠાભાઇ ને મળેલ બાતમી આધારે હીરો કંપનીની કાળા કલરની હંક મોટર સાયકલ રજી.નંબર **GJ-37-A-6969** ના ચાલક પાસેથી ભારતીય બનાવટની વિદેશી દારૂની અલગ અલગ કંપનીની નાની મોટી કુલ બોટલ નંગ-૨૦૧ ની કુલ કિ. રૂા.૩૪,૦૮૪/-ગણી તથા મોટર સાયકલ નંગ-૦૧ ની કિ.રૂા.૨૦,૦૦૦/- ગણી તથા મોબાઇલ નંગ-૦૧ ની કિ.રૂા.૫,૦૦૦/-ગણી કુલ કિ. રૂા.૫૯,૦૮૪/-નો પ્રોહી.મુદામાલ કબ્જે કરી કોડીનાર પો.સ્ટે.ગુ.ર.નંબર-૧૧૧૮ ૬૦૦૨૨૫૦૬૬૯/૨૦૨૫ પ્રોહી.કલમ ૬૫-(ઈ),૯૮(૨), ૯૯,૮૧ મુજબનો ગુન્હો રજી.કરવામાં આવેલ છે.

આરોપી રવિભાઇ ભીમાભાઇ બાંભણીયા ઉ.વ.૨૨ ધંધો મજુરી રહે, કોબ ગામની સોબારી વાડી વિસ્તાર લેરકા ગામ તરફ જતા રોડ ઉપર તા.ઉના જી.ગીર સોમનાથનો રહેવાસી છે.

# સાવરકુંડલાના વંડા ગામે કોળી ઠાકોર સમાજનું સંમેલન યોજાયું



**સમય મિરર | સાવરકુંડલા**

અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના વંડા ગામે પ્રથમ વાર કોળી ઠાકોર સમાજનું મહા સંમેલન યોજાયું હતું.

પી.પી.એસ. હાઇસ્કૂલ ખાતે વંડા ગામે આયોજન કરવામાં આવ્યું હતું જેનો મુખ્ય હેતુ કોળી ઠાકોર સમાજની સામાજિક એકતા, વાસ્તવિક જાગૃતિ તથા ઓ. બી. સી. વર્ગીકરણ માટે જાગૃતિ માટે. આયોજન ખૂબ સફળ રહ્યું હતું. ચિરાગભાઈ ઝાલા, કોળી સમાજ એકતા સમિતિના અધ્યક્ષ, જયેશભાઇ ઠાકોર ઠાકોર કોળી સેનાના અધ્યક્ષ રાકેશભાઈ પગી બાવળા ગુજરાતી વલ્લભભાઈ ઝીં ઝુવાડયા, જગદીશભાઈ ઠાકોર, હસુભાઈ બાવડા વીપુલભાઈ ફિલ્મી કલાકારો તેમજ નોઘણજી ઠાકોર. સમાજના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા સાવરકુંડલા તાલુકાના સમસ્ત કોળી ઠાકોર સમાજના આગેવાનો ઉપસ્થિતિ નોંધપાત્ર રહી હતી.

### ૧૬મી સિંહ વસ્તી અંદાજ-૨૦૨૫

# રાજ્યમાં સંભવિત તા.૧૦ થી ૧૩ મે દરમિયાન બે તબક્કામાં એશિયાઈ સિંહની વસ્તી ગણતરી યોજાશે

## કુલ ૧૧ જિલ્લાનો ૩૫ હજાર ચો.કિ.મી. વિસ્તાર 'ડાયરેક્ટ બીટ વેરિફિકેશન' પદ્ધતિથી સાંકળી લેવાશે

**સમય મિરર | રાજકોટ**

સિંહ, સાવજ, ઊંટિયો વાઘ, બબ્બર શેર, કેસરી, ડાલામત્થો જેવા ઉપનામોથી ઓળખાતા એશિયાઈ સિંહ એ આખા વિશ્વમાં માત્ર ગુજરાતનાં સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલા ગીર અભયારણ્યમાં જોવા મળે છે. વર્ષ ૧૯૮૦થી ગીર એશિયાઇ સિંહોના એકમાત્ર નિવાસસ્થાન તરીકે સુપ્રસિદ્ધ થયું છે. એશિયાઈ સિંહ માત્ર ગુજરાતનું જ નહીં એશિયાનું પણ ગૌરવ છે. ગુજરાત સરકારના વન વિભાગ દ્વારા દર પાંચ વર્ષે સિંહની વસ્તી ગણતરી કરવામાં આવે છે. જે અંતર્ગત એશિયાઈ સિંહનો આગામી ૧૬મો વસ્તી અંદાજ-૨૦૨૫ સંભવિત તા.૧૦ થી ૧૩ મે દરમિયાન બે તબક્કામાં યોજવામાં આવશે. જેમાં પ્રાથમિક વસ્તી અંદાજ મે મહિનાની તા.૧૦ થી ૧૧ અને આખરી વસ્તી અંદાજ તા.૧૨ થી ૧૩ મેના રોજ હાથ ધરવામાં આવશે. આ વસ્તી અંદાજની કામગીરી સિંહ અસ્તિત્વ ધરાવતા રાજ્યના ૧૧ જિલ્લાના ૫૮ તાલુકાના કુલ ૩૫ હજાર ચો.કિ.મી. વિસ્તારમાં 'ડાયરેક્ટ બીટ વેરિફિકેશન' પદ્ધતિથી કરવામાં આવશે.

રાજ્ય સરકાર દ્વારા એશિયાઈ સિંહોના સંરક્ષણ માટે ગ્રામ્ય કક્ષાએ ઈકો-ડેવલપમેન્ટ કમિટીની સ્થાપના, વન્ય પ્રાણી મિત્ર નક્કી કરવાં, નિયમિત સમયાંતરે નૈસર્ગિક શૈક્ષણિક કેમ્પનું આયોજન, ગીરની વનસ્પતિસૃષ્ટિ તેમજ તૃણાહારી જીવસૃષ્ટિનું નિરીક્ષણ-દેખભાળ તેમજ કૌશલ્યવાન માનવબળ સાથે સ્થાનિક લોકોનો સહકાર લેવો જેવા અવિરત પ્રયાસો કરવામાં આવે છે, જેના પરિણામે સિંહોની પ્રત્યેક વસતી ગણતરી વખતે તેઓની સંખ્યામાં સતત વધારો નોંધાયો છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા મેક ઈન ઇન્ડિયાના લોગોમાં એશિયાઇ સિંહ સ્થાન પામ્યો છે, ત્યારે વન વિભાગે પણ સિંહોના આશ્રયસ્થાનમાં વધારો કરવાનો નિર્ણય કર્યો છે, જે અંતર્ગત ગત વર્ષથી સિંહોને વૈકલ્પિક આશ્રયસ્થાનરૂપે બરડા અભ્યારણ્યમાં વસાવવા તેનો વિકાસ કરવામાં આવી રહ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં તેમજ વન-પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરા તથા રાજ્ય મંત્રી શ્રી મુકેશ પટેલના નેતૃત્વમાં વન વિભાગ દ્વારા નિયમિત રીતે કરવામાં આવતી સિંહની વસ્તી અંદાજની કામગીરી, મુલ્યાંકન અને સંરક્ષણના પરિણામે રાજ્યમાં ઉત્તરોત્તર સિંહની વસ્તીમાં વધારો થઈ રહ્યો છે. રાજ્યમાં સૌપ્રથમ વર્ષ ૧૯૩૬માં સિંહ વસ્તી ગણતરી યોજાઇ હતી. પ્રાપ્ત અંદાજિત આંકડા મુજબ વર્ષ ૧૯૯૫માં કરવામાં આવેલી સિંહોની વસ્તી ગણતરીમાં પુખ્ત નર, માદા, પાઠડા-બચ્ચા એમ મળીને કુલ ૩૦૪ જેટલા સિંહ નોંધાયા હતા. તેવી જ રીતે વર્ષ ૨૦૦૧માં કુલ ૩૨૭, વર્ષ ૨૦૦૫માં કુલ ૩૫૯, વર્ષ ૨૦૧૦માં કુલ ૪૧૧, વર્ષ ૨૦૧૫માં કુલ ૫૨૩ અને છેલ્લે વર્ષ ૨૦૨૦માં કુલ ૬૭૪ જેટલા સિંહોની વસ્તી નોંધાયેલી છે.

### વિશેષતાઓ

- ગુજરાતમાં સૌપ્રથમ ૧૯૩૬માં સિંહ વસ્તી ગણતરી યોજાઇ હતી
- વસ્તી ગણતરી સાથે સિંહની હિલચાલની દિશા, લિંગ, ઉંમર, ઓળખ ચિન્હો, જી.પી.એસ. લોકેશન, ગૃપ કંપોઝીશન વગેરે વિગતો નોંધવામાં આવશે
- રિજિનલ, ઝોનલ અને સબ-ઝોનલ અધિકારીઓ સહિત લગભગ ૩ હજાર જેટલા તાલીમી સ્વયંસેવકો ગણતરીમાં જોડાશે
- હાઈ રીઝોલ્યુશન કેમેરા, રેડિયો કોલર, e-GujForest એપ્લિકેશન અને જી.આઇ.એસ. સોફ્ટવેર જેવી મોડર્ન ટેકનોલોજીનો ઉપયોગ કરાશે

### ડાયરેક્ટ બીટ વેરિફિકેશન પદ્ધતિઃ-

એશિયાઈ સિંહોની વસ્તી અંદાજ માટે 'ડાયરેક્ટ બીટ વેરિફિકેશન' ખુબ ઉપયોગી પદ્ધતિ છે. આ પદ્ધતિથી આંકડાકીય વિશ્લેષણ અને અમલીકરણમાં સરળતાના લીધે લગભગ ૧૦૦ ટકા ચોકસાઈ મળે છે તેમજ માનક ભૂલનો અવકાશ લગભગ શુન્ય રહે છે. ત્રણ દાયકા કરતાં પણ વધુ સમયથી અમલી આ પદ્ધતિ જંગલો, ઘાસના મેદાનો, દરિયાકાંઠાના વિસ્તારો, રેવન્યુ વિસ્તારોમાં અસરકારક અને અનુકૂળ રીતે કામ કરે છે.

સમગ્ર વિસ્તારને રિજિયન, ઝોન, સબ ઝોન જેવા શ્રેણીબદ્ધ એકમોમાં વિભાજીત કરીને રિજિનલ, ઝોનલ અને સબ-ઝોનલ





અધિકારીઓ, ગણતરીકારો, મદદનીશ ગણતરીકારો, નિરીક્ષકો સહિત લગભગ ૩,૦૦૦ જેટલા સ્વયંસેવકો દ્વારા સિંહોની વસ્તી ગણતરી કરવામાં આવશે. તેમને સિંહોની નોંધ અને ચકાસણી કરવા માટે નિયત પત્રકો અને તેમના સોંપાયેલ વિસ્તારોના નકશા આપવામાં આવશે. આ પત્રકોમાં અવલોકનનો સમય, હિલચાલની દિશા, લિંગ, ઉંમર, શરીર પરના કોઈ અન્ય ઓળખ ચિન્હો, જી.પી.એસ. લોકેશન, ગૃપ કંપોઝીશન વગેરે વિગતો નોંધવામાં આવશે.

### મોડર્ન ટેકનોલોજીનો ઉપયોગ

સિંહોની વ્યક્તિગત ઓળખ કરવા માટે હાઈ રીઝોલ્યુશન કેમેરા, કેમેરા ટ્રેપ્સ જેવા વિવિધ ટેકનોલોજીકલ સાધનોનો ઉપયોગ કરવામાં આવશે. કેટલાક સિંહોને રેડિયો કોલર પહેરાવવામાં આવ્યા છે, જે તે સિંહ તેમજ તેના ગૃપનુ લોકેશન મેળવવામાં મદદ કરશે. સિંહ અવલોકનના રિયલ ટાઈમ ડેટા એન્ટ્રી કરવામાં મદદરૂપ થાય તે માટે e-GujForest એપ્લિકેશનનો ઉપયોગ પણ કરવામાં આવશે, જેમાં જી.પી.એસ. લોકેશન અને ફોટાનો સમાવેશ થવાથી ચોકસાઇ અને કાર્યક્ષમતામાં વધારો થશે. આ ઉપરાંત જી.આઇ.એસ. સોફ્ટવેરનો ઉપયોગ સર્વેક્ષણ વિસ્તારોને રેખાંકિત કરવા તથા સિંહોની હિલચાલ, વિતરણ પેટર્ન અને રહેઠાણના ઉપયોગને ટ્રેક કરવા માટે વિગતવાર નકશા વિકસાવવા માટે કરવામાં આવશે, તેમ ગીર ફોરેસ્ટ, જૂનાગઢની અખબારી યાદીમાં જણાવ્યું છે.

### સિંહનો ઇતિહાસઃ-

હજારો વર્ષો પહેલા હિમ યુગ દરમિયાન મધ્ય યૂરોપમાંથી સિંહની ઉત્પત્તિ થઈ હતી. આ હિમ યુગની સમાપ્તિ પછી ત્યાં ગાઢ જંગલો ઊગી નીકળતા સિંહ દક્ષિણ-પૂર્વ અને ઉત્તર-પશ્ચિમ એશિયા તરફ આગળ વધ્યો. ત્યાંથી આ સિંહ પેલેસ્ટાઇન અને ઈજિપ્તથી આફ્રિકા થઈને ભારત તરફ આગળ વધ્યો હતો. તેનો જનીનિક અભ્યાસ દર્શાવે છે કે, એશિયાટિક અને આફ્રિકન સિંહ ૫૫ હજાર અને ૧ લાખ વર્ષ પહેલા છૂટા પડ્યા હતા.

નિષ્ણાંતોના મંતવ્યાનુસાર સિંહ, ઇ.સ. ૬ હજાર વર્ષ પૂર્વે ઉત્તર-પશ્ચિમ માર્ગ મારફતે ભારતમાં પ્રવેશ્યો હતો. પરંતુ સિંધ અને બલૂચિસ્તાન નજીકની સિંધુ ખીણની સંસ્કૃતિના ખોદકામ દરમિયાન કેટલીક સાબિતીઓ એવું દર્શાવે છે કે સિંહ ભારતીય ઉપખંડમાં ઇ.સ.ના ૩૦ લાખ વર્ષ પૂર્વે પ્રવેશ્યો હતો. ઈસુના ૬૦૦ વર્ષ પૂર્વે બુદ્ધના સમયમાં સિંહ સમગ્ર સિંધુ-ગંગાના મેદાનોમાં જોવા મળતો હતો, જે પશ્ચિમમાં સિંધથી માંડી પૂર્વમાં બંગાળ સુધી તેમજ ઉત્તરમાં હિમાલયની તળેટી સુધી અને દક્ષિણે નર્મદા સુધી તેની હદ હતી.

ગુજરાતનાં સૌરાષ્ટ્રમાં સિંહ ક્યારે આવ્યો તે ચોક્કસપણે કહી શકાય તેમ નથી. ભૂતકાળમાં હજારો વર્ષ પહેલાં, સૌરાષ્ટ્ર ચોમેર પાણીથી ઘેરાયેલું હતું અને અરબી સમુદ્રની ભુજાઓ જેવા ખંભાતનો અને કચ્છના બંને અખાત છીછરા પાણીથી એકબીજા સાથે જોડાયેલા હતા. મોટેભાગે જ્યારે આ છીછરા પાણીમાં માટીનું પુરાણ થયું હશે અને ભાલ અને નળ સરોવર પારો ક્ષારીય માર્ગ બન્યો હશે ત્યારે તે રસ્તે સિંહ સૌરાષ્ટ્રમાં પ્રવેશ્યો હશે. સૌથી જૂનામાં જૂની અપરોક્ષ સાબિતી ચંદ્રગુપ્ત બીજાની છે, તેણે જ્યારે માળવાના શક અને કાઠીયાવાડ પર વિજય મેળવ્યો ત્યારે તેણે સુવર્ણમુદ્રા પર સિંહના શિકાર કરતી છાપ અંકિત કરાવી અને જાણીતું સિંહવિક્રમ ચાલુ કર્યું હતું.

---

### ખેલમહાકુંભ ૩.૦ : રાજ્યકક્ષા બેડમિન્ટન સ્પર્ધા

# યુવાઓને શરમાવે તેવી સ્ફૂર્તિ સાથે બેડમિન્ટન રમતી ૬૦ વર્ષથી વધુ વયની ૨૦ મહિલા સ્પર્ધકો




## સોનેરી સ્વાસ્થ્યની ચાવી ખેલકૂદ નેશનલ અને ઈન્ટરનેશનલ રમી ચૂકેલ નિવૃત્ત કર્મચારી, ડોક્ટર અને હાઉસ વાઈફ વિજેતા સ્પર્ધકો રોજની સરેરાશ બે કલાક પ્રેક્ટિસ કરે છે

**સમય મિરર | રાજકોટ**

'પહેલું સુખ તે જાતે નર્યા' એ કહેવત આજના સમયમાં સાર્થક હોવાનું સચોટ ઉદાહરણ પૂરું પાડી રહી છે, રાજ્યકક્ષાની ૬૦ વર્ષથી વધુ વયની બેડમિન્ટન સ્પર્ધાની મહિલા ખેલાડીઓ. ગતરોજ રાજકોટ ખાતે પૂર્ણ થયેલી આ સ્પર્ધામાં ૨૦ જેટલી મહિલાઓએ સિંગલ્સ તેમજ ડબલ્સમાં જુસ્સાભેર ભાગ લઈ યુવાઓને પણ શરમાવે તે પ્રકારે કૌવત દેખાડ્યું હતું.

સ્પર્ધામાં પ્રથમ ક્રમે ગોલ્ડ મેડલ વિજેતા ૬૭ વર્ષીય તારામતીબેન પરમાર છેલ્લા ૩૦ વર્ષથી બેડમિન્ટન રમે છે, ને જ્યારથી ખેલ મહાકુંભ શરુ થયો ત્યારથી ભાગ લે છે. માત્ર રમવા ખાતર નહીં પરંતુ ખુબ સારું પરફોર્મ કરતા મૂળ અમદાવાદના પોસ્ટ વિભાગમાંથી નિવૃત કર્મચારી તારામતી બેને અત્યાર સુધીમાં કેટલા મેડલ્સ મળ્યા તે યાદ નથી. ગત વર્ષે ગોવામાં નેશનલ માસ્ટર બેડમિન્ટન સ્પર્ધામાં વુમન્સ સિંગલ, ડબલ અને મિક્સ ડબલમાં વિજેતા થયેલા. અત્યારસુધીમાં ૪ ઇન્ટરનેશનલ રમી ચુકેલા તારાબેન આગામી સપ્ટેમ્બરમાં પટાયા ખાતે માસ્ટર વર્લ્ડ ચેમ્પિયનશીપ રમવા જઈ રહ્યા છે. તેઓ જણાવે છે કે, રમત થકી મારુ સ્વાસ્થ્ય એકદમ નિરોગી રહ્યું છે. રોજની બે કલાકથી વધુ સમય બેડમિન્ટન રમે છે ને તેઓએ કોઈ પ્રોફેશનલ ટ્રેનિંગ પણ લીધેલી નથી. જીવનભર રમત રમવી છે તે જ તેમનું ધ્યેય છે.

જયારે બીજા ક્રમે સિલ્વર મેડલ વિજેતા થનાર ૭૨ વર્ષીય બાળકોના ડોકટર અનિતાબેન કોઠિયાલા આણંદના વતની છે. બાળકો અને યુવાઓને બેડમિન્ટન રમતા જોઈ મારે પણ આ રમત રમવી જોઈએ તેવો નિશ્ચય કર્યો. માત્ર પાંચ વર્ષની પ્રેક્ટિસ સાથે તેઓ સતત બીજી વાર ખેલ મહાકુંભમાં ચેમ્પિયન બન્યા છે. ડો. અનિતાબેન ગત વર્ષે ગોવામાં નેશનલ માસ્ટર બેડમિન્ટન સ્પર્ધામાં ભાગ લઈ રનર્સ અપ તેમજ ઇન્ડિયન મેડિકલ એસોસિએશન સ્પર્ધામાં વુમન ડબલ્સમાં રનર્સ અપ રહ્યા હતાં. યુવાઓની જેમ રમત રમતા ડો. અનિતાબેન સારા આરોગ્યની ચાવી રમતગમત હોવાનું દ્રઢ પણે માને છે.

જયારે ત્રીજા ક્રમે વિજેતા રાજકોટના વતની ૭૬ વર્ષીય સરલાબેન દવે હાઉસ વાઈફ છે. કોલેજ સમયથી બેડમિન્ટન ઉપરાંત એથ્લેટીક્સ, ચક્ર ફેંક, ગોળા ફેંક જેવી રમતોમાં ભાગ લે છે. ખેલ મહાકુંભ માત્ર રમતોત્સવ જ નહીં પરંતુ દરેક લોકોને રમત પ્રત્યે પ્રેરણા પુરી પાડતો હોવાનું તેઓ માને છે.

પૂર્વ મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી શરુ થયેલ 'ખેલ મહાકુંભ' આજે માત્ર બાળકો, યુવાનો જ નહીં પરંતુ વયસ્ક લોકોને પણ સ્વાસ્થ્યની ચાવી પૂરી પાડી રહ્યા હોવાની પ્રતીતિ થઈ રહી છે.

---

# રાષ્ટ્રીય સ્તરે "હોલીસ્ટિક ડેવલપમેન્ટ કેટેગરી"માં રાજકોટને સર્વશ્રેષ્ઠ જિલ્લાનો એવોર્ડ

## દિલ્હી ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કલેક્ટર પ્રભવ જોષીને એવોર્ડ એનાયત

**સમય મિરર | રાજકોટ**



કેન્દ્ર સરકારની ૧૧ જેટલી ફ્લેગશીપ યોજનામાં રાજકોટ જિલ્લાની કામગીરી સર્વશ્રેષ્ઠ રહેતા "હોલીસ્ટિક ડેવલપમેન્ટ કેટેગરી" અંતર્ગત દેશના ૭૮૦ જિલ્લાઓમાંથી રાજકોટ જિલ્લાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી "પી.એમ. એવોર્ડ્સ ફોર એક્સેલેન્સ પબ્લિક એડમિનિસ્ટ્રેશન ૨૦૨૪" મેળવ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે ટ્રોફી, પ્રમાણપત્ર અને રૂ. ૨૦ લાખનો રોકડ પુરસ્કાર કલેક્ટર પ્રભવ જોષીને એનાયત કરવામાં આવ્યો છે.

હોલીસ્ટિક ડેવલપમેન્ટ કેટેગરી અંતર્ગત તંત્ર દ્વારા હર ઘર નલ યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામિણ તથા શહેરી), મિશન ઇન્દ્રધનુષ, આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, પીએમ સ્વનિધી, પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના, ખેડૂતો, પશુપાલન અને માછીમારી માટે કિસાન ક્રેડિટ કાર્ડ યોજના, પીએમ વિશ્વકર્મા, સક્ષમ આંગણવાડી અને પોષણ ૨.૦ તથા પીએમ સૂર્ય ઘર મફત વિજળી યોજનાઓ સહિતની કુલ ૧૧ યોજનાઓનાં લાભ લોકો સુધી પહોંચાડવા અંગેની સિદ્ધિનું મૂલ્યાંકન કરવામાં આવે છે. આ મૂલ્યાંકનમાં જિલ્લાઓની ચકાસણી સુશાસન, ગુણાત્મક સિદ્ધિ અને પરિમાણાત્મક (આંકડાકીય) સિદ્ધિના માપદંડો પર કરવામાં આવી હતી.જેમાં સુશાસનના ઘટકોમાં પારદર્શિતા વધારવી અને ભ્રષ્ટાચાર અટકાવવો, વિવિધ યોજનાઓનું સંકલન, માનવ સંસાધનોની ક્ષમતા નિર્માણ, ફરિયાદ નિવારણ પદ્ધતિ, પ્રતિસાદ વ્યવસ્થા અને જનભાગીદારીની દ્રષ્ટિએ સ્કીનીંગ, પ્રેઝન્ટેશન અને લોક પ્રતિસાદ તેમજ કમિટીના મૂલ્યાંકન બાદ રાજકોટ જિલ્લાએ દેશનાં ટોચના ૫ જિલ્લાઓમાં સ્થાન મેળવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકોટ જિલ્લામાં ૩૨ હજારથી વધુ ઘરો પ્રધાનમંત્રી સૂર્યઘરની યોજનાથી જોડાઈ ઉર્જા બાબતમાં આત્મનિર્ભર બન્યા છે. જેમાંથી ૮૧% વપરાશકર્તાઓ ઉત્પાદક તથા ઉપભોક્તા બની ચૂક્યા છે. જ્યારે સક્ષમ આંગણવાડી અને પોષણ ૨.૦ અંતર્ગત દૈનિક ૮૮૦ થી વધુ લાભાર્થીઓ જિલ્લામાં લાભ મેળવે છે. પોષણ ૨.૦ હેઠળ મહિલા સ્વ-સહાય જૂથો દ્વારા બનાવેલ શીંગની ચિક્કી અને રમકડાં આપવામાં આવ્યા હતા. આંગણવાડીમાં અમૂલ દ્વારા દુધ અને રોટરી ક્લબ દ્વારા પોષણ કિટ અપાઈ હતી તેમજ ૩૯૪ પોષણ વાટિકાઓની સ્થાપના પણ કરવામાં આવી હતી.

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ જિલ્લાના ૧૫.૩ લાખથી વધુ લોકો નોંધાયેલા છે જેમાંના ૩.૭૬ લાખ દાવાઓમાં ૧૧૬૫ કરોડના કલેઈમ મંજૂર કરવામાં આવ્યા છે. તો જિલ્લાના ૨.૩ લાખથી વધુ કિસાનોને પી.એમ. કિસાન ક્રેડિટ કાર્ડની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ ૯૨૦૦ થી વધુ મકાનો બગીચો, આંગણવાડીઓ, રૂફટોપ સોલાર, વરસાદી પાણીનું સંચય વગેરે જેવી આધુનિક સુવિધાઓ સાથે બનાવાયા છે. જેમાં ૧૨ હાઉસિંગ પ્રોજેક્ટને ગ્રીન બિલ્ડિંગ સર્ટિફિકેટ મળ્યું છે. PMAY- Redevelopment Component હેઠળ પ્રથમ વખત ૪૭ વર્ષ જૂની અરવિંદ મણિયાર હાઉસિંગ સોસાયટીનું પુનઃવિકાસ કાર્ય હાથ ધરાયું છે. Global Housing Technology Challenge હેઠળ લાઈટહાઉસ પ્રોજેક્ટમાં ૧,૧૪૪ રહેઠાણો ટનલ ફોર્મવર્ક ટેકનોલોજી વડે ઝડપી સમય, ઓછા ખર્ચ અને ઓછી મહેનતે બનાવવામાં આવી છે.

જિલ્લાની વિશિષ્ટ પહેલ તરીકે, ઉપલેટા અને ગોંડલની ઉપજિલ્લા હોસ્પિટલમાં ૧૦ બેડના ૨ વિશિષ્ટ નવજાત શિશુ સંભાળ એકમો (SNCU) સ્થાપિત કરવામાં આવ્યા છે, જેમાં અત્યાર સુધી ૮૩૫ નવજાત શિશુઓની સારવાર કરવામાં આવી છે.

---

# રેલયાત્રીઓને દસ લાખનો વિમો આપવા ભલામણ

## અભ્યાસક્રમમાં માનવતાવાદી અભિગમના ચેપ્ટરનો ઉમેરો કરવા અને કુદરતી આફત સામે લડવાની તાલિમ આપવા સૂચન

**સમય મિરર | રાજકોટ**

રાજય અને કેન્દ્રના શિક્ષણમંત્રી તેમજ કેન્દ્રીય રેલ્વે મંત્રી ને નેશનલ યુથ પ્રોજેકટના રાજેશ જે. ભાતેલીયાએ પત્ર પાઠવી-આગ માનવસર્જીત દુર્ઘટના અને કુદરતી આફતોમાં અને રોડ અકસ્માતમાં થવાયેલાની મદદ કઈ રીતે કરવી તે અંગેની સમજણ આપતું પ્રકરણ અભ્યાસક્રમમાં સામેલ કરવા વિનંતી કરી છે.



રાજેશ જે. ભાતેલીયાએ કેન્દ્ર અને રાજયના શિક્ષણ મંત્રીને પાઠવેલ પત્રમાં વધુમાં જણાવ્યું છે કે આજે બહુ ઓછા લોકો આગ, માનવસર્જીત દુર્ઘટના અને કુદરતી આફતોમાં અને રોડ અકસ્માતમાં તથા બિમારીમાં સપડાયેલા લોકોને મદદ કરતા જોવા મળે છે. ત્યારે રાજય અને કેન્દ્ર સરકાર સાયન્ટીફીક રીતે વિદ્યાર્થીઓને અકસ્માત, કુદરતી આફતો, આગ, દુર્ઘટનાઓમાં અને કઈ બિમારીમાં, કેવી રીતે, ઝડપી અને યોગ્ય મદદ કરી શકાય તે અંગેનું વિસ્તૃત પ્રકરણ અભ્યાસ ક્રમોમાં સામેલ કરી તે અંગેની તાલીમ પણ તમામ પ્રકારના અભ્યાસ ક્રમોમાં જોડાયેલાને આપવામાં આવે તો આવતી પેઢીને તે અંગેનું વૈજ્ઞાનિક જ્ઞાન પ્રાપ્ત થશે અને સમગ્ર ભારતમાં આવું પ્રકરણ ઉમેરવાથી અનેક લોકોના જીવ બચી જશે અને સમયસર સારવાર મળતા ઓછા ખર્ચે ઝડપી સારવાર મળતા દર્દીઓને તેના દર્દમાંથી ઝડપથી રાહત મળશે અને આર્થિક બચત પણ થશે.

આ અંગે નિષ્ણાંતોની પેનલ બનાવી તમામ પ્રકારના અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓની ઉમરને ધ્યાનમાં રાખી દરેક અભ્યાસક્રમોમાં તે અંગેની વિગતોને આવરી લેતું પ્રકરણ સરળ ભાષામાં સમજાય તે રીતે મુકવામાં આવે અને વિદ્યાર્થીઓને તાલીમ આપવા, શિક્ષકો, પ્રોફેસરોને તાલીમબધ્ધ કરવામાં આવે તેવી લાગણી રાજેશ જે. ભાતેલીયાએ વ્યકત કરી છે.

કેન્દ્રીય રેલ્વે મંત્રીને રેલ્વેમાં થતાં અકસ્માત ઘટાડવા પત્ર પાઠવી રાજેશ જે. ભાતેલીયા એ જણાવેલ છે કે કોઈપણ પ્રકારની ટીકીટ લઈને દાખલ થતાં તમામ યાત્રીઓને રૂપિયા દસ લાખના વિમાનો લાભ આપવા અને રેલ્વે યાત્રી યાત્રા દરમ્યાન બિમાર પડે તો સારામાં સારી હોસ્પિટલમાં કેશલેસ સારવાર ઉપલબ્ધ કરાવવા વિનંતી કરી છે તેમજ ડબ્બામાં ચડવા માટેનો પાઈપ ઘણો લીસ્સો હોય છે પરિણામે અનેક લોકો પડી જતા હોય છે. આથી દરેક ડબ્બામાં ચડવા માટે ઉપયોગમાં લેવાતો પાઈપ લીસ્સાને બદલે ખરબચડો કરવામાં આવે તેમજ એક પાઈપને બદલે બે પાઈપ રાખવામાં આવે તથા ડબ્બામાં ચડવા માટેનું સૌથી ઉપલું પગથીયું એક ફુટનું કરવામાં આવે. ઘણી વખત ટ્રેન ઉભી રહે છે ત્યારે મુસાફર ચીજવસ્તુઓ લેવા નીચે ઉતરે છે ત્યારે તે સ્ટેશન ઉપરથી ચડેલા મુસાફરો કયારેક દરવાજો બંધ કરી દેતા હોય છે પરિણામે ઘણા મુસાફરોની ટ્રેન છુટી જતી હોય છે. આથી આવા સંજોગોમાં મુસાફર જો એક ફુટનું પગથીયું હોય તો થોડા સમય સુધી તેમાં બેસીને પોતાની યાત્રા કરી શકે તેમજ દરેક ટ્રેનમાં નાનું ઓપરેશન થિયેટર સાથેનું સલૂન સામેલ કરવામાં આવે અને દરેક ડબ્બામાં તેનું બટન રાખવામાં આવે. -બિમારીના સંજોગોમાં યાત્રીઓ તેનો ઉપયોગ કરી શકે અને આ સલુનમાં નિવૃત સેવાભાવી, માનવતાવાદી એકસપર્ટ એમ.ડી. અને એમ.એસ., આયુર્વેદિક ડોકટરો, નર્સ, કમ્પાઉન્ડર રાખવામાં આવે અને આકસ્મિક સંજોગોમાં નાનકડા ઓપરેશન પણ થઈ શકે તેવી સુવિધા અને તમામ પ્રકારની આયુર્વેદિક અને એલોપેથી જરૂરી દવાઓ પણ રાખવામાં આવે તો અનેક લોકોના જીવ બચી શકે અને અકસ્માતના સમયે તાત્કાલીક યોગ્ય સારવાર મુસાફરોને પ્રાપ્ત થઈ શકે.

---

# કાશ્મીરમાં ફસાયેલા લોકોની મદદ માટે રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હેલ્પલાઈન નંબર જારી

**સમય મિરર | રાજકોટ**

**૦૨૮૧-૨૪૭૧૫૭૩ નંબર પર ફસાયેલા લોકોની વિગતો મોકલી આપવા અનુરોધ**

તાજેતરમાં કાશ્મીરના રામબન જિલ્લામાં વાદળ ફાટવાની ઘટના બનતાં ભારે વરસાદના પરિણામે નદીઓમાં પુર અને ભૂસ્ખલન થતાં જમ્મુ કાશ્મીરને જોડતા રસ્તાઓ બંધ થયા છે. જેના કારણે રાજકોટ જિલ્લાના ફસાયેલા પ્રવાસીઓની મદદે જિલ્લા વહીવટી તંત્ર આવ્યું છે. જમ્મુ કાશ્મીર ખાતે ફસાયેલા લોકોની જાણકારી માટે જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર, રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા હેલ્પલાઈન નંબરની સેવા શરુ કરવામાં આવી છે. ૦૨૮૧-૨૪૭૧૫૭૩ આ હેલ્પલાઈન નંબરમાં ફસાયેલા લોકોનું નામ, સરનામુ(અહીંનું અને ત્યાંનું પણ) તાલુકાનું નામ, ફોન નંબર (અહીં અને ત્યાનો) સહિતની વિગતો મોકલી આપવા અનુરોધ કરવામાં આવે છે.

---

# વન નેશન-વન ઈલેકશનના ઠરાવને ગુર્જર પ્રજાપતિ જ્ઞાતિનો આવકાર

## ટ્રસ્ટની મળેલી બેઠકમાં સરકારના નિર્ણયને સમર્થન

**સમય મિરર | રાજકોટ**

ભારત દેશમાં વન નેશન વન ઈલેક્શન ની નીતિનો અમલ કરવાં ઠરાવ કરાયો છે. ભારતીય ચુંટણી પ્રણાલિકા અને તેની પદ્ધતિથી જયારે ભારતના નાગરિક સભાન છે. ત્યારે આપણા દેશમાં વારંવાર આવતી ચુંટણીમાં રીસોર્સનો થતો દુરુપયોગ, ચુંટણીમાં વ્યથિત થતો સમય, આચારસંહિતાને કારણે વિકાસની કામગીરીમાં આવતી રૂકાવટ જેવા નકારાત્મક પરિબળોને કાબુમાં લઈ રાષ્ટ્રીય સંસાધનનો સદુપયોગ રાષ્ટ્રના હિતમાં કરવામાં આવે તો નવા ભારતનું સ્વપન જરૂર સાકાર થઈ શકે. આથી આપણા ભારત જેવાં લોકશાહી દેશના સશક્તિકરણ માટે "વન નેશન વન ઈલેક્શન ની નીતિ માટે થયેલ દરખાસ્તને રાજકોટ ગુર્જર પ્રજાપતિ જ્ઞાતિ આવકારે છે. અને તે માટે સમિતિના તમામ સાભ્યોએ બહાલી આપી હતી.



આ તકે જ્ઞાતિ ટ્રસ્ટ પ્રમુખ ઈશ્વરભાઈ ઘાટલીયા, કારોબારી પ્રમુખ મનસુખભાઈ તલસાણીયા, ઉપપ્રમુખ અનિલભાઈ ચૌહાણ, મંત્રી સુરેશભાઈ ચૌહાણ, ખજાનચી કાંતિલાલ પરમાર, ભાવેશભાઈ ગોરવાડીયા, દલસુખભાઈ મુંડિયા, મહેન્દ્રભાઈ કુરિયા, મનસુખભાઈ ચાંગડીયા, નારણભાઈ પ્રજાપતિ, મહેન્દ્રભાઈ મચ્છોયા, વિનોદભાઈ ગોરવાડીયા, જેન્તીભાઈ ખોખર, રમણીકભાઈ ગોરવાડીયા, સહિતના તમામ કારોબારી ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.

---

### અવસાન નોંધ

**જામનગર :** મિઠાપુર નિવાસી હાલ જામનગર સ્વ.લહેરચંદભાઈ અમૃતલાલ દોશીના પુત્ર સ્વ.જયેશભાઈ (ઉ.વ.૬૭) તે જ્યોતિબેનના પતિ, તે હીરલ સમીર મોદી, ઝંખના ધર્મેશ મહેતા તથા કોમલ આકાશ કામદારના પિતાશ્રી, તે ભાનુબેન પટેલ, રાજેશ્રીબેન વોરા અને સ્વ.કેતનભાઈના મોટાભાઈ, તે વિનીતના અદા, તે શાંતિલાલ લઘુભાઈ મહેતા (જામનગર)ના જમાઈનું તા.૨૦/૦૪/૨૦૨૫ને રવિવારના રોજ અરિહંતશરણ થયેલ છે.

# સગીર સંતાનોને વાહન આપનાર અને હાઈવે પર હેલ્મેટ નહિ પહેરનાર ચેતજો

## રોડ સેફટી કાઉન્સિલની બેઠકમાં અધિકારીઓને પોલીસ કમિશનરે આપી સૂચના

**સમય મિરર | રાજકોટ**

પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાના અધ્યક્ષ સ્થાને રાજકોટ શહેર રોડ સેફટી કાઉન્સિલની બેઠક યોજાઈ હતી. શહેરમાં ટ્રાફિક નિયમન સુચારુ બને અને વાહન અકસ્માતમાં ઘટાડો થાય તે માટે રોડ એન્જિનિયરિંગ, સાઈનેજીસ અને પબ્લિક અવેરનેસના કાર્યક્રમો અસરકારક રીતે આગળ વધારવા પોલીસ કમિશનરે સંબંધિત વિભાગના અધિકારીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. બેઠકમાં ખાસ કરીને લાઈસન્સ વિના કોઈ ટીનેજર્સ વાહન ચલાવતા જોવા મળે તો તેમના વાલી વિરુદ્ધ કાર્યવાહી કરવા તેમજ હાઈવે પર હેલ્મેટ વગર વાહન ચલાવતા ચાલકો વિરુદ્ધ કામગીરી કરવા અધિકારીઓને સુચના અપાઈ હતી.



પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાએ ટ્રાફિક પોલીસ અને આર.ટી.ઓ. દ્વારા ટ્રાફિક ડ્રાઈવ અંતર્ગત કરવામાં આવેલા વિવિધ કેસ અને જનજાગૃતિ અભિયાનની કામગીરીને બિરદાવી આ કામગીરી વધુ અસરકારક રીતે કરવા અને વાહન ચાલકો વારંવાર નિયમોનું ઉલ્લંઘન ના કરે તેમજ ટ્રાફિક સેન્સ કેળવાય તે મુજબ કામગીરી કરવા નિર્દેશ આપ્યા હતા. અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડિયાએ હેવી હોર્ન સાથેનાં વાહન ચાલકો પર કાર્યવાહી, સીટબેલ્ટ બાબતે અવેરનેસ, રોડ પર અડચણરૂપ ટ્રાન્સફોર્મર દૂર કરવા, સાઈન બોર્ડ માર્કિંગ સહિતની બાબતો અંગે માર્ગદર્શન આપ્યું હતું.

રાજકોટ શહેર ટ્રાફિક પોલીસ ડી.સી.પી પૂજા યાદવે તેમજ વાહન વ્યવહાર અધિકારી કેતન ખપેડે છેલ્લા ત્રણ માસમાં ટ્રાફિક ડ્રાઈવ અને માર્ગ સલામતી માસની ઉજવણી અંતર્ગત સરકારી કચેરી ખાતે હેલ્મેટ વિરોધી ઝુંબેશ, શાળા કોલેજ ખાતે લાઈસન્સ, શહેરના જુના વિસ્તારમાં દબાણ હટાવ, જુદી જુદી શાળા કોલેજમાં જનજગૃતિ સહિતના કાર્યક્રમોની વિગત પૂરી પાડી હતી. બેઠકમાં મહાનગરપાલિકા, પી.જી.વી.સી.એલ., હાઈવે ઓથોરિટી સહિતના વિવિધ વિભાગ દ્વારા વિવિધ સ્તરે કરવમાં આવેલી કામગીરીની માહિતી પૂરી પડાઈ હતી.

આ તકે ડે. મ્યુનિસિપલ કમિશનર મનીષ ગુરવાની, જે.વી. શાહ, એ.સી.પી. સહિત વિવિધ વિભાગના અધિકારી, પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટમાં ન્યારી ડેમમાં નહાવા પડેલી બાળાને પેટમાં કાચ ઘૂસી જતાં આંતરડા બહાર નીકળી ગયા

## સિવિલ હોસ્પિટલના સર્જરી વિભાગના તબીબોની સફળ સર્જરીથી બાળાનો જીવ બચ્યો

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરમાં મોટામવા વિસ્તારમાં રહેતી ૧૦ વર્ષની બાળકી માતા સાથે બકરા ચરાવવા ગઈ હતી ત્યારે કાળઝાળ ગરમીથી બચવા ૧૦ વર્ષની બાળકી ન્યારી ડેમમાં ન્હાવા પડી હતી. તે દરમિયાન બાળકીના પેટના ભાગે કાંચ વાગી જતાં આંતરડા બહાર નિકળી ગયા હતાં. લોહીલુહાણ હાલતમાં બાળકીની તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાં સર્જરી વિભાગના તબીબોએ ત્રણ કલાક સુધી માસુમ બાળકીનું ઓપરેશન કરી જીવ બચાવી લીધો હતો.



આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ મોટામૌવા વિસ્તારમાં રહેતી હમ ઉર્ફે કેતન ચિકુભાઈ મંદુરિયા નામની ૧૦ વર્ષની બાળકી ગઈકાલે બપોરના સમયે ન્યારીડેમમાં ન્હાવા પડી હતી ત્યારે પેટના ભાગે કાચ વાગી જતાં આંતરડા બહાર આવી ગયા હતાં. માસુમ બાળકીને ગંભીર ઈજા પહોંચતા તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. પ્રાથમિક પુછપરછમાં ૧૦ વર્ષનીબાળકી તેની માતા સાથે બકરા ચરાવવા માટે ગઈ હતી. કાળઝાળ ગરમીથી બચવા બાળકી ન્યારીડેમમાં ન્હાવા પડી હતી. ત્યારે બાળકીને પેટના ભાગે કાંચ વાગી જતાં આંતરડા બહાર આવી ગયા હતાં. માસુમ બાળકીને તાત્કાલીક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

જ્યાં માત્ર ૨૦ મીનીટની પ્રાથમિક સારવાર આપ્યા બાદ બાળકીને તાત્કાલીક સર્જરી વિભાગમાં ઓપરેશન થીએટરમાં લઈ જવામાં આવી હતી. જ્યાં સર્જરી વિભાગના ડોક્ટર નિર્દેશ રંગપરિયા સહિતના સ્ટાફે ત્રણ કલાક સુધી ઓપરેશન ચલાવી - બાળકીનો જીવ બચાવી લીધો હતો. તબીબોની કાબેલી દાદ કામગીરીથી પુત્રીનો જીવ બચતા પરિવારજનોએ તબીબોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# રાજકોટ પોલીસ દ્વારા વધતી ગરમીમાં પક્ષીઓ માટે પાણીના કુંડા મુકાયા

**સમય મિરર | રાજકોટ**

ગુજરાત રાજ્યના ડી.જી.પી. વિકાસ સહાય દ્વારા હાલમાં વધતી જતી ગરમીના અનુસંધાને સુરક્ષિત પક્ષીઓ માટે પાણીના કુંડા મુકાય અને કુંડાઓમાં નિયમત રીતે પાણી અપાય એ સદકાર્ય અંગે પહેલવૃતિ દાખવી અબોલ પક્ષીઓના જીવ બચાવવાના કાર્યમાં સહભાગી થવા જણાવેલ છે.



ગુજરાતના રાજ્યના ડીજીપીની સુચના મુજબ રાજકોટ શહેરના પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા અને અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડિયાના માર્ગદર્શન હેઠળ હાલમાં વધતી જતી ગરમીના અનુસંધાને રાજકોટ શહેર પોલીસ કમિશનર કચેરી ખાતે સુરક્ષિત પક્ષીઓ માટે પાણીના કુંડા મુકવામાં આવેલ છે. અને કુંડાઓમાં નિયમત રીતે પાણી અપાય તે માટે વ્યવસ્થા કરવામાં આવેલ છે. જેમાં સજનસિંહ પરમાર (નાયબ પોલીસ કમિશનર ઝોન-૧), ડો. પાર્થરાજસિંહ ગોહિલ (નાયબ પોલીસ કમિશનર ક્રાઈમ) અને પુજા યાદવ (નાયબ પોલીસ કમિશનર ટ્રાફિક) અને જગદીશ બાંગરવા (નાયબ પોલીસ કમિશનર ઝોન-૨) હાજર રહેલ હતાં.

# રાજકોટમાં ૨૪ કિલો ગાંજાના જથ્થા સાથે બેલડી ઝડપાઈ

## માદક પદાર્થ, બાઈક અને બે મોબાઈલ મળી ૨.૯૫ લાખનો મુદ્દામાલ જપ્ત

**સમય મિરર | રાજકોટ**

રાજકોટમાં યુવાધન નશાના રવાડે ચડ્યુ હોય તેમ અવાર નવાર દારૂ અને માદક પદાર્થ જેવા કેફી દ્રવ્યો સાથે અનેક શખ્સોને પોલીસ ઝડપી રહી છે. ત્યારે વધુ એક દરોડામાં એસઓજીની ટીમે રાજકોટમાં આવેલા શાસ્ત્રીમેદાનમાંથી બે શખ્સોની ૨૪ કિલો ગાંજા સાથે ઝડપી લીધા હતાં. પોલીસે માદક પદાર્થ બાઈક અને ૨ મોબાઈલ મળી રૂા. ૨.૯૫.૬૯૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ રાજકોટમાં આવેલા શાસ્ત્રી મેદાન અંદર બે શખ્સો ગાંજાના જથ્થા સાથે ઉભા હોવાના બાતમીના આધારે એસઓજી પીઆઈ એસ.એમ. જાડેજા, પીએસઆઈ એસ.બી. જાસુરા, હેડ કોન્સ્ટેબલ ઈન્દ્રસિંહ ઝાલા,




મૌલીકભાઈ સાવલિયા, દિગ્વીજયસિંહ ગોહિલ, ફિરોજભાઈ રાઠોડ, અરુણભાઈ બાંભણિયા, પોલીસ કોન્સ્ટેબલ હાર્દિકસિંહ પરમાર, યોગેન્દ્રસિંહ ઝાલા, હરદેવસિંહ વાળા, ધર્મેન્દ્રસિંહ ઝાલા અને મહાવીરસિંહ જાડેજા સહિતનાએ દરોડો પાડી કાર્તિક ઉર્ફે ભોલો કાનજીભાઈ ગોહેલ અને જીવા હાથિયાભાઈ ચુડાસમા (રહે. બન્ને રાજકોટ) ઝડપી લીધા હતાં. બન્ને શખ્સની તલાશી લેતા તેની પાસેથી રૂા. ૨૪૦૬૯૦ની કિંમતનો ૨૪.૦૬૯ કિ.ગ્રા. ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે માદક પદાર્થ, બાઈક, અને બે મોબાઈલ મળી રૂા. ૨૯૫૬૯૦નો મુદ્દામાલ કબ્જે કરી માદક પદાર્થ ક્યાંથી લાવ્યા અને ક્યાં સપ્લાય કરવાનો હતો. તે સહિતના મુદ્દે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટમાં હૃદયરોગના હુમલાનો ખતરો યથાવત : મહિલા સહિત બેનાં મોત

## આધેડ અને પ્રૌઢાને આવેલો હાર્ટ એટેક જીવલેણ નીવડ્યો

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ સહિત રાજયભરમાં - હૃદયરોગના હુમલાનું પ્રમાણ વધી રહ્યું છે. ત્યારે શહેરમાં હાર્ટએટેક ઉપાડો લીધો હોય તેમ મહિલા સહિત વધુ બે - લોકોના હાર્ટએટેકથી મોત નીપજતા - પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

જાણવા મળતી વિગત મુજબ પોપટપરા મેઈન રોડ પર ગાયત્રીડેરી સામે રહેતા વિજયભાઈ રવજીભાઈ સારદીયા (ઉ.વ.૪૮)નામના આધેડ આજે સવારે પોતાના ઘરે હતા ત્યારે - અચનાક બેભાન થઈ જતા તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં - ખસેડવામાં આવ્યા હતા. જયા ફરજ પરના તબીબે જોઈ તપસી હાર્ટએટેકથી મોત થયાનું જાહેર કર્યુ હતુ. આ અંગે પ્રનગર પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક ચાર ભાઈ બે બહેનમાં નાના અને ડ્રાઈવીંગ કામ કરતા હતા તેમને સંતાનમાં બે પુત્ર હોવાનું જાણવા મળ્યું છે.

જયારે બીજા બનાવમાં રેલનગરમાં આવેલી ચંદ્રશેખર આઝાદ ટાઉનશીપમાં રહેતા નીરાબેન દિનેશભાઈ વાલ્મીકી (ઉ.વ.૫૫) નામના મહિલા આજે સવારે પોતાના ઘરે અચાનક બેભાન થઈ ઢળી પડતા તેમને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયા તેમનું સારવાર મળે તે પહેલા જ મોત નીપજ્યુ હતુ. વધુ તપાસમાં તેમનું હાર્ટએટેક આવી જતા મૃત્યુ થયાનું તબીબો દ્વારા જણાવ્યું છે. આ બનાવથી પરિવારજનોમાં ગમગીની છવાઈ જવા પામી છે.

# સેલ્યુટ : ગાંધીગ્રામના PSI મકરાણીને પ્રશંસાપત્ર પાઠવતા DCP બાંગરવા

## વિમા કૌભાંડની તપાસ અને અરજીઓનો સમય મર્યાદામાં નિકાલ સહિતની કાબિલેદાદ કામગીરીની લેવાઈ નોંધ

**સમય મિરર | રાજકોટ**

ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરજ બજાવતા પીએસઆઈ એ.એસ.મકરાણીની કામગીરીની નોંધ લઈ ડીસીપી ઝોન-૨ જગદીશ બાંગરવાએ તેમને પ્રશંસા પત્ર આપી તેમની પીઠ થાબડી હતી.

ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરજ બજાવતા પીએસઆઈ એ.એસ.મકરાણીએ તાજેતરમાં જ મેડિકલ કલેઈમ પકવવાના કૌભાંડ અને ઈન્દિરા સર્કલ પાસે બનેલી અકસ્માતની ઘટનામાં પીઆઇ એસ. આર.મેઘાણીના માર્ગદર્શન હેઠળ ઉમદા કામગીરી કરી હતી. પીએસઆઇની આ કામગીરીની ડીસીપી ઝોન-૨ જગદીશ



બાંગરવાએ નોંધ લઈ તેમને પ્રશંસા પત્ર આપ્યો છે.ડીસીપીએ પ્રશંસા પત્રમાં લખ્યું છે કે, છેલ્લા કેટલાક મહિનાઓમાં તમારા ઉત્તમ પ્રદર્શન અને ફરજ પ્રત્યેના સમર્પણની પ્રશંસા કરતા મને ખૂબ આનંદ થાય છે.

તમે પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલા કેસોની યોગ્ય તપાસ કરી છે. તમને સોંપવામાં આવેલી અરજીઓનો પણ તમે સમયમયાર્દામાં નિકાલ કર્યો છે. પોલીસ સ્ટેશનની દૈનિક કામગીરીને પણ યોગ્ય ન્યાય આપી કેસના નિકાલ, જનસંપર્ક અને ગુના નિવારણ પગલાંમાં સુધારો કર્યો છે. તમારી મહેનત અને સમર્પણ ખરેખર પ્રશંસનીય છે. ઉત્તમ કાર્ય ચાલુ રાખો અને પોલીસ સેવાના મુખ્ય મૂલ્યોને જાળવી રાખો. તેવી ડીસીપીએ પીએસઆઈને શુભકામના પાઠવી હતી.

# રાજકોટમાં રિસામણે બેઠેલી ભાભીના સમાધાનમાં ગયેલી નણંદ ઉપર હુમલો થતાં કર્યો આપઘાતનો પ્રયાસ

## રિક્ષાચાલક યુવતીએ એસિડ અને ફિનાઈલ પી લેતા સારવારમાં ખસેડાઇ

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરમા જામનગર રોડ વાલ્મીકી વાડીમા રહેતી રીક્ષા ચાલક યુવતી રીસામણે બેઠેલી ભાભીનાં સમાધાન માટે ગઇ હતી ત્યારે ભાભી સહીતનાએ ઝઘડો કરી માર માર્યો હતો. જે અંગે રીક્ષા ચાલક યુવતીને લાગી આવતા એસીડ અને ફીનાઇલ પી લીધુ હતુ. યુવતીને ઝેરી અસર થતા સારવાર માટે ખસેડવામાં આવી હતી.

આ બનાવ અંગે પોલીસમાથી જાણવા મળતી વિગત મુજબ જામનગર રોડ પર વાલ્મીકી વાડીમા રહેતી કાજલબેન સંગેશભાઈ ઘાવરી નામની ૨૮ વર્ષની યુવતી પોતાનાં ઘરે હતી ત્યારે રાત્રીના સાડા દશેક વાગ્યાના અરસામા એસીડ અને ફીનાઈલ પી લીધુ હતુ. યુવતીને ઝેરી અસર થતા તાત્કાલીક સારવાર માટે સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કરવામા આવી હતી.

પ્રાથીમક પુછપરછમા કાજલબેન ઘાવરી એકનાં એક ભાઈની એકની એક બહેન છે. રીક્ષા ચલાવી પરીવારને આર્થીક મદદ કરે છે કાજલબેન ઘાવરીની ભાભી નૈનાબેન હાલ તેના માવતરનાં ઘરે રીસામણે બેઠી છે. રીસામણે બેઠેલી ભાભીનાં સમાધાન માટે કાજલબેન ઘાવરી ગઈ હતી. ત્યારે ભાભી નૈનાબેન તેનાં ભાઈ અભી અને તેની માતા ઈલાબેને હુમલો કર્યો હતો. જે અંગે કાજલબેન ઘાવરીને માઠુ લાગી આવતા એસીડ અને ફીનાઈલ પી લીધ હોવાનો આક્ષેપ કરવામા આવ્યો છે. આક્ષેપનાં પગલે પ્રનગર પોલીસે નોંધ કરી વધુ તપસ હાથ ધરી છે.

# હત્યાની કોશિશના ગુનામાં હિસ્ટ્રીશીટર નવાબ શેખના જામીન મંજૂર કરતી કોર્ટ

## જૂની અદાવતમાં બાળ આરોપી સહિત ત્રણ શખ્સે રિક્ષામાં પીછો કરી છરીથી જીવલેણ હુમલો કર્યો'તો

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરના રૈયા રોડ ઉપર આવેલ આલાપ ગ્રીન સિટી ચોક પાસે નજીવી બાબતે હત્યાની કોશિશના ગુનામાં જેલ હવાલે રહેલા હીસ્ટ્રીશીટર નવાબ શેખના જામીન સેશન્સ અદાલતે મંજૂર કર્યા છે.

શહેરના રૈયા રોડ પર આવેલી તુલસી સુપર માર્કેટ નજીક આલાપ ગ્રીન સિટીમાં રહેતા અંકિત ભીખુભાઈ સોલંકી અને અજય સમેચાર આલાપ ગ્રીન સિટી પાસે રેંકડીમાં ફ્રુટ ભરતા હતા. ત્યારે જૂની અદાવતનો ખાર રાખી બાળ કિશોર આરોપી તેમજ અમીન કાદરભાઈ કટારીયા ખુલ્લી છરી સાથે પાછળ દોડી નવાબ ફઝલભાઈ શેઠની રિક્ષામાં પીછો કરી છાતીમાં છરીથી હુમલો કર્યાની બાળ આરોપી સહિત ત્રણ ફરિયાદ નોંધાવી હતી. ત્યારે બચાવવા વચ્ચે પડેલા સાથી ધંધાર્થી અજય સમેચારને લાગી જતા બંનેને સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. આ કેસમાં પોલીસે સહ આરોપી નવાબ ફઝલભાઈ શેખની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા જેલ હવાલે કર્યો હતો. બાદ નવાબ શેખે જામીન પર મુક્ત થવા



એડવોકેટ

અદાલતમાં અરજી કરી હતી, જે જામીન અરજીની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆતોમાં બચાવ પક્ષના એડવોકેટ દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ જેમકે સાહેદોના નિવેદનો અને ડી.ડી. કે મેડિકલ પેપર્સ જોતા આરોપી નવાબનો રોલ દર્શાવેલ નથી. જે દલીલો ધ્યાને લઈ અદાલતે નવાબ શેખને જામીન પર મુક્ત કરતો હુકમ કર્યો છે.

આ કેસમાં આરોપીઓ વતી એડવોકેટ રોહિતભાઈ ઘીયા, હર્ષ ઘીયા અને રિદ્ધિબેન ખંધેડીયા રોકાયા હતા.

# રાજકોટ પંથકમાં જુદા જુદા બે સ્થળે બે પરણિતાનો ગૃહક્લેશથી કંટાળી આપઘાતના પ્રયાસ

## અલગ અલગ ત્રણ જગ્યાએ પરણિતા સહિત ત્રણે ફિનાઈલ પી લેતા તબિયત લથડી

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરની ભાગોળે આવેલા હડાળા અને અમરગઢ ભીચરી ગામે રહેતી બે પરણીતાએ ગૃહ કલેશથી કંટાળી ફિનાઈલ પી લીધું હતું. આરઘાતનો પ્રયાસ કરનાર બન્ને પરણીતાને સારવાર માટે ખસેડવામાં આવી હતી.

આ બનાવ અંગે પોલીસમાંથી મળતી વિગત મુજબ હડાળા ગામે રહેતી નિશાબેન હર્ષદભાઈ પરમાર (ઉ.વ.૨૯) અને અમરગઢ ભીચરી ગામે રહેતી મોનીકાબેન મેહુલભાઈ હુંબલ (ઉ.વ.૨૮) પોતપોતાના ઘરે હતી ત્યારે ગૃહ કલેશથી કંટાળી ફિનાઈલ પી લીધું હતું.

બન્ને પરણીતાનું ઝેરી અસર થતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી.

અન્ય બનાવમાં ભગવતીપરામાં આવેલી જયનંદનવન સોસાયટીમાં રહેતી ભાગ્યેશ્રીબેન રમેશભાઈ સોલંકી (ઉ.વ.૨૭) ધરમ નગર આવાસ યોજનાના ક્વાટરમાં રહેતા યશ પરસોતમભાઈ વાઘેલા (ઉ.વ.૨૦) અને આજી જીઆઈડીસીમાં આવેલા આંબેડકર નગરમાં રહેતા હિતેશ પુજાભાઈ પરમાર ઉ.વ.૨૩ પોતપોતાના ઘરે હતા ત્યારે કોઈ અગમ્યકારણસર ફિનાઈલ પી લીધું હતું. ત્રણેયની તબીયત લથડતા સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટ પંથકને ધમરોળતી તસ્કર ટોળકી ઝડપાઈ

## એક મહિનામાં સાત ગુનાને અંજામ આપનાર ત્રિપુટી પાસેથી ૩૧ હજારનો મુદ્દામાલ જપ્ત; બે શખ્સોની શોધખોળ

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ ગ્રામ્યમા વાડી વિસ્તારમાથી કેબલ વાયરની ચોરી કરતી ગેંગના ત્રણ શખ્સોને વિછીંયા પોલીસે ઝડપી લઈ રૂ.૩૧૦૦૦ નો મુદામાલ જપ્ત કર્યો હતો. આરોપીની પુછપરછમા તેમણે ૭ ગુના કર્યાની કબુલાત આપી હતી.

વધુ વિગતો મુજબ તા. ૧૮ એપ્રિલનાં રોજ મોટા હડમતીયા ગામે આવેલા ટેલીફોન એક્ષચેંજનાં મકાનમાથી કેબલ વાયરની ચોરી થયાની ફરીયાદ વિંછીયા પોલીસ મથકમા નોંધવામા આવી હતી. આ ઘટનામા વિંછીયા પોલીસે ગુનાનો ભેદ ઉકેલવા પેટ્રોલીંગ કરી રહી હતી તે સમયે વિંછીયા પોલીસનાં વિપુલભાઈ રાજપરા, અશોકભાઈ સોસા અને વિક્રમસિંહ ગોહીલ સહીતનાં સ્ટાફે ઓરી ગામથી મોટી લાખવડ તરફ જવાના રસ્તે ૩ શખ્સો પ્લાસ્ટીકની કોથળીમા કોઈ



ચીજવસ્તુ ભરેલી લઈને જતા હતા અને તેઓએ પોલીસને જોઈને દોટ મુકતા પોલીસે તુરંત આરોપીઓને અટકાવી તલાસી લેતા ૧૫ હજારનો કોપર વાયર મળી આવ્યો હતો. તેમની પુછપરછ કરતા તેમણે હડમતીયા ગામે ટેલીફોન એક્ષચેંજનાં મકાનમાથી ચોરી કર્યાની કબુલાત આપી હતી.

આરોપીઓની પુછપરછમા પોતે પોતાનુ નામ ચોટીલાનાં પ્રવિણ બબા પરમાર, બાબરાનાં મોટા દેવળીયાનાં સુરેશ નટુ સોલંકી અને મુકેશ બાબુ સોલંકી હોવાનુ જણાવ્યુ હતુ. તેઓ પાસેથી કુલ ૩૧ હજારનો મુદામાલ જપ્ત કર્યો હતો. ત્રણેયની પુછપરછમા મોટા દેવળીયાનાં હનુ ઉર્ફે ટેટીયો સુરા ટપુ વાઘેલા અને અનીલ કિશોર વાઘેલાનુ નામ આપતા તેમની શોધખોળ શરૂ કરી છે. હનુ અગાઉ મારામારી અને ચોરાનાં ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુકયો છે.

આ ટોળકીએ એક મહીનામા રાંદલનાં દડવા ગામે, મોટા દેવળીયા, ઝુંડાળા ગામ, દેવળીયા વાસાવડ રોડ પર, રાણીપડા ગામ એમ કુલ ૭ જગ્યા પર ચોરીને અંજામ આપ્યો હતો.

આરોપીઓની પુછપરછમાં પોતે દિવસનાં સમયે બાઈક પર સીમ અને વાડી વિસ્તારમા રેકી કરતા હતા અને રાત્રીનાં સમયે આખી ટોળકી વાયર કાપવાનાં હથીયારો લઈ ચોરી કરતી હતી. તેમજ ચોરીનાં સમયે કોઈ પ્રતીકાર કરે તો પથ્થર મારવા માટે ગીલોર સાથે રાખી તેમજ કેબલ વાયરની ચોરી કરી

# રાજકોટમાં વેપારીને આવેલો બ્રેઈન સ્ટ્રોક નીવડ્યો જીવલેણ

## સદભાવના વૃદ્ધાશ્રમમાં વૃદ્ધાનું બેભાન હાલતમાં મોત

**સમય મિરર | રાજકોટ**

રાજકોટ શહેરમાં ગંગોત્રી મેઈન રોડ ઉપર આવેલ પામ યુનિવર્સ સોસાયટીમાં રહેતા વેપારીનું બ્રેઈન સ્ટોકથી મોત નિપજતા પરિવારમાં અરેરાટી સાથે શોકની લાગણી પ્રસરી હતી.



આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ ગંગોત્રી મેઈન રોડ ઉપર આવેલ પામયુનિવર્સ સોસાયટીમાં રહેતા રોમલભાઈ વિજયચંદ્ર કડેસરિયા નામના ૫૧ વર્ષના વેપારી પોતાના ઘરે હતા ત્યારે સાંજના ચારેક વાગ્યાના અરસામાં બ્રેઈન સ્ટોક આવતા બેભાન હાલતમાં ઢળી પડ્યા હતાં. આધેડને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવમાં આવ્યા હતાં.

જ્યાં તેમનું મોત નિપજતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. મૃતક આધેડ ચાર ભાઈમાં મોટા હતાં. અને તેને સંતાનમાં એક પુત્ર હતો.

બીજા બનાવમાં સદભાવના વૃદ્ધાશ્રમમાં આશ્રય લઈ રહેલા ચંદ્રીકાબેન પ્રતાપરાય વ્યાસ ઉ.વ.૭૫નું બેભાન હાલતમાં મોત નિપજ્યું હતું. ઉપરોક્ત બન્ને બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

# ઉનાના નાલીયા માંડવી ગામે સગાભાઈએ કુહાડી ઝીંકી માડીજાયાની હત્યા કરી લાશને કબ્રસ્તાનમાં દફનાવી દીધી

## વારંવાર ઝઘડો કરતાં ભાઈની વહેલી સવારે હત્યા કરી અને કોઈને જાણ કર્યા વગર બપોરે દફનવિધિ કરી નાંખી

**સમય મિરર । ઉના**

ઉનાનાં નાલીયા માંડવી ગામે વારંવાર ઘરમાં ઝઘડો કરતાં યુવાનને પોતાના જ સગા ભાઈએ કુહાડી જેવાં ધાતક હથીયારથી ગળાંનાં ભાગે જીવલેણ ઘા મારીને હત્યા કરી નાખ્યાં બાદ કોઈને જાણ કર્યા વગર પરિવારનાં સભ્યો દ્વારા કબ્રસ્તાનમાં દફનવિધિ કરી નાંખી હતી. ચાદર વિધી કર્યા બાદ ઘરે ફાતિયાની અંતિમ વિધી ચાલતી હતી એ વખતે જ પોલીસનો મોટો કાફલો નાલીયા માંડવી ગામે પહોંચી વિધીમાં હાજર હત્યા કરનાર આરોપીને ઉઠાવી પુછપરછ કરતાં હત્યાનો ભેદ ઉકેલાયો હતો. ત્યારબાદ કબ્રસ્તાનમાં જઈ લાશને કબરમાંથી બહાર કાઢી ઉના હોસ્પિટલમાં પી.એમ માટે ખસેડી મૃતકનાં ભાઈની ફરીયાદ નોંધી આરોપી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



પોલીસ સૂત્રોના જણાવ્યાનુસાર નાલીયા માંડવી ગામે રહેતા હનિફ જમાલ શેખ તેમનાં પરિવારજનોમાં ચાર ભાઈ તેમજ એક બહેન સાથે રહે છે. હનિફને વારંવાર ઝઘડો કરવાની ટેવ હોય અને ગત રાત્રીના પણ ઘરમાં ભાઈઓ સાથે ઝઘડો કર્યા બાદ શાંત પાડી દીધો હતો. તા. ૨૧નાં સવારે સાત વાગ્યે પણ તેમનાં ભાઈ જાવીદ જમાલ શેખ સાથે હનિફ હાથમાં કુહાડી જેવાં ધાતક હથિયાર સાથે રાખીને ઝઘડો કરતાં એ ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં એ વખતે હનિફનાં હાથમાં રહેલી કુહાડી જાવિદ શેખએ ઝુંટવી પોતાનાં સગા ભાઈ હનિફ જમાલ શેખનાં ગળાનાં ભાગે મારી દેતાં તેનું ઘટના સ્થળે કમકમાટીભર્યુ મોત નિપજયું હતું. બાદમાં આ મામલો ઘરનો હોવાથી ઘરનાં સભ્યોએ કોઈને જાણ કર્યા વગર મૃતક હનીફની દફનવિધિ કબ્રસ્તાનમાં કરી નાખી હતી. પરંતુ દફનવિધિમાં હાજર મૃતકનાં ભાઈ ઈબ્રાહીમ જમાલ શેખ હાજર હતો. તેણે પોલીસને જાણ કરતાં ઉના નવાબંદર અને એલસીબી પોલીસનો મોટો કાફલો નાલીયા માંડવી ગામે ગોઠવી દીધો હતો અને કબ્રસ્તાનમાં અંતિમવિધિ પૂરી કરીને મૃતકના પરિવારજનો સગા સંબંધીઓ દ્વારા ઘરે ફાતીયાની વિધી ચાલતી હતી. તેમાં નાનાં ભાઈની હત્યા કરનાર જાવીદ જમાલ શેખ પણ હાજર હતો જેને પોલીસે ઉઠાવી પુછપરછ કરતાં તેણે તેનાં સગાભાઈની હત્યા કરી હોવાનું કબૂલ્યું હતું. આ ઘટનાની જાણ પોલીસએ ઊના પ્રાન્ત અધિકારી અને મામલતદારને કરતાં કબ્રસ્તાન ખાતે દોડી આવીને મુસ્લિમ સમાજનાં અગ્રણીની ઉપસ્થિતિમાં કબરમાંથી મૃતદેહ બહાર કાઢીને ઉના સરકારી હોસ્પિટલ ખાતે પી.એમ માટે ખસેડી મૃતકનાં ભાઈ ઈબ્રાહીમ જમાલ શેખની ફરીયાદ નોંધી જાવિદ જમાલ શેખ વિરુદ્ધ હત્યા અને પુરાવાઓ નાશ કર્યા અંગે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સગા ભાઈએ ભાઈની હત્યા કર્યાના સમગ્ર ઘટનાક્રમથી સ્થાનિક વિસ્તારમાં સનસનાટી મચી જવા સાથે ભારે ચર્ચા ઉદભવી છે.



# 'સમય મિરર'ના તંત્રી હિનેશભાઈ પંચોલીનો આજે જન્મ દિવસ

રાજકોટમાંથી પ્રસિદ્ધ થતાં સુપ્રસિદ્ધ ડેઈલી મોર્નિંગ સમય મિરર અખબારના તંત્રી હિનેશભાઈ પંચોલીનો આજે જન્મ દિવસ છે. અખબારી વ્યવસાય ઉપરાંત એક સફળ બિઝનેસમેન તરીકે રાજકોટ-સૌરાષ્ટ્ર સહિત ગુજરાતભરમાં ખુબ જ નાની ઉંમરે ખ્યાતિ પ્રાપ્ત એવા હિનેશભાઈ પંચોલી હંમેશા પોતાના પરોપકારી સ્વભાવને કારણે જનજનમાં ભારે આદરભર્યુ સ્થાન ધરાવે છે. અખબારી આલમમાં નિડર અને તટસ્થ ભૂમિકાના કારણે વાંચક વર્ગમાં પણ તેઓ બહોળી લોકચાહના ધરાવે છે. સમયાંતરે વિવિધ સામાજીક, ધાર્મિક અને અન્ય સેવાકીય કાર્યો માટે તેઓ ક્યારેય પાછીપાની કરતા નથી. લોકહિતની સમસ્યાઓને સદા વાચા આપવામાં ઘણી વખત તેઓએ અંગત સબંધોને કોરાણે મુક્યા હોય તેવા અગણિત દાખલાઓ છે. નિર્ભિક રીતે કલમ ચલાવી લોકહિતના પ્રશ્નોને સાકાર કરતા તેઓ 'સમય મિરર'ની ટેગલાઈન 'સમયની સાથે,સત્યની સાથે'ને બખૂબી ચરિતાર્થ કરી રહ્યા છે. આજના દિવસે હિનેશભાઈ પંચોલીને તેમના મોબાઈલ નં. ૯૯૦૯૮ ૮૮૮૪૪ પર તેઓના સ્વસ્થ દિર્ધાયુ અને યશસ્વી કારકીર્દી માટે શુભેચ્છાઓનો ધોધ વરસી રહ્યો છે.

# જામનગરમાં એરફોર્સના હેલિકોપ્ટરમાં ખામી સર્જાતા રંગમતી ડેમ નજીક ઈમરજન્સી લેન્ડિંગ

## ભારતીય સૈન્યની ટીમ તાકિદે સ્થળ પર પહોંચી : જાનહાનિ નહી થતાં તંત્રએ રાહત અનુભવી

**સમય મિરર । જામનગર**

જામનગર પંથકમાં હેલિકોપ્ટરનું ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું છે. એરફોર્સના હેલિકોપ્ટરમાં અચાનક કોઈ ખામી સર્જાતા રંગમતિ ડેમ નજીક તેનું ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું છે. ચંગા ગામ પાસે હેલિકોપ્ટરમાં ખામી આવતા ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું છે. જો કે આ ઘટનામાં કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ નથી અને હેલિકોપ્ટરનું ઈમરજન્સી લેન્ડિંગ કરાયા બાદ એરફોર્સની ટીમ ઘટના સ્થળે પહોંચી અને ખામી દુર કરીને હેલિકોપ્ટર પરત એરફોર્સ સ્ટેશન ફર્યુ છે.



સ્થાનિક પોલીસના જણાવ્યા અનુસાર, હેલિકોપ્ટરનું જામનગર એરફોર્સ સ્ટેશનથી લગભગ ૨૨ કિમી દૂર રંગમતી ડેમ નજીક એક ગામની સીમમાં સવારે ૧૧ વાગ્યે ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. જામનગર જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુએ કહ્યું, ''રંગમતી ડેમ પાસે કેટલીક સમસ્યાઓના કારણે ભારતીય વાયુસેનાના હેલિકોપ્ટરને ઈમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.''

પોલીસે પત્રકારોને જણાવ્યું કે ભારતીય વાયુસેનાના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા છે અને તપાસ શરૂ કરી છે. આ ઘટના અંગે વાયુસેનાએ હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડ્યું નથી.

તમને જણાવી દઈએ કે આ મહિનાની શરૂઆતમાં ૨ એપ્રિલે પણ જામનગરના કાલાવડ રોડ પર આવેલા સુવરડા ગામની સીમમાં જેગુઆર પ્લેન ક્રેશ થતાં દોડધામ મચી હતી. જે વિસ્તારમાં પ્લેન ક્રેશ થયું તે સમગ્ર વિસ્તારમાં આગની ઘટના બની હતી. જેમાં એક ટ્રેઈની પાઈલટનું ઘટના સ્થળે મોત થયું હતું, જ્યારે અન્ય એક ઈજાગ્રસ્ત પાઈલટને સારવાર હેઠળ હોસ્પિટલમાં ખસેડાયો હતો. ઘટનાની જાણ થતાં જ SP, કલેક્ટર અને ૧૦૮ સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. સૌથી પહેલા પાણીનો મારો ચલાવી તાત્કાલિક પ્લેનમાં લાગેલી આગને કાબૂમાં લીધી હતી અને ઈજાગ્રસ્ત પાઈલટને ૧૦૮માં સારવાર શરૂ કરી દેવાઈ હતી. આ ઘટનામાં બે પાઈલટ ટ્રેનિંગ અર્થે જેગુઆર ફાઈટર પ્લેન લઈને નીકળ્યા હતા, ત્યારે અચાનક કોઈ કારણસર પ્લેન ક્રેશ થયું હતું. જ્યા જઈને જોતા સમગ્ર વિસ્તાર આગની લપેટમાં જોવા મળ્યો હતો તો બીજી તરફ ફાઈટર પ્લેનના ટૂકડે ટૂકડા વિખેરેલા જોવા મળ્યા હતા.

બીજી તરફ સુવરડા ગામની સીમ વિસ્તારમાં આ ફાયટર પ્લેન ક્રેશ થતા દૂર દૂર સુધી ધૂમાડાના ગોટેગોટા જોવા મળ્યા હતા. ફાઈટર પ્લેનના અનેક ટુકડાઓ ઠેર-ઠેર પડ્યા હતા. પ્લેન ક્રેશ થતાની સાથે જ આસપાસના ગ્રામ્ય વિસ્તારના લોકો ઘટના સ્થળે ઉમટ્યા હતા. તંત્ર પણ તાત્કાલિક સ્થળ પણ દોડી આવ્યું હતું. આસપાસના વિસ્તારમાં અને ખેતરમાં આગ લાગી હતી. આ બનાવ બાદ ૫ ફાયર ફાયટર દ્વારા આગ બુઝાવવામાં આવી હતી.

# મહુવામાં ભાજપના ચાલતા જૂથવાદથી નગરપાલિકા સુપરસીડ થવાની શક્યતા

## આજે બજેટ રજૂ નહીં થાય તો વહિવટદાર પાસે શાસન રહેવાની સંભાવના : મોવડી મંડળ સક્રિય થયું

**સમય મિરર । મહુવા**

ગુજરાતમાં ભાજપમાં ભાગલા પડ્યા હોવાની ઘટના સામે આવી રહી છે. લોકસભાની ચૂંટણીના પરિણામ જાહેર થયા બાદ ભાજપનો જુથવાદ સપાટી પર આવ્યો હોવાના અનેક કિસ્સાઓ સામે આવ્યા છે. ત્યારે ભાવનગર જિલ્લાના મહુવાની નગરપાલિકાની જુથવાદ સપાટી પર આવ્યો છે. જેના કારણે બજેટ રજૂ કરવામાં વિલમ થતાં નગરપાલિકા સુપરસીડ થાય તેવી શક્યતાઓ વહેતી થઈ છે. આજે બજેટ રજૂ કરવામાં ભાજપના શાસકો નિષ્ફળ રહેશે પણ શાસન વહીવટદાર પાસે રહેવાની સંભાવના નિષ્ણાંતોએ કરી છે.

ભાવનગરની મહુવા નગરપાલિકા પ્રાદેશિક કમિશ્નરના તાબામાં આવશે તેવા સંકેતો મળી રહ્યા છે. મહુવા નગરપાલિકામાં ભાજપ (BJP)ના ૨૫ સભ્યો વચ્ચે જૂથવાદના કારણે વિવાદ સર્જાયો છે. બજેટ સામે ૧૯ સભ્યોએ દરખાસ્ત રજૂ કરી હતી. ૨૨ એપ્રિલ બજેટ રજૂ કરવાની છેલ્લી તારીખ છે. જો બજેટ પસાર નહીં થાય તો પાલિકા સુપરસીડ થઈ શકે છે. તેથી આ પાલિકાનો વહીવટ ભાજપના કોર્પોરેટરો પાસે રહે જ નહીં તથા વહીવટદાર પાસે રહે તેવી સંભાવના છે.




આ સંદર્ભે પ્રાદેશિક કમિશનરે નગરપાલિકા પ્રમુખ સહિત ૩૬ કોર્પોરેટરોને નોટિસ મોકલી તેમનો જવાબ માંગ્યો છે. ભાવનગરની મહુવા નગરપાલિકામાં બજેટ રજૂ કરવાની છેલ્લી તારીખ આજે છે. જો આજે બજેટ રજૂ નહીં થાય તો પાલિકા નિયંત્રણમાં આવે તેવી શક્યતાઓ છે. ભાજપમાં આંતરિક વિખવાદના કારણે પાલિકા કમિશ્નરના તાબામાં આવે તેવી શકયતા વ્યક્ત કરવામાં આવી છે.

પ્રદેશ કમિશનરે પાલિકા પ્રમુખ સહિત ૩૬ કોર્પોરેટરોને નોટિસ ફટકારી છે. તેમણે આ મુદ્દે સ્પષ્ટતા પણ માંગી છે. હાલમાં પાલિકાના ૩૬ કોર્પોરેટરોમાંથી ૨૫ ભાજપના, પાંચ કોંગ્રેસના અને ૬ સમાજવાદી પાર્ટીના છે. ભાજપના ૨૫ સભ્યોમાંથી ૧૯ સભ્યોએ બજેટના વિરોધમાં મતદાન કરતાં બજેટ મંજૂર થયું ન હતું. આના પગલે પ્રાદેશિક કમિશનર દ્વારા આ તમામ સભ્યોને નોટિસ પાઠવવામાં આવી છે.

નિયમ મુજબ બજેટ પાસ કરવાની છેલ્લી તારીખ ૨૨ એપ્રિલ છે.બીજી તરફ રાજ્ય સરકારે મહુવા નગરપાલિકાને પણ નોટિસ મોકલી છે. આ નોટિસમાં સરકારે શા માટે નગરપાલિકાને કબજો લેવામાં ન આવે તે અંગે ખુલાસો માંગ્યો છે. બીજી તરફ નગરપાલિકા પ્રમુખ ૨૨મી એપ્રિલે સામાન્ય સભા બોલાવવાના હતા, પરંતુ સભ્યોને આ અંગે કોઈ સૂચના મળી નથી.

## વિવાદીત વિશ્વ વિદ્યાલય ફરી વખત વિવાદમાં આવી

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની B.Comની પરીક્ષામાં ખુલ્લેઆમ ચોરી, સ્કીન શોટ મિડિયામાં વાયરલ

### અમરેલીની સિતારામ કોલેજમાં લેવાતી પરીક્ષાના ઉત્તરો વિદ્યાર્થીના વોટ્સએપ ગ્રુપમાં વાયરલ થયાનો CYSSનો આક્ષેપ : ઉત્તરવહીના ફોટા પાડી ગ્રુપમાં મુકાયા : સમગ્ર ગુજરાતમાં ખળભળાટ



**સમય મિરર । રાજકોટ**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી છાસવારે વિવાદમાં આવી રહી છે. વિદ્યાર્થીઓના અભ્યાસને સાઈડ પર મુકી અંગત સ્વાર્થ ખાતર સતત વિવાદો થઈ રહ્યા છે. ત્યારે પરિક્ષાને લઈને વધુ એક નવો વિવાદ સામે આવ્યો છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા ચાલતી પરીક્ષામાં અમરેલી ખાતે આવેલી એક કોલેજમાં બીકોમનું પેપર વિદ્યાર્થીઓના વોટ્સએપ ગ્રુપમાં વાયરલ થયું છે. વાયરલ થયેલા સ્કીન શોટમાં વિદ્યાર્થીઓ એકાબીજા પાસે જવાબ માંગી રહ્યા છે. સ્કવોડ આવે છે કે નહીં તેવુ પણ પુછી રહ્યા છે અને એક વિદ્યાર્થીએ જવાબવહીનો ફોટો પણ ગ્રુપમાં મુક્યો છે. આ અંગે સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાતના શિક્ષણ જગતમાં ખળભળાટ મચી ગયો છે.




આ મામલે આમ આદમી પાર્ટીની વિદ્યાર્થી પાંખ છાત્ર યુવા સંઘર્ષ સમિતિના કાર્યકર્તાઓને આ જ કોલેજના એક વિદ્યાર્થી દ્વારા વ્હોટ્સએપ મેસેજના સ્કીનશોટ મોકલવામાં આવ્યા હતા, જેમાં વિદ્યાર્થી ઓએ 'મોકલને અને સ્કવોડ આવે છે કે નહીં' એવી વાતચીત પણ કરેલી છે. આ ઉપરાંત એમાં નફા-નુકસાન ખાતાના જવાબો પણ જોવા મળે છે તેમજ CYSSએ આ અમરેલીની એમ.ડી. સીતાપરા કોલેજ હોવાનો દાવો કર્યો છે.

ગત ગુરુવાર અને શનિવારના વ્હોટ્સએપ સ્કીનશોટ સામે આવ્યા છે, જેમાં વિદ્યાર્થીઓ એકબીજાને ચાલુ પરીક્ષાએ પ્રશ્નોના જવાબો પૂછે છે, જેનો મતલબ એ થયો કે કોલેજમાં વિદ્યાર્થીઓ મોબાઈલ સાથે પરીક્ષા આપે છે. પરીક્ષા શરૂ થાય એ સાથે જ વ્હોટ્સએપ ગ્રુપમાં જવાબો આવવાના શરૂ થઈ જાય છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં ન આવતાં વારંવાર પેપર લીકની ઘટના બને છે. તેવી રાવ છાત્રોમાં ઉઠી છે.

### તપાસ સોંપી દેવાઈ છે, કોલેજ પાસે ખુલાસો મંગાયો : કુલપતિ

આ અંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો. ઉત્પલ જોશીએ કહ્યું હતું કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પરીક્ષા દરમિયાન અમરેલીની એક કોલેજમાં ગેરરીતિ થતી હોવાની રજૂઆત એક રાજકીય પાર્ટીના વિદ્યાર્થીનેતાઓ દ્વારા કરવામાં આવેલી છે. તેમના દ્વારા ચાલુ પરીક્ષા દરમિયાન ઉત્તરવહીના ફોટો કોલેજના વ્હોટ્સએપ ગ્રુપમાં વાઈરલ થયા હોય એવા સ્કીનશોટ આપવામાં આવ્યા છે. આ માસ કોપીકેસનો પ્રશ્ન છે, જેમાં મોબાઈલ નંબરના આધારે વિદ્યાર્થીઓ કોણ છે એની તપાસ કરવામાં આવશે અને જરૂર લાગશે તો તપાસ કમિટીની પણ રચના થશે. સૌપ્રથમ તો કઈ કોલેજના વિદ્યાર્થીઓ છે એ તપાસવામાં આવશે અને ત્યાર બાદ એ કોલેજના પ્રિન્સિપાલ સહિતનાની પૂછપરછ કરવામાં આવશે અને જરૂર જણાશે તો પરીક્ષા રદ પણ કરવામાં આવશે.

### બે દિવસમાં કાર્યવાહી કરવા માંગ કરાઈ : CYSS

આ અંગે આમ આદમી પાર્ટીની CYSSના પ્રદેશ ઉપપ્રમુખ સૂરજ બગડાએ જણાવ્યું હતું કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ફરી એક વખત પેપર લીકની ઘટના સામે આવી છે, જેમાં બીકોમ સેમેસ્ટર ૪ની પરીક્ષા દરમિયાન અમરેલીની કોલેજના વિદ્યાર્થીઓના વ્હોટ્સએપ ગ્રુપમાં ૧૦.૩૦ વાગ્યે પેપર શરૂ થતા જ પ્રશ્નોના જવાબો વાઈરલ થયા હતા. આ સ્કીનશોટ અનેક ગ્રુપમાં વાઈરલ થયા હોવાનું જાણવા મળ્યું છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન અમરેલીની એમ.ડી. સીતાપરા કોલેજમાં ગેરેરીતિ થતી હોવાના કિસ્સા અંગે વોટ્સએપ સ્કીનશોટ કુલપતિને આપેલા છે, જેમાં પરીક્ષા શરૂ થતાં જ આ કોલેજના ગ્રુપમાં જવાબોના સ્કીનશોટ આવી જાય છે, જેથી અમારી સ્પષ્ટ માગણી છે કે આ પ્રકરણમાં ૪૮ કલાકમાં પગલાં લેવામાં આવે અને પરીક્ષા કેન્દ્ર તાત્કાલિક રદ કરવામાં આવે. મોબાઈલ જો પરીક્ષા સેન્ટરમાં લઈ જવામાં આવે છે ત્યારે કોલેજ શું કરે છે? શું સીસીટીવી દ્વારા મોનિટરિંગ નથી થતું કે કોઈ કોલેજ સાથે આ પ્રકારની બાંધછોડ કરવામાં આવે છે.

# રાજકોટનો મિજાજ



રાજકોટને રંગીલુ અને મોજીલુ માનવામાં આવે છે. અહીંના લોકો વિશે કહેવાય છે કે, જીંદગીની દરેક સમસ્યાનો ઉકેલ છે રાજકોટના લોકો તેના ખુશ્નુમા મિજાજ માટે જાણીતા છે અહીં માત્ર કમાવાની હોડ નહીં પણ પૈસા વાપરવાની સ્પર્ધા જોવા મળે. રાજકોટનો એક મિજાજ રહ્યો છે ગમે તેવો ધમધોકાર ધંધો હોય ખોબલે ખોબલે કમાતો વેપારી હોય કે નાની મજુરી કરતો વ્યક્તિ હોય તેના માટે બપોરના બેથી ચાર તો આરામનો સમય જ હોય ભાગદોડ અને કમાવાની હરિફાઈમાં પણ બે કલાક તો આરામ કરી જ લે છે તે આ તસ્વીર સ્પષ્ટ બોલે છે.

## ભાવનગરની ગિરનાર સોસાયટીમાં ધારાસભ્યનો ઘેરાવ

# જીતુભાઈ વાઘાણી તમારી પાંઉભાજી-ભજિયાંની ભૂખ નથી, પાણીની તરસ છે : મતદારોમાં રોષ

## છેલ્લા ૧૨ મહિનાથી રસ્તા, પાણી અને ગટરની સુવિધા નહી મળતી હોવાથી મતદારો ત્રાહિમામ : માત્ર ચૂંટણી સમયે જ જનસેવક દેખાતા હોવાની રાવ

**સમય મિરર । ભાવનગર**

ગુજરાતમાં મતદારોના મુખે એક વાત સૌથી ફેમસ છે અને તે વાત વારંવાર મતદારો વાગોડતા હોય છે અને આ વાત ઘણાખરા અંશે સાર્થક પણ થતી જોવા મળે છે. ગુજરાતમાં ચૂંટણીને એક અવસર તરીકે લોકો ઉજવે છે. અને પોતાના વિસ્તારના જનસેવકને ખોબલે ખોબલે મત આપતા હોય છે. પરંતુ આ જનસેવકો પ્રજા સાથે દ્રોહ કરતા હોય તેવા બનાવો ઘણી વખત પ્રજાના મુખે સાંભળવા મળે છે. ચૂંટણી સમયે જ નેતાઓ પોતાના મત વિસ્તારમાં દેખાતા હોય છે. અને ચૂંટાઈ ગયા બાદ અદ્રશ્ય થઈ જતા હોવાની રાવ મતદારોમાં જોવા મળતી હોય છે.



આવો જ કિસ્સો ભાવનગરમાં સામે આવ્યો છે. જેમાં એક વીડિયો વાયરલ થયો છે. આ વીડિયોમાં ભાવનગરના ધારાસભ્ય જીતુભાઈ વાઘાણીનો તેમના મત વિસ્તારના મતદારો દ્વારા ઘેરાવ કરવામાં આવ્યો હતો અને પોતાના વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાઓ નહીં મળતી હોવાનો રોષ ઠાલવ્યો હતો. મતદાતાઓએ જીતુભાઈ વાઘાણીને અગાઉ પણ અનેક વખત પ્રાથમિક સુવિધાઓ બાબતે રજૂઆત કરી હતી. પરંતુ પરિણામ નિરાશાજનક રહ્યું હોવાની હૈયાવરાળ ઠાલવી હતી. ત્યારે વધુ એક વખત જીતુભાઈ મત વિસ્તારમાં જતાં લોકોએ પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો.

વાયરલ થયેલા વીડિયોમાં મળતી વિગત મુજબ ભાવનગરની ગીરનાર સોસાયટીમાં ધારાસભ્ય જીતુભાઈ વાઘાણી દ્વારા જાહેર કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ જાહેર કાર્યક્રમમાં ધારાસભ્ય દ્વારા પ્રજાજનો માટે પાંઉભાજી અને ભજિયાનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં લોકો ખાવા નહીં પરંતુ પોતાની વ્યથા ઠાલવવા ઉમટી પડ્યા હોય તેવું દ્રશ્ય જોવા મળ્યું હતું. આ વીડિયોમાં સ્થાનિક મહિલાઓએ જીતુભાઈ વાઘાણીનો ઘેરાવ કરી જણાવ્યું હતું કે, તમારી પાંઉભાજી અને ભજિયા પાર્ટીના અમે ભુખ્યા નથી પરંતુ છેલ્લા ઘણા સમયથી પુરતુ પાણી નહીં મળતું હોવાથી તરસ્યા છીએ. જીતુભાઈ વાઘાણી માત્ર ચૂંટણી સમયે જ મત વિસ્તારમાં આવ્યા હતાં. ત્યાર બાદ આજે દેખાયા છે. તેવો રોષ પણ મતદાતાઓએ ઠાલવ્યો હતો.

વાયરલ વીડિયોમાં મહિલાઓએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ગિરનાર સોસાયટીમાં છેલ્લા ૧૨ મહિનાથી પુરતા પ્રમાણમાં પાણી આપવામાં આવતું નથી. રસ્તાઓ પણ મગરની પીઠ સમા થઈ ગયા છે. જેમાં વાહન ચાલકો અને રાહદારીઓને અકસ્માતનું જોખમ દેખાઈ રહ્યું છે. ગટરના ઢાંકણાઓ પણ તુટેલી હાલતમાં છે. અને વારંવાર ગટર ઉભરાઈ રહી છે. આ બાબતે અગાઉ રજૂઆત કરીહતી. ત્યારે માત્ર ધારાસભ્ય દ્વારા આશ્વાસન આપવામાં આવ્યુ હતું. પરંતુ આજ દિવસ સુધી આ પ્રાથમિક સુવિધાઓ આપવામાં આવી નથી. પોતાના મત વિસ્તારમાં ચુંટાયેલા સભ્યોએ મતદાતાઓનું અવાજ અને વ્યથા સાંભળવી જોઈએ તેવુ સ્થાનિક મહિલાઓએ આક્રોશ સાથે જીતુવાઘાણીને રજૂઆત કરી હતી.